શ્રી રામચન્દ્રજીસ્વામીનું જીવન-વૃત્તાન્ત

છપાવી પ્રસિદ્ધ કરનાર—

શેઠ ભીમજીભાઈ પુંજાભાઈ

ક્રૉફર્ડ માર્કેટ, મુંબઈ.

બ્રહ્મર્ષિ શ્રી ૧૦૮

શ્રી રાઘવજીશર્માનું જીવન-વૃત્તાન્ત.

(તત્સમ્બન્ધમાં વિવિધ વિષય પર ચર્ચા, વિચાર, દૃષ્ટાંત, સિદ્ધાન્ત વગેરે).

રચનાર,
લવાણા ઠક્કર નાનજી મૂળજી.
ભુજ (કચ્છ).


છપાવી પ્રસિદ્ધ કરનાર,
શેઠ ખીમજીભાઈ પુંજાભાઈ.
મોદીખાના, કોટ-મુંબઈ.

સંવત ૧૯૭૨. સને ૧૯૧૬.
આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

વિનામૂલ્ય.

શ્રી 'સત્યનારાયણ' પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ મોતીલાલ
કાળીદાસે છાપ્યું. ઠે. સિવિલ હૉસ્પિટલ સામે
પાનાભાઈની વાડી—અમદાવાદ.

બ્રહ્મર્ષિ શ્રી ૧૦૮ શ્રી રાઘવજી શર્મા.



જન્મ સં. ૧૮૮૪ આસો સુદ ૩.   અવસાન સં. ૧૯૬૯ શ્રાવણ વદ ૬.

લક્ષ્મી આર્ટ ભાયખળા. મુંબઈ.

અર્પણપત્રિકા.

મુરબ્બી ભાઈ વિશનજી રાઘવજી જોશી.

કચ્છ રાજ્યના ઘોડાર સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબ.

ભુજ (કચ્છ).

માનવંતા સાહેબ,

ભુજ ટ્રેનિંગ કલાસમાં સંવત ૧૯૩૬ ની સાલે સહાધ્યાયી હતા, ત્યારથી અદ્યપર્યન્ત જો કોઇ પણ એકરંગી મનુષ્યનો સહવાસ થયો હોય તો તે એકલા આપજ છો.

સારસ્વત તથા લવાણાને મદદ કરવી એ તો આપ એક ખાસ ફરજ સમજો છો. છતાં અન્ય જ્ઞાતિના વિદ્વાનો વા નિરાશ્રીતોને આશ્રય આપવાનું, ધનસંચય કરતાં આપ બેહેતર સમજો છો. આપની વિદ્વત્તા આપના અનેક ગ્રંથોથી પુરવાર થાય છે. ત્રિસંધ્યા, ગાયત્રી જપની સાથે શાંતિ, ગાંભીર્ય, બાહ્યાભ્યંતર શૌચ ઈત્યાદિથી આપ બ્રહ્મવેત્તા બ્રાહ્મણ છો. માબાપ-સેવાના ભક્ત તરીકે શ્રવણ છો. ઇત્યાદિ આપના સદ્ગુણોથી આકર્ષાઇ આપના પરમપૂજ્ય પિતા અને મારા પરમપૂજ્ય સદ્ગુરૂ બ્રહ્મર્ષિવર રાઘવજીનું ચરિત્ર-પુસ્તક અર્પણ કરવાને વધારે પાત્ર સમજી આપનેજ અર્પણ કરૂં છું, તે સ્વીકારી કૃતાર્થ કરશો.

આજ્ઞાધીન સેવક,

નાનજી મૂળજીના પ્રણામ.

મનને શિખામણ.

(રાગ–ભૈરવી. અથવા સોરઠમાં ચાલે.)

રે મન માની તું શીખ હું મારી, ભજ ગોવિન્દ મુરારી. ટેક.
ચંચલ ચિતડું હરિમાં જોડી, છોડી માયા નકારી. રે મન.
કુડી કાયા કુડી માયા, શિર સમર્પ ગિરિધારી. રે મન.
ભવરણમાં રગદોળાયા કંઈ, ખાખ થયા ખમી ખ્વારી. રે મન.
સુત સ્રીનો સંગાત જુઠો છે, રામ સાથ કર યારી. રે મન.
ધૈર્ય પિતા ધર ક્ષમાજ જનની, શાંતિ–સાથ સજ ભારી. રે મન.
સાધુ જનની શીખ સૂણી લે, વૈભવ નાખ વીસારી. રે મન.
કામ ક્રોધથી કલુષિત થાતાં, ભાવિ બગાડીશ તારી. રે મન.
ધામ ધરા ધન સગાં સંબંધી, સ્વારથીઆ અવિચારી. રે મન.
પરનિંદા અસિથી ખસી જાતું, શિર તુજ કાટન હારી. રે મન.
રંગ રાગ રસ નિર્ રસ જાણી, સારંગપાણિ સંભારી. રે મન.
માયા આગ લગી તુજ ઘટમેં, સિંચ ભક્તિરસ વારિ. રે મન.
જમડા જાન લઈને જાશે, કાયા ગઢ વિદારી. રે મન.
મોહનમાં મન જોડ જોડતું, વૈતરણી દે તારી. રે મન.
ભક્તિ, યોગ યા જ્ઞાન થકી તું, ભજી લે કુંજ વિહારી. રે મન.
શરણ નાનજી સદ્‌ગુરૂ ગ્રહીને, સન્ત ચરણ પદ ધારી. રે મન.
વિદ્યાધર સુત બ્રહ્મર્ષિવર, રાઘવ અતિ હિતકારી. રે મન.

પ્રસ્તાવના.

પ્રિય વાંચનાર! મહાન પિતા પરમેશ્વરે જેવી અદ્દ્ભુત રચનાથી આ બૃહદ્દબ્રહ્માન્ડ સરજ્યું છે, અર્થાત જે જે બનાવટ વિરાટ મૂર્તિ વિશ્વમાં આવિર્ભૂત થએલી છે, તેવીજ આબેહુબ રચના આપણા સાડાત્રણ હાથના શરીરમાં તેજ પિતાએ યોજી છે. ભૂઃ ભુવઃ સ્વઃ વગેરે સાત લોક ઉપર; અતલ, વિતલ, સુતલ, તલાતલ વગેરે સાત લોક નીચે; વળી ચન્દ્ર, સૂર્ય, નક્ષત્ર, સાગર, ઝાડ, પહાડ, નદી ઈત્યાદિ વિશ્વમાં પ્રકટ રૂપે દૃષ્ટિગોચર થાય છે, તે સઘળાં આ ક્ષુદ્ર બ્રહ્માન્ડ એટલે આપણા શરીરમાં મોજુદ છે. તાત્પર્ય એજ કે, બ્રહ્માન્ડ બિમ્બ છે, અને આપણું ન્હાનું સરખું શરીર પ્રતિબિમ્બ છે. નાગપંચમીની સ્વારીનો ફોટોગ્રાફ, જેમ ફોટોગ્રાફર ન્હાના સરખા કાચપર પાડી લેછે, તેમ સૃષ્ટિ-સરજનહાર અત્યન્ત ચતુર ફોટોગ્રાફરે માયાના કાચરૂપે, પંચભૂતના અત્યંત લઘુ પત્ર ઉપર અનંતકોટિ યોજન-વિસ્તૃત બ્રહ્માન્ડનો ચિતાર ચિતરી બતાવ્યો છે, તેજ આપણું શરીર. કહ્યું છે કે:—

देहेऽस्मिन् वर्तते मेरुः सप्तद्वीप समन्वितः । सरितः सागराः शैलाः क्षेत्राणि क्षेत्रपालकाः ॥ १ ॥ ऋषयो मुनयः सर्वे नक्षत्राणि ग्रहास्तथा । पुण्य तीर्थानि पीठानि वर्तन्ते पीठ

देवताः ॥ २ ॥ सृष्ट संहार कर्तारौ भ्रमन्तौ शशि भास्करौ। नभो वायुश्च वह्निश्च जलं पृथ्वी तथैव च ॥ ३ ॥ त्रैलोक्ये यानि भूतानि तानि सर्वाणि देहतः । मेरुं संवेष्टय सर्वत्र व्यवहारः प्रवर्तते ॥ ४ ॥ जानाति यः सर्वमिदं स योगी नात्र संशयः । ब्रह्माण्ड संज्ञके देहे यथा देशं व्यवस्थितः ॥ ५ ॥

શિવસંહિતા.

બ્રહ્માન્ડના નમુનાભૂત ભાસમાન થતું આ સાડા ત્રણ હાથનું મનુષ્ય શરીર પામી જેણે સત્સમાગમમાં આયુષ્યનો જરા પણ ભાગ ન ખરચ્યો તેનું જીવન પશુ કરતાં પણ અધમ છે. મહાપુરૂષો પરમાર્થ-પથના ભોમીઆ છે. ઘણા અવતાર સુધી ઇશ્વરભજન તથા તત્ત્વચિંતન કરવાથી મહાપુરૂષનું પદ પમાય છે. સબબ અનેક જન્મ સદાચારરત થવાથી પ્રજ્ઞા-પ્રસાદની તેમને પ્રાપ્તિ થાય છે. જે પ્રજ્ઞામાંથી વિવિધ પ્રકારના શાસ્ત્ર-પ્રવાહનું વહન થએલું છે. તે નિર્મળ પ્રજ્ઞાની પ્રાપ્તિથી પરમાર્થ-પથ તેમના ધ્યાનમાં આવી જાય છે. રસ્તાના જ્ઞાન વિના ઉન્માર્ગગામી થઈ જવાય અને અન્તે દુર્ગતિનો વખત આવે આથી મહાન પુરૂષોનો આશ્રય અવશ્યમેવ ગ્રહણ કરવા લાયક છે.

જગત્માં જડ અને ચૈતન્ય એમ બે ધર્મવાળા પદાર્થોની અસ્તિ ભાસે છે. જડની વ્યવસ્થા ચૈતન્યધર્મીને આધીન છે. ચૈતન્ય ધર્મવાળાં સઘળાં પ્રાણી દુઃખ ટાળવા અને સુખ સ-

મ્પાદન કરવા પ્રયત્ન કરતાં દેખાય છે. તેમાં મનુષ્ય સર્વોત્તમ છે. મનુષ્યોમાં પણ જ્ઞાનને લઇને સુખ દુઃખના વિચારમાં સામ્ય હોતું નથી. એકજ મનુષ્યને એક સ્થિતિ વા સમયનું સુખ બીજી સ્થિતિ વા સમયમાં દુઃખરૂપ ભાસે છે, વા તેથી વિરૂદ્ધ પણ ભાસે છે.

ઘણા મનુષ્યો સુખ માટે કનક, કાન્તા, અધિકાર, કીર્ત્તિ, પાંડિત્ય વગેરે ઇચ્છે છે, અને દુઃખ નિવારણ માટે ઓસડ, દાન, મંત્ર વગેરેનો આશ્રય કરે છે, પણ તેઓ કંગાળના કંગાળજ રહે છે. કારણ સુખની નિત્ય પ્રાપ્તિ અને દુઃખની તદ્દન નિવૃત્તિ તેમનાથી થતીજ નથી. દુઃખની સર્વથા નિવૃત્તિ સાથે સ્વતંત્ર શાન્તિની તૃપ્તિને પામવાનો ઇલાજ જગતના અભાનપૂર્વક પ્રત્યગ ભિન્ન બ્રહ્મનો નિરાવરણ (આવરણ રહિત) અનુભવ છે. ગીતાજીમાં કહ્યું છે કેઃ—

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृतमः ।
सर्वं ज्ञानप्लवे नैव वृजिनं संतरिष्यसि ॥ अ० ४ श्लोक ३६ ॥

કદાપિ તું સર્વ પાપી કરતાં વધારે પાપી હોય તોપણ જ્ઞાન (ઇશ્વરી જ્ઞાન) રૂપી વહાણુથી સર્વ પાપરૂપી દરિયાને સહજમાં તરી જઇશ.

Seek ye first the Kingdom of God, which is within and all things will be added to you.

અર્થ:—અંતઃકરણમાં જે ઈશ્વરનું રાજ્ય છે તેને પ્રથમ પ્રાપ્ત કરવા પ્રયત્ન સેવો, અને તે પ્રાપ્ત થતાં તમને સમગ્ર વસ્તુ પ્રાપ્ત થશે.

નીતિ એવી ચીજ છે કે જે વગર મનુષ્યનો વ્યવહાર તથા પરમાર્થ બન્ને અટકી પડે છે. જે લોકો નીતિવાન છે તે દુસ્તર તથા મુશ્કેલ કાર્યો આસાનીથી પાર મૂકે છે, અને નીતિહીન મનુષ્યો પરેસાની ભોગવતાં છતાં તેમ કરી શકતા નથી. નીતિ બે પ્રકારની છે. એક ધર્મનીતિ અને બીજી રાજ નીતિ. સદ્દહું બન્ને પ્રકારની નીતિમાં પુરાણો ભરતખંડ પ્રાચીન કાળથી પ્રસિદ્ધિ પામતો આવ્યો છે. નીતિ એ મહાન પુરૂષોનો મહા સ્તમ્ભ છે, નીતિથીજ મહાન પુરૂષ થવાય છે. ખાનપાન વગરના મનુષ્યશરીરનો અંત આવે છે, તેમ નીતિ વગર રાજ્ય અને દુનીઆનો પણ અન્ત આવે છે.

જ્ઞાન, ભક્તિ યા યોગ ગમે તે સાધો પણ તેમાં મૂળ એકજ મતલબ સમાએલી છે. ભૂતકાળનાં કર્મો ઘટાડવાં અને ભવિષ્યમાં થતાં અટકાવવાં. પરન્તુ એક કર્મ કરવા જતાં હજારો કર્મ કરવાની સ્થિતિમાં મનુષ્ય પોતાને મૂકે છે, ત્યાં પછી મોક્ષ મળવાનો વારો કયારે આવવાનો ? મહાત્મા બુદ્ધે કહ્યું છે કે, ખાવું, પીવું વગેરે તમામ કર્મો ત્યજે ત્યારે નીર્વાણ પામે. માણસો જે વગર ચાલે તેવાં કર્મો પણ કયા જાય છે. સંસારના વિષયો ત્રણે કાળે દુઃખદાયી છે, અને ક્ષણિક છે. ગીતાજીમાં કહ્યું છે કે—

येहि संस्पर्शजा भोगा दुःखयो नय एव वै।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः॥

વિષય તથા ઇંદ્રિયોના સ્પર્શથી જે ભોગ ઉત્પન્ન થાય છે, મતલબ વિષયસુખનાજ જે ભોગ છે, તે સર્વ દુઃખનાં કારણ રૂપ છે, ક્ષણિક છે. માટે હે કુન્તી પુત્ર (અર્જુન)! ભોગવિષે વિદ્વાન પુરૂષ રમતા નથી.

અચ્છો ધર્મ સંસ્થાપનાને માટે સારા ગુરુ અને શ્રદ્ધાળુ શિષ્ય બન્નેની જરૂર છે. ધર્મગુરૂઓના વર્તન ઉપર દેશની ભલાઈ બુરાઇનો આધાર છે. માટે ધર્મગુરુ, જ્ઞાન, સદ્ગુણ અને નીતિના અવતાર રૂપ હોવા જોઇએ.

સં=સાથે+સર્=જવું+અ. સંસારનો મૂળ અથવા વ્યુત્પન્નાર્થ સાથે જવું. મરનારનો સંસાર તેની સાથે નાશ પામે છે. પ્રત્યક્ષ રીતે પણ તે અસ્થાયી અને નાશવંત છે. જ્યાં સંસાર નાશવંત છે, ત્યાં તેનો વ્યવહાર તથા ચીજો કેવી રીતે અનાશવંત હોઈ શકે? તર્કશાસ્ત્ર (Logic) ના નિયમ પ્રમાણે જેવું કારણ તેવુંજ કાર્ય.

ન્હાનપણથી વિદ્યા મેળવવાનો અને વાંચવા લખવાનો બહુ શોખ હોવાથી કુટુંબમાં કોઈ ભણેલ ન હોવા છતાં પહેલા નંબરને લોભે ભણતર બહુ શ્રમપૂર્વક ભણતો. ઇશ્વરકૃપાથી સ્મરણશક્તિ સારી હોવાથી ફતેહમંદ નીવડયો. સારી એકાગ્રતાને

લીધે યાદ બહુ રહેતું, તેથી પહેલો નંબર, ઇનામ અને માસ્તરની મહેરબાની મેળવવામાં ફતેહમંદ નીવડતો. છતાં કહેવું જોઇએ કે આ ગુણ મારાં સુજ્ઞ માતુશ્રી તરફથી મને વારસામાં મળેલા છે. માતા અજાણતાં નિયમ પાળે તોપણ બાળકનું તે કેટલું કલ્યાણ કરી શકે છે? તો પછી તે જાણી જોઈ નિયમ પ્રમાણે વર્તે તો ઘર ઘર વસિષ્ઠ, વિશ્વામિત્ર, રામ, કૃષ્ણ વગેરે શા માટે ઉત્પન્ન ન થાય? પંડિત નવલરામે કહ્યું છે કે "**સંસારનું નુર છે નાર**" મનુસ્મૃતિમાં પણ ગૃહસ્થાશ્રમનો સઘળો આધાર સ્ત્રી ઉપર છે એમ દર્શાવ્યું છે.

નામવર કચ્છાધિપતિના સુજ્ઞ દિવાન મરહુમ મણીભાઈ સાહેબની દીવાનગીરી દરમિઆન અંગ્રેજી શિક્ષણ લીધા બાદ અમદાવાદ ટ્રેનિંગકાલેજમાં બન્ને વરસની પરિક્ષામાં પાસ થઇ નોકરી મળવાના સંયોગો પ્રાપ્ત થયા, અને સાત વરસે રા. રા. રણછોડભાઇ સાહેબની બે માસની આકિંટગ દીવાનગીરી દરમિઆન નોકરીથી મુક્તિ મેળવી મહાન વિશ્વવ્યાપક સત્તાને આધારે રહેવાના સંયોગો પ્રાપ્ત થયા. મનુષ્યને સુધારવાના ઉપાય તરીકે દુઃખની અપેક્ષા સુખ સમુદ્ર આગળ સરોવર સમાન છે. સાત વર્ષ સુધી મહેતાજી તરીકેની ફરજ ઉપરીનાં સંતોષ વચ્ચે અદા કરી અને કોઇ દહાડો દંડ પણ થએલ નહિ.

ભૂતકાળના પ્રયાસોની માળામાં આ છેલ્લો મણકો છે, તો પણ પ્રકટ રૂપે નામ જોડાય એવું આ પહેલુંજ પુસ્તક છે.

પુસ્તકો ખપાવવાના કંટાળાને લીધે એમ બન્યું છે. એ સર શ્યાને ભાંગનાર રા. રા. ભાઈ **વિશનજી રાઘવજી**નો તથા ચ પુસ્તક તપાસી સુધારો સુચવનાર શાસ્ત્રી **પ્રભાશંકર જયશંક**નો આભાર માનું છું.

વાચકવર્ગ તરફથી આશ્રય મળશે તો બીજાં લખાણ તૈયાર છે તે પ્રગટ કરવામાં આવશે.

જ્ઞાન મેળવવામાં સહાયકારી ગ્રન્થકારો તથા ગ્રન્થો વ ચવા આપનાર **દેવી જયાલક્ષ્મી, બાવા કલ્યાણજી** વગેરેનો આભાર માનવામાં આવે છે.

જેઠ વદ ૪ સંવત ૧૯૬૯
ગેરવાણી વંડી.
ભુજ (કચ્છ).

કર્ત્તા.

વિષયની અનુક્રમણિકા.

બ્રહ્મર્ષિ શ્રી ૧૦૮

શ્રી રાઘવજી શર્માનું જીવન-વૃત્તાન્ત.

મહાન્ પુરુષોની ઉત્પત્તિનો નિયમ, વર્ણ, ગુણ, આર્યોના અસ્તોદય.

સૃષ્ટિમાં મહાન પુરૂષોની ઉત્પત્તિ વગર નિયમે થતી નથી. પછી તે નિયમો અજાણતાં પાળવામાં આવ્યા હોય તોપણ શું થઈ ગયું? મહાન પુરૂષો બે પ્રકારના હોય છે. એક આડંબરી અને બીજા શુદ્ધ. આડંબરીનો દુષ્કાળ નથી, બાકી શુદ્ધ તો હાલના સમયમાં આખા ભારતવર્ષમાં અલ્પ સંખ્યાના નીકળે. દીવાની દુનિઆમાં આડંબરી તાગડધિન્ના કરે છે અને શુદ્ધની પરીક્ષા કરનારા થોડાજ. તેથી ઠગ ફાવી જાય છે.

ઇતિહાસકર્ત્તાના અનુભવ પ્રમાણે જે કુટુંબમાં મ્હોટા માણસોનો પાક થતો હોય, તેમાંજ પુનરપિ મહાન પુરૂષોનું અવતરણ થાય છે. નીચ કુળની કન્યાનો એવા કુટુંબમાં પ્રવેશ થવાથી વખતે એથી ઉલટું પણ બને છે, અને સારા કુળની કન્યા નીચ કુટુંબમાં જવાથી તે કુટુંબની ઉન્નતિ પણ થાય છે પરન્તુ સાધારણ નિયમનો વિચાર કરતાં ઇતિહાસકર્તાનો અનુભવ દુષિત નથી.

પ્રથમ જ્યારે જનમંડળ એકાકાર હતું ત્યારે ભિન્નભાવ ન હોવો જોઇએ. કાળે કરી ગુણકર્માનુસાર તેમાં ચાર જાતિનું બન્ધારણ થયલું હોવું જોઈએ. જેને વર્ણ પણ કહે છે. વર્ણનો અર્થ રંગવું થાય છે. એટલે ગોરા રંગના આર્ય અને કાળા રંગના અનાર્ય. એવી રીતે વર્ણ શબ્દ ઉત્પન્ન થઈ તે લક્ષ્યાર્થ તથા વાચ્યાર્થ તરીકે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર એવી ચાર જાતિના વપરાશમાં આવતો રુઢ થઈ ગયો. મૂળ ચાર જાતિમાંથી હાલે સેંકડો જ્ઞાતિ થઈ ગઈ છે.

વેદ તથા અન્ય પ્રાચીન શાસ્ત્રોનું અવલોકન કરનારા હિમાલય પર્વતના પ્લક્ષ પ્રસવણ નામના શિખર ઉપર પ્રથમ દશ પ્રજાપતિ ઋષિઓની ઉત્પત્તિનું વર્ણન કરે છે. જેમાં આજ પર્યન્તના બ્રાહ્મણ માત્ર ઉત્પન્ન થયા. એમાં મતભેદ છે. તોપણ સઘળા વર્ણમાં બ્રાહ્મણોની શ્રેષ્ઠતા સ્વીકારવા બાબે બહુધા બે મત નથીજ. અલબત બ્રાહ્મણ કોને કહેવો ? એ સવાલનો યથાર્થ જવાબ મેળવવા ઉપરજ સઘળો દારમદાર છે. હાલે કેટલીક ધર્મ-સંસ્થાઓ અંત્યજ જ્ઞાતિવાળાને શિખા સૂત્ર ધારણ કરાવી દ્વિજમાં દાખલ કરે છે. પરન્તુ માબાપ તથા તેમના પૂર્વજોના ગુણનાં રજકણભાવિ સન્તાનોમાં ઉતરે છે. એવા આર્યશાસ્ત્રોના પ્રશંસ્ય મતને પાશ્ચાત્યોમાં યુરોપખંડસ્થ જર્મની દેશના પ્રખ્યાત ફિલોસોફર ગ્રેગર મેન્ડેલ પણ અનુમોદન આપે છે, અને તે અનુભવથી સિદ્ધ થએલી બાબત છે. તો પછી

માત્ર બાહ્ય વેષથી એટલે શિખા તથા જનોઈ માત્રથી દ્વિજ બનાવવાનો પ્રયત્ન કરતાં અતો ભ્રષ્ટ, તતો ભ્રષ્ટ જેવું થઇ જાય છે. અલબત લાંબે ગાળે આ બાબત બની શકે. દાખલા તરીકે ગાધીપુત્ર વિશ્વામિત્ર રાજામાંથી બ્રહ્મર્ષિ થવાનો દાખલો પૂર્વ કાલનો છે, પરન્તુ તેમાં અસાધારણ તપોબળ જોઇએ.

પ્રાચીન ઋષિમુનિઓની ચાર આશ્રમની વ્યવસ્થા તથા સોળ સંસ્કારનું વિધાન એટલાં તો ઉત્તમ હતાં કે તે પ્રમાણે જ્યાં સુધી કામ ચાલ્યું ત્યાંસુધી વર્ણવ્યવસ્થામાં બગાડ ન થયો. એ શૃંખલા તૂટી તેની સાથે આર્યોની ઉન્નતિ પણ જુદા જુદા વેષમાં વિદેશમાં પ્રયાણ કરી ગઈ, અને વખતસર ચેતવામાં નહિ આવે તો ભવિષ્યમાં આર્યોનું નામ નિશાન રહેશે કે કેમ તેનો ભય લાગે છે.

હિમાલય પર્વતના પ્લક્ષ પ્રસ્રવણ નામે શિખર ઉપર આર્ય ઋષિમુનિઓ મિતાહાર કરી નિરંતર બ્રહ્મધ્યાનમાં મગ્ન રહેતા, અને જગત્‌ના વિષયોને કાકવિષ્ટા––વિષ્ટાની પણ વિષ્ટા—સમાન સમજતા હતા. તે કાળ અને આજના બ્રાહ્મણો (જોકે બધા એવા નથી) ના કાળનો મુકાબલો કરતાં કેટલું મહદ્ અને ખેદપ્રદ અન્તર દ્રષ્ટિગોચર થાય છે.

મનુષ્ય સામર્થ્યની હદ.

વેદાન્ત શાસ્ત્રે મનુષ્યના સામર્થ્યની હદને ‘ अहंब्रह्मास्मि ’-થી મર્યાદિત કરી છે. તે વાત મહાન પુરૂષોના ચરિત્રથી સ્વતઃ

સિદ્ધ છે. એક બાળકની આત્મશ્રદ્ધાને કેળવવાને માતા યોગ્ય હોય તો બાળક અદ્દ્ભુત સામર્થ્યયુકત થાય એ બેશક છે.

ચરિત્ર લેખક તથા ચરિત્રના નાયકનો સંબંધ.

ચરિત્ર લેખક તથા ચરિત્રના નાયક વચ્ચે પૂજક પૂજ્ય-ભાવ, સગપણ સંબંધ, મિત્રભાવ યા કોઇ પણ જાતનો એવો પ્રીતિ સમ્બન્ધ હોય કે જેથી તેનું નૈસર્ગિક, વલણ ચરિત્રના નાયક પ્રતિ પૂજ્યભાવ ધરાવતું થાય, તે વગરનું ચરિત્ર લેખન આત્મા વગરના સ્થૂળ સમાન છે. સંબંધમાં આવી ચરિત્ર લખવું તે બિંબ સમાન છે અને સહવાસ વગર માત્ર નોંધપોથી પરથી લખવું તે પ્રતિબિમ્બ સમાન છે. જીવતા માણસની આંખો, નાડી વગેરેની તપાસ પરથી રોગની ચિકિત્સા કરવી એ એક બાબત છે, અને મુવેલા મડદાનું શરીર ચીરી તે પરથી ચિ-કિત્સા કરી દવાની ગોઠવણ કરવી તે જુદીજ વાત છે. આ ચરિત્ર લખવામાં વિશનજીભાઇએ આપેલી નોંધ, તેમણે કરેલી વાતો વગેરેને દ્રષ્ટાન્ત, સિદ્ધાન્ત સહિત મારી ઈબારતમાં ઉતાર-વાનો પ્રયત્ન માત્ર કરેલો છે, અને તેમની ટૂંક નોંધને રસિક કરવા પ્રયત્ન કર્યો છે. જે નોંધ નોટપેપરના બે અરધીઆ ઉપર કરેલી મળી હતી.

સર્વ રીતે સમ્પૂર્ણ તો એક પરમાત્મા જ છે. મનુષ્ય ગમે તેવો તો પણ તે અપૂર્ણ છે. તે રામકૃષ્ણાદિ લીલાવતારી પુરૂ-ષોના ચરિત્રથી આપણે જાણી શકીએ છીએ.

ચરિત્રના નાયકની મહત્તાનાં કારણ.

જે મહાપુરૂષનું ચરિત્ર નિરૂપણ આ પુસ્તકદ્વારા કરવામાં આવ્યું છે, તેમની મુખમુદ્રા, આજ્ઞાચક્ર, આગળનો લલાટનો ભાગ, બ્રહ્મરન્ધ્ર આગળનો ભાગ અને સમગ્ર દેખાવ અપરિચિત મનુષ્યને પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન કરાવતો, તો પછી પરિચિતને ઉત્પન્ન કરાવે એમાં આશ્ચર્ય શું હોય વારૂ ?

કિંમતનો આધાર ગ્રાહક ઉપર છે.

દરેક વસ્તુની કિંમત તેના ગ્રાહક ઉપર આધાર રાખે છે. જે ચંદ્રમા ચક્રવાકને અંગારાની સગડી જેવો ભાસે છે, તેજ ચંદ્રમા ચકોરીને અમૃતથી ભરેલા ઘટ સમાન પ્રિયં ભાસે છે. લીંબડીના મર્હુમ રાજર્ષિ મહારાજા યશવન્તસિંહજીના ઉત્તમ ગ્રાહકત્વને અંગે બ્રહ્મર્ષિના બ્રહ્મત્વ તથા ઇશ્વરના ગુણાનુવાદ ગાવાની પ્રકૃતિને લીધે તેમના પર પૂજ્યભાવ હતો. તેમના તરફથી તેઓ યોગ્ય માનપાન પામ્યા હતા. માણસની યોગ્યતા તેની યોગ્યતા માપનારની લાયકાત ઉપર આધાર રાખે છે. કહ્યું છે કેઃ—

" विद्वानेव हि जानाति विद्वज्जनस्य परिश्रमं,
नहि वंध्या विजानाति गुर्वीं प्रसव वेदनाम् "

વિદ્વાનના પરિશ્રમને વિદ્વાનજ પિછાની શકે છે, જેમ વાંઝણી પ્રસૂતાની પ્રસવપીડા સમજી શકતી નથી તેમ અન્ય જનો પંડિતની ખૂબીને સમજી શકતા નથી.

ખરૂં સુખ શામાં છે ?

દુનિયામાં શાન્તિ સમાન બીજું સુખ નથી. તેનો ભોગવટો તેઓએ ખૂબ કરેલો હોય, એમ તેમના કદાવર તથા તન્દુરસ્ત શરીર ઉપરથી જણાઈ આવતું હતું.

હદસર કામ, ક્રોધ વગેરે ગુણરૂપે છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ તથા મત્સર એ છ વિકાર ગણાય છે. જો તેઓનો વિવેકથી ઉપયોગ થાય તો તેઓ ગુણરૂપે છે. કોઇ રીતે ગેરવાજબી ખરચ થાય અથવા તો કોઈ પોતાની ફરજ ચૂકે તો તે સંબંધમાં તેમના કોપથી કુટુંબીઓને ભયાન્વિત થવું પડતું. મધુર કંઠ તથા હરિકીર્તન કરવાની આકર્ષક શૈલીથી ભક્તમંડળી તેમના પ્રતિ પૂજ્ય-બુદ્ધિ ધરાવતી.

ઋષિવરની ફરજ બાબે યોગ્યતા.

પુત્ર તરીકે માબાપ તરફ, પિતા તરીકે સન્તાનો તરફ, પતિ તરીકે પત્ની તરફ તથા સ્નેહી સંબંધીની સાથેનું નમુનેદાર વર્તન સંબંધમાં આવનારને પ્રત્યક્ષવત્ ભાસતું. સગાં કુટુંબીઓ તથા સ્નેહીમંડળ આજ પણ તેમની નીતિનું સ્મરણ કરે છે.

રાઘવજી તથા મૂરજીનો સમ્બન્ધ.

ચરિત્રના નાયક સાથે ચરિત્ર-લેખકના પિતા મૂરજી ધારસીનો સત્સંગનો નાતો તથા સંવત્ ૧૯૩૨ ની સાલ આગમ-

ચનો ભાઈ જેવો નાતો હતો. અમારા કુટુંબના કુળગોર અંજા-રમાં વસતા હોવાથી મરણપરણની ક્રિયાઓ ઘણે ભાગે તેમના હસ્તે થતી. અર્થાત્ તેઓ ગોરનું કામ પણ કરતા. યજમાન (પૂજનાર) નો ગોર પ્રત્યે પૂજ્યભાવ હોય એ સ્વાભાવિક છે. આવી રીતે નાતેદારી સાથે જે ભક્તમંડળીના ભક્તશિરોમણિ રાઘવજીશર્મા પ્રમુખ હતો, તેના મુરજી એક મેમ્બર હતા. લેખકની બાલ્યાવસ્થામાં રાત્રીના શાન્તકાળમાં ભજનોની ધુનથી જે આનંદવૃષ્ટિ થતી તેથી હૃદય દ્રવિત થઈ સત્ ચિદ્ તથા આનંદરૂપ પરમાત્મા ફળરૂપે પ્રકટીકરણ કરવાનો ભાસ કરાવતા તે અવર્ણનીય હતો. ઇશ્વરપદને પામવા જ્ઞાન, ભક્તિ તથા યોગની ત્રિપુટી સાધનરૂપે મનાય છે. મર્હુમ મહાત્મા યોગી તરીકે શ્રેષ્ઠ હતા, કારણ ચિત્તવૃત્તિનો નિરોધ કરી શકે તે યોગી. એ લક્ષણ તેમનામાં કુદરતી હોય એમ દેખાતું. વળી ભક્ત તરીકે પણ ઉત્તમ હતા. એક ભવિષ્યવેત્તા તરીકે તેમનાં હૃદયચક્ષુ ઘણે દૂર નિહાળી શકતાં એનો મને અનુભવ થએલો છે. પોતાની ભક્તમંડળીના મેમ્બરોમાં જેને જેને પુત્ર-સન્તાન હોય તેમને સ્વપુત્રોને સારી કેળવણી આપવા બોધ કરતા. અનીતિએ ચાલનારને વિનોદાત્મક વાણીથી શિખામણ આપ-વાની તેમની શૈલી સચોટ હતી. અવગુણ કરનારની અસિથી સ્વરક્ષણ માટે તેમની પાસે ક્ષમારૂપી ઢાલ હતી. અથવા કહેવા દો કે **क्षमारूपं तपस्वीनाम्** એ નીતિના તેવણ ઉત્તમ ગ્રાહક હતા.

વિદ્વાન વિદેશે પણ પૂજાય છે.

(દોહરો.)

પાન પદારથ સુઘડ નર, વણ-તોળ્યાં વેચાય;
જયમ જયમ પરભોમ સંચરે, તેમ તેમ મૂલ મોંઘેરાં થાય.

ભક્તકવિ તુલસીદાસે પણ કબુલ કીધું છે કે પરમુલકમાં તેવણ મહાત્મા તુલસીદાસ કહેવાતા, ત્યારે પોતાની જન્મભૂમિ તુલસીઆ નામથી તેમને બોલાવવાને શક્તિમાન થઈ. જગત્નો કેવો વિચિત્ર વ્યવહાર છે ! બીજા લોકો પોતાનાં પાપ તીર્થક્ષેત્રમાં ધૂએ છે, પરન્તુ તીર્થક્ષેત્રના લોકોએ કરેલાં પાપ વજ્રલેપ સમાન બને છે. પોતાનો દીકરો એવો તો હોશિઆર ગણાતો હોય કે આખા ગામના તથા દેશ પરદેશના લોકો તેની સલાહ લેવાને આવે, પરન્તુ બાપ તેજ પુત્રની અવગણના કરે ! મહાત્મા રાઘવજી તેવણના જયેષ્ટ પુત્ર વિશનજીભાઈ જેઓ હાલ કચ્છ દરબારી ઘોડારના સુપ્રીન્ટેન્ડેન્ટ છે તેમની સંવત્ ૧૯૪૦ની સાલે રોહા સ્કૂલના હેડમાસ્તરની જગો પરથી લીંબડી રાજ્યમાં સારા અને મોટા ઓદ્ધા ઉપર નિમણુક થઈ એટલે તેમને પણ ત્યાં જવું પડયું. જ્યાં તેમની યોગ-શક્તિ, તપોબળ તથા બ્રહ્મત્વની કદર થઈ. કારણ ત્યાં પરભૂમિ તથા ખુદ દેશપતિ તરફથી તેમને માન મળે એટલે રૈયત તરફથી તો એવા ગુણવાન પુરૂષને માન મળેજ. અર્થાત્ ત્યાં તેઓ શ્રી, કીર્ત્તિ વગેરેનો લાભ મેળવવા પામ્યા, અને ગાયત્રીના પ્રતાપે વિશનજીભાઈની પણ

ત્યાં દિન પ્રતિદિન ચઢતી કળા થવા લાગી. ત્યાં રહી ગાયત્રી પુરશ્ચરણ તથા યજ્ઞો વગેરે કરી શુભ કાર્યોમાં ધર્મ-લાભ મેળવ્યો.

ઋષિપત્ની લક્ષ્મીબાઇ તથા સંતાનો.

તેમનાં ધર્મપત્ની લક્ષ્મીબાઈ ગુણમાં લક્ષ્મી તુલ્ય હતાં. એક વેળા તેમની તંગ હાલતમાં જ્યારે તેવણ યાત્રાએ પધાર્યા ત્યારે ઘર ચલાવવાની ઉત્તમ વ્યવસ્થાથી તંગ હાલતની કોઇને ખબર પડવા ન દીધી, અને સઘળાં કાર્યો ઉત્તમ રીતે પાર મૂકયાં; તેવું બે વર્ષ સુધી ચલાવ્યું. ખરેખર સંસારનું નૂર છે નાર એવી વિદ્વદ્વર નવલરામની ગરબી લક્ષ્મીબાઈના સદ્ગુણથી તદ્દન સત્ય પુરવાર થઈ. સ્ત્રી તથા મિત્રની પરીક્ષા દુઃખમાં થાય છે, એ પરીક્ષામાં તે પસાર થયાં. પોતાના સમ્બન્ધમાં આવતી સ્ત્રીઓ તથા તેમનાં બાળકોને સત્ય, પ્રિય તથા હિતકર વાણીથી બોધ આપતાં. એટલુંજ નહિ પણ પોતાના દૃષ્ટાંતથીજ તેઓ સુધારવાને શક્તિમાન થતાં. તેવણની સુશીલતાથીજ તેમનાં ત્રણ સંતાનો વિશનજીભાઈ, કુંવરબાઈ તથા જયકૃષ્ણ ઉત્તમોત્તમ નીવડયાં. જેમાંનાં છેલ્લાં બે આ જહાનમાંથી પોતાનો અસબાબ ઉઠાવી પરલોક પ્રવાસી થયાં છે. મહામુનિ વાલ્મીકિના કથનાનુસાર રામાયણના કાળમાં એટલે ત્રેતાયુગમાં પિતાથી પહેલાં સન્તાનો, અને પત્ની આગમચ પતિ મૃત્યુવશ થતો નહિ. એટલે આ શોકજનક દૃશ્યમાં આપણે કલિમહારાજનો પ્રતાપ માનવા સિવાય બીજું શું ધારવું ? પ્રથમ સંતાન વિશનજી

ભાઈની વિદ્વત્તા, ખ્યાતિ, ધર્મિષ્ટપણું તથા માતાપિતાની ઉચ્ચ પ્રકારે સેવાચાકરી કરવી વગેરે ઉંચા સદ્દગુણો સૌ કોઈ જાણે છે. ભાઈ વિશનજી સંબંધે આગળ ઉપર લખવામાં આવશે, સબબ તેમની બાબતમાં વર્ણન કરવા બેસીએ તો એક સ્વતંત્ર પુસ્તક થાય; તો એકાદ બે લીટીથી પતાવવું એ અન્યાય કહેવાય. લક્ષ્મી જગત્‌ની મા છે અને વિષ્ણુ ભગવાન માધવ કહેવાય છે. રાઘવ એ રામનું નામ છે. રામ વિષ્ણુના અવતાર હતા. આ સઘળી ઘટનાનો વિચાર, નામકરણ, સંસ્કારની પવિત્રતા, મહત્તા તથા આકાશતત્ત્વમાં તેથી થતાં આન્દોલનો સાથે મૂકી જોતાં દેવકોટીનાં આ દમ્પતિ મોક્ષ મેળવવાને માટે મનુષ્યાવતાર ધારણ કરી લીલા વિસ્તાર કરતાં કરતાં પણ જગત્‌નું ભલું કરવાની તેમની અતૃપ્ત થએલી વૃત્તિએ જગત્‌ને દૃષ્ટાન્ત આપવા અને દુર્ગુણીઓને દાખલાથી સુધારવાને પોતાનાજ તાદૃશ્ય સ્વરૂપે વિષ્નુ (વિશનજી) ને વારસામાં છોડયા છે.

ચઢતી પડતી. ખરૂં સુખ અંતરમાં છે.

દુનિઆમાં સઘળા દહાડા સરખા જતા નથી. દુઃખ પાછળ સુખ અને સુખ પાછળ દુઃખ એમ રાત્રિ દિવસની માફક આવ્યાંજ કરે છે, અને તે દરમિઆન આ જીવન-નાટકમાં ભિન્ન ભિન્ન વેષ ભજવાય છે. અલબત નિયમને અપવાદ પણ હોય. જેમ ધ્રુવના પ્રદેશમાં છ માસ રાત્રિ અને છ માસ દિવસ રહે છે, તથા નોર્વેની ઉત્તરે આવેલા હામક્રેસ્ટ શહેરમાં બે માસ સુધી

સૂરજ આથમતોજ નથી તેમ ચડતી પડતી દીર્ઘકાળ અથવા કદાચ જીંદગી ટૂંકી ગણાય તો તેનો અન્ત આવતાં લગણ એ એમાંની અમુક સ્થિતિજ પ્રાપ્ત રહે છે. પરન્તુ સદ્ગુણી જીવો પોતાના સંતોષના બળે તેમાંથી પણ સુખજ મેળવે છે. વાસ્તવિક રીતે તપાસીએ તો સુખ બાહ્ય પદાર્થો એટલે ધન પુત્ર ઈત્યાદિમાં છેજ નહિ. તે તો અંતરમાંજ છે. જો બાહ્ય પદાર્થોમાં સુખ હોત તો સિકંદર, અલાઉદ્દીન વગેરે પાદશાહો ઘણાજ સુખી થાત. પરન્તુ તેમનાં ચરિત્ર તપાસીએ છીએ તો એક દીન ભિક્ષુકના પ્રતિ અદેખાઈ ઉત્પન્ન કરાવે એવાં તેમનાં ચરિત્ર દુઃખદાઇ હતાં. અર્થાત્ **वैराग्यमेवा भयम्** વૈરાગ્યજ નિર્ભય છે. એવા સિદ્ધાન્તવાળા ભક્તશિરોમણિ રાઘવજી હતા. તેમના વૈરાગ્યમય ઉદ્ગાર નીચે લખ્યા કીર્તનમાંથી સ્પષ્ટ સમજી શકાય છે.

વૈરાગ્યનું કીર્તન.

શો તું જુએ જગતમાં સાર, લાંબો કેમ ન કરે વિચાર ?

શણગાર હવેલી દેખી, તું મુઓ બાપ સંભાર;
એની સાથ ગયું નથી તેમજ, તારૂં પણ તું ધાર. શો તું.

ગાલ ગુલાબી જોઇ મોહે, તવ ઘરડાને સંભાર;
જો જીવ્યો તો એજ હાલ છે, ભપકો તો દિન ચાર. શો તું.

નારીમાં મન ખુંચી રહે ત્યારે, જો તું વિધવા નાર;
વે'લો મોડો પણ વિયોગ છે, ફરી નથી મળનાર. શો તું.

કુટુંબમાં મન ખુંચી રહે ત્યારે, આગગાડી સંભાર;
જુદે જુદે સ્થળથી સૌ આવ્યાં, વિધ વિધ સ્થળે જનાર. શો તું.
તનનાં, મનનાં, જનનાં, ધનનાં, દુઃખ છે પારાવાર;
સુખના ભાવ થકી જ લાલચમાં, વૃથા જાય અવતાર. શો તું.
સમજ સમજી જગની તૃષ્ણા તજ, ભજ શ્રીવર સુખકાર;
તન મન ધન એમાંજ રોકીને, ઉતરી જા ભવપાર. શો તું.

લક્ષ્મીબાઈની ત્રેવડ. ટેકનો મહિમા.

માતુશ્રી લક્ષ્મીબાઈએ સંવત્ ૧૯૪૦ ની સાલ સુધી તંગદસ્તીમાં ઘરનો કારભાર બહારના માણુસની નજરે રિદ્ધિ સિદ્ધિવાળું ઘર દેખાય, તેવી રીતે સુઘડતા અને કરકસરથી ચલાવ્યો. કહેવું જોઇએ કે ' **સો સફર અને એક કસર** ' અથવા ' **ત્રેવડ ત્રીજો ભાઇ છે.** ' એ કહેવતને દૃષ્ટાન્તથી અનુસરનાર એક સ્ત્રી કેટલું બધું કરી શકે છે, તે તેમણે અચ્છી તરેહથી પુરવાર કરી બતાવ્યું. અકબરે એક વખત બીરબલને પૂછ્યું; ' લાખ વધારે કે વીસ. ' લવા અથવા બીરબલે વિનોદમાં ઉત્તર આપ્યું. “ વીસ ” લાખ કરતાં વીસને ઉચ્ચ શ્રેણીમાં મૂકનાર કરકસર છે. ખરેખર જે માણુસ કમાઈ કરતાં વધારે ખરચે એટલે જેના ઘરનો પ્રધાન જે સ્ત્રી તે જો ઉડાઉ હોય તો તે માણુસ દેવાળું ફુંકે. આ ઉપરથી કોઇએ એમ ન સમજવું કે રાઘવજી કમાતા નહિ. પરન્તુ

તેમના પિતાશ્રીજીએ કરેલું કરજ તેમને ભરવું પડતું. જે રકમબંધ કોરીઓનું હતું. સત્યનિષ્ઠાવાળા રાઘવજીને તે ભરતાં ગુજરાન ચાલે એટલું ભાગ્યે બચતું. વળી બેન કુંવરબાઈ તથા વિશનજીભાઈના વિવાહના પ્રસંગોમાં પણ લાજ આબરૂ પ્રમાણે ખરચ કરવો પડ્યો. એવી રીતે સત્યનિષ્ઠાથી પોતાની ટેક સાચવતાં પ્રભુએ તેમને સહાયતા કરી. જે પ્રભુએ ગજનો બંધ છોડાવ્યો, દ્રૌપદીનાં ચીર પૂર્યાં, પાંડવોને લાક્ષાગૃહમાંથી બળતા બચાવ્યા, પ્રલ્હાદને નરસિંહ રૂપે બચાવ્યો, ધ્રુવને અચળ કીધો, સુધન્વાને બળતા તેલના કઢાયામાં શીતળતાનો અનુભવ કરાવ્યો, કુબ્જાને રૂપ આપ્યું, ગણિકાને તારી; એવા ભક્તવત્સલ ભગવાન રાઘવજી શર્મા જેવા પોતાના પરમભકતને સહાય થયા વગર રહે? કદીજ નહિ. એવા મહા પુરૂષોનાં દુઃખ પ્રભુ કૃપાથી સુખમાં પરિવર્તન પામે છે. એક કવિએ મરાઠીમાં કહ્યું છે કેઃ—

સત્ય, નીતિ, સદ્ગુણ-મરાઠી કવિતા.

શ્લોક.

दुःखें जिवावरिल सोशित नित्य जाती
जे सत्य, नीति, सुगुणां अवलंबिताती ।
ठेवूनि भार परमेश्वरिं वागताती
ते संकटांत हि पहा सुख पावताती ॥

લક્ષ્મીબાઇની નીતિ તથા વૈરાગ્યના સવૈયા.

માતુશ્રી લક્ષ્મીબાઈનાં નીચેનાં વચનો બાલ્યાવસ્થાના અજ્ઞાનને લીધે લેખકને અર્થરહિત ભાસતાં પરન્તુ તેમાં કેટલું બધું અર્થ-ગૌરવ સમાએલું છે.

વેને તું જરૂર મરી, કુલાએ તો ખણે ભરી,
માનખો ન અચે ફરી, કુડ કે તું તજરે.
મુરખા તું મન હાણુ, કુલા વઠો કઈએ તાણુ;
સંત તોકે કરી ન જાણુ, તેં જેચે ન હલેંરે.-વગેરે.

સ્ત્રી ઉપર ગૃહસ્થાશ્રમનો આધાર.

લંબાણુ-ભયે લક્ષ્મીબાઈ સમ્બન્ધી આટલું બસ ધારી ગૃહ-રાજ્યના નૃપતિ ઋષિવર રાઘવજીના પ્રધાન તે તેમના ગૃહિણી પસંદ કરવામાં ઋષિવરના પિતા વિદ્યાધરઋષિ તથા તેમનાં ધર્મ-પત્ની સતી માલબાઇએ કેટલું બધું ડાહપણ વાપરેલું દેખાય છે. **यथा राजा तथा प्रजा** એ નિયમાનુસાર આ આર્યાવર્તના પ્રાચીન રાજ્યોના દાખલા રહેવા દઈએ, અને હાલના એટલે અર્વાચીન રાજ્યોના ઇતિહાસ ઉપરથી વિચાર કરીએ છીએ, તો જાપાન દેશની ઉન્નતિના મૂળમાં ત્યાંના રાજા મુત્સુહીતો તથા પોતાના પ્રધાન તરીકે તેવણે પસંદ કરેલા મહા પુરૂષ માર્કિવસ ઇટો ઉપર આપણી નજર ઠરે છે. એથી ઉલટો દાખલો તુર્કસ્તાનનો છે. કહેવાની મતલબ કે ગૃહ-રાજ્યનો

રાજા તથા તેનો પ્રધાન જે સ્ત્રી તે બન્ને-વિશેષે સ્ત્રી-સારાં હોય તોજ ગૃહસ્થાશ્રમ આશીર્વાદદાયક નીવડે છે. નહિ તો એક પૈડાના રથ જેવો લૂલો. મનુ મહારાજે પણ ગૃહસ્થાશ્રમની સર્વાંગ સુન્દરતા સુન્દરીને આભારી છે એમ સ્પષ્ટ લખેલું છે. સંસ્કૃત ભણતરને અભાવે વરકન્યાની કબુલાતો-તિલક અથવા ટકો-લગ્ન પ્રસંગે ગોર ફક્ત બોલી જાય છે, તે બદલ વરકન્યાને તેમની માધરી-જબાન (Mother tongue) માં તે શ્લોકોની મતલબ તથા ગમ્ભીરતા સમજાવી પછીથી વર કન્યાને ઉદ્દેશીને બોલાતું હોય એટલે વર કન્યાને અને કન્યા વરને ઉદ્દેશીને બોલે તે ખુલ્લું જણાઈ આવે, એવા દેખાવથી આ સંવાદ ચાલે તો કેવું સારૂં ? પરંતુ વરકન્યા મનુસ્મૃતિમાં કહેલી ઉમ્મરનાંજ ન હોય તો પછી શું કહેવું ? ખરેખર મધ્યકાળમાં થએલાં મુસલમાની રાજ્યોની અસ્તિએ આર્યોનો લગ્ન જેવો અગત્યનો સંસ્કાર પણ કેટલી વિપરીત દશાએ પહોંચાડયો છે. તેમના મજહબ પ્રમાણે એ સંસ્કારને આર્યધર્મ જેટલી અગત્ય આપવામાં આવી નથી. હાલે તો બાળખેલની માફક લાકડે માંકડું વળગાડી દેવામાં આવે છે. ઈશ્વરકૃપાથી સમજુ લોકો પણ છે, તેઓ આવું કરતા નથી; એ ધન્ય ભાગ્ય છે.

છોકરાની શ્રેષ્ટતાનું કારણ માબાપ.

ઋષિવર રાઘવજીની ઉત્તમતા વગર કારણની તથા વગર નિયમની નહોતી. પરંતુ તેમનાં માબાપ તથા વડવાઓએ પાળેલા

નિયમાનુસાર હતી. જો કે તેમના સમયમાં કેળવણીનાં સાધનોને અભાવે નોંધકારક બનાવો નોંધવાની બેદરકારીને લીધે આ મહા પુરૂષના બાળચરિત્રમાં બીજ રૂપે રહેલા સદ્ગુણો કેવી રીતે વૃદ્ધિગત થયા, અધ્યાત્મબળ વધવાના તથા બ્રહ્મનિષ્ઠતા પ્રાપ્ત થવાના કયા કયા સંયોગોના પ્રભાવે તેમની યૌવનાવસ્થા તેજ-દાર થઈ, સંસાર નીભાવતાં બ્રહ્મનિષ્ઠતાનાં સાધનો વડે તેમણે કયી કયી અડચણો કેવી રીતે ખસેડી, તેથી તેમનાં હૃદયબળ, દ્રઢતા, સંકલ્પબળ વગેરે પર શું અસર થઇ ઇત્યાદિ બાબતો જનસમુદાયને ઘણી ઉપયોગી અને માર્ગદર્શક થઇ પડત. સુધરેલા દેશના લોકોમાં રાયથી તે રંક પર્યંત બહુધા પોતાના જીવનના બનાવો દિવસવાર નોંધવાનો રિવાજ છે. આવી નોંધો નોંધનારને પોતાને તેમજ અન્ય જનોને બહુજ ઘડો આપનારી નીવડે છે. પરન્તુ જે થોડીક હકીકત વિશનજીભાઇએ પૂરી પાડી છે તથા કેટલોક મને જાતિ અનુભવ છે, તેને આધારે કહી શકાય છે કે ફિલોસોફર ગ્રેગર મેન્ડેલના મતાનુસાર આ મહાપુરૂષનાં મા બાપ, માતુલપક્ષ તથા પિતૃપક્ષના સદ્ગુણોની અસરનું આ પરિણામ છે. જો કે કેટલાક સદ્ગુણો પ્રારબ્ધ વશ વિશેષરૂપે કેળવાઈ શ્રેષ્ઠતા પામ્યા હતા, અને પૂર્વ જન્મના આ સંસ્કારી મહાત્મા પરિબ્રહ્મ ક્ષેત્ર ગીતાજીના મહા વાક્ય **શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિ જાયતે** અનુસાર ઋષિવર વિ-દ્યાધર તથા ઔર્વજનની વત્ બ્રહ્મત્વપૂર્ણ સતી માલબાઈના ગૃહસ્થાશ્રમમાં જન્મ લેવાને યોગ્ય હતા. વિદ્યાધર ઋષિના

પૂર્વજોમાં જોશી હીરજી બહુ પ્રતાપી હતા. તેમની પરોપકાર વૃત્તિમાંથી ઉદ્દભવેલાં કાર્યોમાંનું એક કાર્ય કચ્છ નીરોણામાં બંધાવેલી એક મ્હોટી વાવ અને ઢોરોને પાણી પીવા માટે એક હવાડો તથા ગામના લોકોને નહાવા ધોવાની સગવડને માટે બાંધેલું સ્થાન અદ્યપર્યન્ત હયાતીમાં છે. સિવાય તેમના વંશ-વૃક્ષમાંથી બીજા દાખલા પણ આપી શકાય. પરન્તુ લંબાણ તથા વિષયાન્તર ભયે તેથી વિરામ લેવો પડે છે. કહેવાની મતલબ કે ધર્મવીર તથા દયાળુ મહાત્માનો જન્મ, માતા, પિતા તથા તેમના પૂર્વજોએ જાણે અજાણે પાળેલા નિયમાનુસાર થાય છે. અચાનક થતો નથી. ઘણા લોકોને સદ્‌ગુણે ચાલવું બહુ કઠણ લાગે છે, પરન્તુ આત્મા સદ્‌ગુણમય છે. અર્થાત્ સદ્‌-ગુણ એ કુદરતી, સરળ, આચરણીય અને સૂતર છે. અને દુર્ગુણ અકુદરતી, અસરળ, અનાચરણીય અને દુસ્તર છે. આસ-પાસના સંયોગોને લીધે જીવ દુર્ગુણી બને તે જુદી વાત છે. બાકી તે મૂળે સત્ ચિદ્ તથા આનંદ સ્વરૂપ છે. માટે માબા-પોએ તથા શિક્ષકોએ ન્હાનપણથીજ બચ્ચાંઓને સારી રીતે વર્તવાની કેળવણી આપવી જોઈએ. ખાસ કરી "Example is better than precept" "કહેવા કરતાં કરી બતાવવું વધારે સારૂં છે." એ ન્યાયે પોતાનાજ દૃષ્ટાન્તથી છોકરાંને સુધારવાં. ઘણા લોકોને માખીની માફક ચાંદાં ઉપર બેસવાની તથા ઘૂવડની માફક અંધકારનો આશ્રય લેવાની આદત પડેલી હોય છે. તેઓ જ્યાં ત્યાંથી પારકાના અવગુણ શોધી તેની

નિન્દા કરવાજ ટેવાયલા હોય છે. તેઓ સામા માણુસનો વગર પૈસે મળ ધૂએ છે. ધોબી જ્યારે પૈસા લઈ લૂગડાંનો મેલ ધૂએ છે ત્યારે આવા સજ્જનો વગર પૈસે મેલ ધૂએ છે. એટલા તેઓ ધોબી કરતાં વધારે પરોપકારી છે. અને ચિન્તનના નિયમ પ્રમાણે દુર્ગુણો પોતાનામાં દાખલ કરે છે. તેમનું નિંદા-ખાતું ઘણાં પાનાં રોકે છે. અનુભવીઓ જાણે છે કે મહા રોગની ચિકિત્સા કરનારા ડોકટરો યા વૈદ્યો ચિન્તનના પ્રભાવે તે તે રોગના ભોગ થઈ પડે છે. ચિન્તન વડે કીટ ભ્રમર બને છે. ખરે એ ચિન્તનનો ઉપયોગ ઇષ્ટારાધનમાં થતો હોય તો કેટલું કલ્યાણ થાય ? ચોપડામાં નિંદાખાતું પાડી નિન્દા કરનાર ઉપર કંઈક દંડ કરી આ ખાતામાં જમા કરવામાં આવે તો કેટલી જબર રકમ થાય ? વળી તે કેટલી સુધારક તથા શિક્ષણીય રીત બને ?

કચ્છી ભાષાની મહત્તા. કોષ તથા વ્યાકરણની જરૂર.

એક વખત ઉપર વાત ઉપરથી વાતમાં વિવેક–કચ્છીમાં વિવેખ–ઉપર કચ્છી ભાષામાં તેમનું વર્ણન એવું તો સુરેખ, દલીલવાળું તથા અસરકારક હતું કે હું તે સાંભળી સાનંદાશ્ચર્ય પામ્યો. મને તે વખત ખ્યાલ આવ્યો કે કચ્છી જેવી મરદાનગી-વાળી ભાષા, જે હિન્દુસ્તાની જેવી ખેડાએલી તથા વીરત્વ-વાળી ભાષાની પેઠે સંસ્કૃતના ઘણા શુદ્ધસ્વરૂપી શબ્દો અપભ્રંશદ્વારા ધરાવે છે. જેની અન્દર પુષ્કળ સાહિત્ય છે. તથા

જેનું વ્યાકરણ રચ્યું હોય તો નિયમ પણ નીકળી શકે. વળી ગુજરાતી અક્ષરોમાં ઉચ્ચારને અનુસરતો થોડોક વધારો ઘટાડો કરવામાં આવે તો સિંધીની પેઠે જેની લિપિ પણ રચી શકાય. નર અને નારી એ બે કુદરતી જાતિજ જેને માન્ય છે. બીજા શબ્દોમાં નપુંસકલિંગને જેણે પાણીચું આપી દીધું છે. એવી સ્વાભાવિક અને હિમ્મતવાળી મારી માધરી જબાન (ભાષા) કે જે કચ્છપતિથી તે એક રંકની ઝુંપડી સુદ્ધાંમાં બોલાય છે. અને મુંબઈ, કરાંચી વગેરે સ્થળોએ તથા આખી દુનીઆમાં ફેલાએલા તથા પ્રસિદ્ધિને પામેલા મ્હારા સાહસિક દેશબાન્ધવોમાં બોલાય છે. તે વિષે મને ઘણો મોહ ઉત્પન્ન થયો. તેવીજ રીતે જેઓ તેને ધિક્કારે છે તેઓને પ્રતિવાદીમાં ગણવાનું મને દુરસ્ત લાગ્યું. લાખો દેશબાન્ધવોમાં ઘણા ધનાઢ્ય છે તેમજ વિદ્વાન પણ છે. પરન્તુ ઈંગ્રેજોની પેઠે કરોડો પૌંડ ખરચી, તથા બુદ્ધિ વાપરી પોતાની માતૃભાષાને શણગારવાને કોઈ વીર તૈયાર થયો નથી. વ્યાકરણ તથા કોશના સાધન વગરની ભાષાના અરણ્યરુદનને નગરરુદનમાં પરિવર્તન પમાડનારો કોઈ ભગીરથ રાજા જેવો મહાન યોદ્ધા ઉત્પન્ન થાઓ ! અસ્તુ.

વિવેકનો મહિમા.

વિવેક એ દશમો નિધિ છે. સંસાર વ્યવહારથી માંડીને મોક્ષ જેવી શ્રેષ્ઠ ચીજ પણ વિવેક વડે મનુષ્યને પ્રાપ્ત થાય છે. એમ શાસ્ત્રકારોએ ખુલ્લી રીતે સ્વીકાર્યું છે. કવિ દલપતરામે

એક ઠેકાણે કહ્યું છે કે 'એક વિવેક વિના નર અંધો' તેમજ રાજર્ષિ ભર્તૃહરિએ ગંગાજીના દૃષ્ટાન્ત ઉપરથી એક શ્લોકની છેલ્લી લીટીમાં કહ્યું છે કે "" **विवेक भ्रष्टानां भवति विनिपात: शतमुख:** " વિવેક રહિત મનુષ્યની સેંકડો રીતે અવનતિ થાય છે. દરેક મનુષ્ય વાયુનો આસરે સોળ ટન (મુંબાઈના ૧૨૮૦ મણ) નો બોજો પોતાના ઉપર ઉપાડી આસાનીથી ફરી હરી શકે છે. પરન્તુ એક મજુરને સોળ મણનો બોજો ઉપાડવા આપ્યો હોય તો તેને ચાલવું કેટલું વિષમ થઈ પડે. એવી રીતે વિવેકથી અશક્ય ગણાતાં કાર્યો શક્ય થઈ શકે છે. એક કીડીને ચન્દ્રમાને ચુમ્બન કરવાની વૃત્તિ થઈ. તે તેને માટે અસાધ્ય કાર્ય ગણાય. કારણ ચંદ્ર પૃથ્વીથી આસરે ૨૩૦૫૦૦ માઈલ દૂર છે. પરન્તુ તેણે વિવેક વાપરી ધંતુરાના ફૂલનો આશ્રય લીધો. શંકરના કોઈ ભક્તે ફૂલ તોડી તે મહાદેવજીને ચઢાવ્યું. એટલે ધૂર્જટીની ભ્રકુટીને વિષે નિવસેલા નિશાનાથનું ચુંબન કરવાને પિપીલીકાજી ભાગ્યશાળી થયાં. વિવેક રહીત થઈ નિશદિન વિષયમાં વિલસી રહેલા જીવોને બોધદાયક એક હિન્દી કીર્તન તેમના કંઠરવ દ્વારા કર્ણેન્દ્રિયની સહાયતાથી બહુજ આલ્હાદક આલાપના રસનું ભાન કરાવતો ભજન નીચે મુજબઃ—

લોભથી નુકસાન બદલ ભજન.

ભજન તો બનત નાહીં, મન તો સેલાની રે.
અચ્છે અચ્છે ભોજન ચહીએ, ઠંડા જલ પાની રે;
ચાવનેકું બીડીઆં ચહીએ, ઔર થૂંકદાની રે. ભજન૦

સોનેકું સેજ પલંગ ચઈએ, રૂપવંતી રાની રે;
પુત તો સપુત ચઈએ, કુલકી નિશાની રે. ભજન૦
હસ્તી ઘોડા માલ ચઈએ, સત્તા સુલતાની રે;
કિલ્લા તો અજંગી ચઈએ, તોપ મુલતાની રે. ભજન૦
અરવ ખરવ ધન માલ ચઈએ, રતનોકી ખાની રે;
મૂલદાસ કહે યું કર દુનિઆ, લોભે લલચાની રે. ભજન૦

ઋષિવર વિદ્યાધરનું લિખિત ફરમાન–બોધ.

ઋષિવર વિદ્યાધર પોતાના ચોપડામાં એક ઠેકાણે લખે છે કે, “મ્હારા કુટુંબીઓએ કલ્યાણેશ્વર મહાદેવ તથા દેવી આશાપુરાજીને ઈષ્ટ દેવ તરીકે માનવાં.” ઋષિવરનું આ લખાણ એક પવિત્ર બ્રાહ્મણને છાજતું છે. ઘણા ઇંગ્રેજી શિક્ષણ પામેલા, પોતાના ધર્મજ્ઞાનની ગેરહાજરીને લીધે મૂર્તિઓને જડ પત્થર સમજી તેને પગે લાગતાં પોતાનો દરજ્જો ઉતરી ગએલો સમજે છે. તેમની દેખાદેખી વગર ભણેલા તથા સાધારણ ભણેલા પણ એમ કરે છે. કેટલીક નડતર સ્વાર્થી પુજારીઓ તથા લાલચુ ધર્મગુરુઓની પણ છે. દરેક બાબતમાં ફાયદા તથા ગેરફાયદા બન્ને સમાએલા છે. દેવતાથી રસોઈ થાય છે, યંત્રો ચાલે છે. વગેરે અનેક ફાયદા થાય છે. તેમજ તેથી આગ લાગી દર વર્ષે લાખો અને કરોડોનું નુકસાન પણ થાય છે. અન્નથી પોષણ મળે છે, તેમજ તેથી ઝાડા પિસાબની હાજતો તથા રોગની બીક પણ રહે છે. તેવીજ રીતે નામદાર અંગ્રેજ સર-

કારના રાજ્યથી આપણને અગણિત લાભ થયા છે. તેની સાથે સાથે થોડાક આવા ગેરલાભ પણ થયા છે. કેટલેક દરજ્જે આ બાબતમાં આપણી પોતાનીજ કસૂર છે. તેઓ કોઈના ધર્મમાં દસ્તઅંદાજી કરતા નથી. નવી ઢબની કેળવણી લેનારા સવારના પહોરમાં વહેલા ઉઠી તૈમુરલીંગે તથા નાદીરશાહે આટલાં માણસ માર્યાં, આટલાં ગામ સળગાવ્યાં, આટલું ધન લૂટયું વગેરે ગોખતા માલમ પડે છે. આ સ્થિતિની આગમચ બ્રાહ્મણ વગેરે ચાતુર્વર્ણના લોકો સવારના પહોરમાં પહેલ વહેલાં ઈષ્ટા-રાધન કરી તેમાંથી નિવૃત્તિ મેળવ્યા બાદ વ્યાવહારીક કામોમાં રોકાતા. કાંઈ નહિ તો રામનામની બે માળાજ ફેરવતા. ઘણા માણસો નિવૃત્તિને આળસમાં ગણી કાઢે છે. પરન્તુ નિવૃત્તિ એ પ્રવૃત્તિની સૂક્ષ્મ કળા છે. આપણે આખો દિવસ કામ કરી રાતે ઉંઘ લઈએ છીએ તો બીજે દિવસે નવા અને તાજા માણસ થઈ ઉઠીએ છીએ. એક રાતના ઉજાગરાને છ માસના મંદવાડની ઉપમા આપવામાં આવે છે. એક રાજદ્રોહીને ઉજા-ગરા કરાવી મારી નાંખવાની સજા ફ્રાન્સના એક રાજાએ કરી હતી, તેમાં તેનું કેવી કમકમાટ ભરેલી રીતે મૃત્યુ થયું હતું, તેનું સ્મરણ કરતાં રોમાંચિત થઈ જવાય છે. સવારના પહોરમાં પ્રાણાયામ, ગાયત્રી, સન્ધ્યા, દેવપુજા વગેરે નિવૃત્તિની ક્રિયાઓ યથાવત્ એકાગ્ર થઈ બજાવવામાં આવે તો તેથી પ્રવૃત્તિ અથવા વ્યાવહારિક કામોને જે બળ મળે છે, તેની ગણતરી થઈ શકે તેમ નથી. યથાવત્ ઉંઘમાં તથા ઉપરની નિવૃત્તિની ક્રિયાઓમ

આપણું આપણા આત્મસ્વરૂપ સાથે અનુસન્ધાન થાય છે. અને તેથી આપણામાં અદ્‌ભુત બળ આવેલું હોય એમ આપણને ભાસે છે. પણ ચિત્ત એકાગ્ર જોઈએ. નહિ તો વ્યર્થ. આપણા ઋષિમુનિઓ તથા પાશ્ચાત્યોમાં નેપોલિઅન, ગ્લૅડસ્ટન, એડિસન, પ્રિન્સ બિસ્માર્ક વગેરે મહાત્માઓ યથાવત્ નિવૃત્તિની કળાના ઉપાસક હોવાથી જગત્‌માં અદ્‌ભુત શક્તિ બતાવતા ભાગ્યશાળી નીવડ્યા. સુભાગ્યે હાલે સંસ્કૃત ભણેલા સંસ્કારી ગુરુઓ તથા ભારતની ઉન્નતિ ચાહનારા પ્રતાપી અભ્યાગતોના અસરકારક ઉપદેશથી ભારત માતાના પુત્રો સ્થળે સ્થળે દ્વિજ વર્ગને શિખવવા માટે સંધ્યાશાળાઓ સ્થાપવામાં પોતાનું કલ્યાણ સમજવા લાગ્યા છે. ભુજમાં પણ મહાદેવના દરવાજા પાસે એક સંધ્યાશાળા છે. લવાણા તથા સારસ્વત વિદ્યાર્થીઓની સગવડ ખાતર ઋષિવર વિદ્યાધરના પ્રતાપી પૌત્ર રા. રા. વિશનજીએ એક સંધ્યકલાસ કાઢયો હતો. તે ઉપરથી કેટલાક સારસ્વતોને એક સ્વતંત્ર સન્ધ્યાશાળા કાઢવાની ભાવના થઈ. તેનો અમલ થયો. પણ અમુક વખત સુધી ચાલી એ શાળા પડી ભાગી. તે પાછી ક્યારે શરૂ થાય તેને માટે ધાર્મિક વૃત્તિવાળા કાગને ડોળે વાટ જુએ છે. અન્ય દેશના લોકો આરંભશૂરા કહી આપણું હાસ્ય કરે છે, તે ઇચ્છવા જોગ તો નથીજ. Largo building and low foundation જેવો દેખાવ કરી હાલ તો એ યોજના હતી ન હતી થઈ ગઈ છે.

પૂર્વજન્મના યોગી તરીકે રાઘવજી–માતાજી માલબાઈની મહત્તા.

સાથેના ફોટો જોતાં જે મહાપુરૂષ સાધારણ આસને વિરાજી, ત્રાટકના ઉમદા દૃશ્ય પ્રદર્શિત કરે છે, જેમના ઉમદા ચિત્તનિરોધ તેમની સમાધિવાળી એકાગ્રતાનું દર્શન કરાવે છે. યોગના અભ્યાસીઓ પ્રથમ આસન શિખે છે. ત્યારબાદ પ્રાણાયામ વગેરેનો અભ્યાસ કરે છે. પરંતુ પૂર્વજન્મના આ યોગી મહાત્માને સાધારણ આસને પણ સમાધિની એકાગ્રતાનો લાભ મળેલો જણાય છે. એનો સબબ તેવણનાં પવિત્ર માતુશ્રી સાધ્વી માલબાઈ જ છે. જેમના સદ્ગુણો મરહુમ ઋષિવરમાં હુબહુ સંગઠન પામેલા હતા. ખરેખર માતા તો આવીજ જોઇએ. નેપોલીઅને કહ્યું છે કે દેશને સુધારવા માગતા હો તો માતાને જ્ઞાન આપો. એશિઆટિક પાવરમાં જાપાનનોજ દાખલો લેઇએ. જાપાન, ઈંગ્લાંડ, જર્મની, યુનૈટેડ સ્ટેટસ વગેરે દેશોના દાખલાથી પુરવાર થાય છે કે યથાવત્ સ્રીકેળવણી વગર સારાં સંતાનોની આશા રાખવી એ છાપરેથી ઘર બાંધવા બરાબર છે. ઇંગ્લાંડ, જર્મની વગેરે દેશોમાં લોકો પોતાનાં ન્હાનાં બાળકોને શરૂઆતથીજ પોતાના સામર્થ્ય પ્રમાણે સારી કેળવણી આપવા ખાતર સારો ખરચ રાખે છે. અને કેળવાએલી વિદ્વાન આયાની તરબીઅત તળે તેમને મૂકે છે. જે લોકોની એટલો ખર્ચ કરવાની ઇચ્છા ન હોય અથવા શક્તિ ન હોય તેમને માટે છો-

કરાં ચાર વરસનાં થાય એટલે શાળામાં દાખલ કરવાની ગોઠવણ રાખેલી છે. જ્યાં તેમને કેળવવા માટે મ્હોટો પગાર આપી અનુભવી, ગુણવૃદ્ધ તથા વિદ્યાવૃદ્ધ અને બાળસમાન ભાવવાળી સ્ત્રીશિક્ષકોને રોકવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણ બહુધા સ્ત્રીશિક્ષકો હસ્તેજ અપાય છે. વગર ધોરણ તથા પહેલા ધોરણમાં બાહોશ, અનુભવી, વયોવૃદ્ધ તથા અનુભવી ટ્રેઈન્ડ શિક્ષકોજ રોકાય છે. જ્યાં મરદ શિક્ષકો હોય ત્યાં પણ એવીજ વ્યવસ્થા હોય છે. કેટલેક સ્થળે વિદ્યાર્થીઓ ઉપલા ધોરણમાં જાય છે તેની સાથે તેમના શિક્ષક પણ તેજ ધોરણમાં જાય છે. આથી વિદ્યાર્થીની તબીઅત બાબે શિક્ષકને વધારે વધારે વાકેફગારી મળતી જાય છે. આપણા દેશના જેમ માર બુધું અને કર સુધું એવો વ્યવહાર કરનાર શિક્ષક સમાજ તથા ઉપરીઓના ખોફનો ભોગ થઈ પડે છે. ત્યાં તો વિદ્યાર્થીઓ, શિક્ષકો, ઈન્સ્પેકટરો વગેરે દરેક ધંધાદારીઓનાં ભિન્ન ભિન્ન મંડળ હોય છે. તે મંડળના કાનુન હોય છે. સદરહુ કાનુન તોડે છે તે મંડળથી બહાર મુકાય છે. અને કાનુન પાળે છે તે ઘણી સગવડો ભોગવે છે. થોડાક વખત ઉપર મજુરો તથા શેઠો વચ્ચે વૈમનસ્ય પેદા થતાં શેઠો તથા આખા ઈંગ્લાંડના ઘણાખરા ધંધાઓને તથા લોકોને મજુરોની હડતાળોથી કેટલું બધું ભોગવવું પડયું હતું, તે વર્તમાન પત્રના વાચકોથી અજાણ્યું નહિ હોય. આપણા દેશમાં ન્યુસ ઘણા થોડા લોકો વાંચે છે, પરંતુ ઈંગ્લાંડ તથા યૂરપના અન્યદેશમાં

તો મજુર તથા [1]ઢેડ [2]ભંગીઆ સુદ્ધાં તે વાંચે છે. અલબત ત્યાં પ્રાથમિક કેળવણી ફરજીઆત છે. આપણા દેશમાં ગાયકવાડ સરકાર સિવાય કોઈ નૃપતિના મુલકમાં ફરજીઆત કેળવણીનો કાયદો માલમ નથી. આપણે કેળવણીની વાત ઉપરથી કયાંના કયાં નીકળી ગયા, પરંતુ માતૃ-કેળવણી આગળ સઘળી જાતની કેળવણી પાણી ભરે છે. તેની કાર્યસાધકતા વિષે, બોસ્ટન શહેરની કન્યાશાળામાં ઈનામ વહેંચતાં પ્રેસિડેન્ટ એડમ સ્મિથના ભાષણ ઉપરથી અચ્છો પુરાવો મળે છે. પૂર્વકાળને વિષે આર્યાવર્તમાં અતિ નામાંકિત વિદ્વાન સ્ત્રીઓ થઈ ગઈ છે. જેના પુષ્કળ દાખલા શાસ્ત્રપુરાણોમાં છે. દાખલા તરીકે ઈસ્વીસનના નવમા સૈકામાં શંકરાચાર્ય તથા મંડનમિશ્રના વાદમાં મધ્યસ્થ તરીકે મંડનમિશ્રની સ્ત્રી સરસ્વતી મધ્યસ્થના આસન પર બિરાજ્યાં હતાં. સ્ત્રી અથવા ઘર નરને બનાવે છે. એવી રીતે સતી માલબાઈના પ્રતાપે બ્રહ્મર્ષિવર રાઘવજીનો પ્રતાપચંદ્ર પૂર્ણ કળાએ પહોંચ્યો.

નામકરણ સંસ્કારનું માહાત્મ્ય.

નામકરણ સંસ્કારની ક્રિયાને અંગે નામનો મહિમા દાખવનારાં આન્દોલનો તદનુસાર ગુણોનું પણ આકર્ષણ કરે છે. એવું ઘણા દાખલામાં બનતું જોવામાં આવે છે. બેવકુફને નમાલો

૧-૨ આપણા દેશના જેવો જ્ઞાતિભેદ ત્યાં નથી. એટલે આ બાબત ધંધાને અંગે સમજવાની છે.

(નિર્માલ્ય) કહેવામાં આવે છે. માલબાઈ શબ્દનો પર્યાય તેથી ઉલટો એટલે બુદ્ધિવાન જેવો થાય છે. અર્થાત્ માલબાઈ નામ પાડનારા તેમનાં પૂર્વજો જ્યોતિષશાસ્ત્રના સંયોગ પ્રમાણે અથવા તેઓ પોતે જોશી કહેવાતા. તદનુસાર તેમની હોશિઆરી અને જ્ઞાન મહાત્મા રાઘવજી શર્માના માતુલ પક્ષની દક્ષતા તથા અનુભવની ઉચ્ચતાનું પ્રમાણ આપે છે.

બ્રહ્મચારી બાલારામજીનો અભિપ્રાય.

નામીચા બ્રહ્મચારી બાલારામજી જેઓ કહેવા માત્રના સાધુઓનાં લક્ષણ તપાસવા તેમના દ્વારાઓની અવચિંત્ય (ઓચીંતી) મુલાકાત લેતા, અને પોતાની મુલાકાતથી વેષધારીઓને ઘણો ભય ઉપજાવતા, તેમણે સાધુ તરીકે કચ્છ વાંઢાયના મહાત્મા ઈશ્વરદાસજીને જ ફકત પસંદ કર્યા હતા. એવા એક મહાત્માએ બ્રહ્મર્ષિવર રાઘવજીશર્માના મસ્તિષ્કના ભાગમાં બ્રહ્મરન્ધ્ર, આજ્ઞાચક્ર વગેરે પ્રદેશોનું નિરિક્ષણ કરી પૂર્વ જન્મના યોગી તરીકે તેમને ઝાહેર કર્યા હતા. તેમના તેવા સદ્ગુણો આ સાથેના તેમના શારીરિક ચિત્ર ઉપરથી અવલોકન કરનાર વિદ્વાન્ સામુદ્રિકશાસ્ત્રીને જણાઈ આવશે.

બ્રહ્મચર્યાશ્રમ સાથે શારીર, માનસ તથા હૃદયબળનો સંબંધ.

મધ્યકાળમાં સંયોગવશ બ્રહ્મચર્યાશ્રમનું નામ માત્રનુંજ પાલન થતું, જે સ્થિતિ અદ્યાપિ કાયમ છે. તોપણ આ મહા-

ત્માનું કદ્દાવર શરીર તેની સાથે માનસિક બળ તથા હૃદય-બળનું મિશ્રણ વગેરે જોતાં તેમણે એ આશ્રમ યથાવત્ પાળ્યો હોય એમ ભાસે છે. દક્ષિણી તથા નાગર અને બીજા લોકો જેમાં એ આશ્રમનું થોડું ઘણું પણ પાલન થાય છે. તેમની પ્રજા સૌન્દર્ય–સમ્પૂર્ણ તથા દીર્ઘાયુષી નીવડે છે. પશુઓ પણ એ બાબતમાં મનુષ્યથી ચઢીઆતાં ભાસે છે. પોતાનાં બચ્ચાં ઉપર વહાલ રાખવો એ તો જંગલી લોકો પણ સમજે છે. છતાં આશ્ચર્ય જેવું ભાસે છે કે આર્ય નામને જેબ આપનારા આપણા ભારતવાસી ભાઇઓ બાળલગ્ન કરી નિજ સંતાનોને વહેલાં મારી નાંખવાનો અને સંતાનોની પ્રજાને મડદાલ બનાવવાનો પ્રયોગ રચે છે. અલબત આપણી પડતીનું આ એક ખાસ કારણ છે. નિર્વીર્ય શરીરમાં માનસબળ તથા હૃદયબળ તો હોયજ કયાંથી ? સરોવરમાં પહેલા વરસાદનું પુરતું જળ આવ્યા વગર તેને ખાલી કરનારા ગુપ્ત માર્ગો ખુલ્લા રાખવા એ તે તળાવને શુષ્ક બનાવવા બરોબર છે. આ બાબતમાં મનુષ્યની ક્રૂરતા વાઘ, સિંહ જેવાં હિંસારી પ્રાણીઓ કરતાં ચડતા દરજાની છે. કારણ પોતાનાં બચ્ચાં સાથે તેઓ એવી ક્રૂરતાથી વર્તતાં નથી, બલ્કે નિઃસીમ પ્રેમ ધરાવે છે. સદરહુ મહાત્માએ નીરોગી શરીરે ૮૯ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું. ગીતાજીમાં કહ્યું છે કે " જે ખાવા પીવામાં નિયમિત રહે છે, તેજ પરમાત્મા સાથે મન જોડી શકે છે. એ વાકય પ્રમાણે આહાર વિહારના મધ્યમપણાથી અવસાનની સન્ધિ લગણ તેમણે કોઇ જાતના દુઃખ

દરદનો અનુભવ કીધો નહોતો. એક યોગીની માફક તેમના શરીર તથા પ્રાણનો વિયોગ થયો હતો.

રાઘવજીના હૃદયબળ વિષે.

તેમના હૃદયબળના દાખલામાંનો એક દાખલો એ છે કે તેમણે પોતાની યુવાવસ્થામાં આગગાડી, આગબોટ વગેરે સાધનોના અભાવના કાળમાં વગર ખરચીએ બે વર્ષ યાત્રા કરવામાં લાગે, તોપણ ધૈર્ય સાથે માનસ બળથી તે કાર્ય પાર મૂક્યું હતું. યાત્રાના સાથી તરીકે પ્રાણજીવન નામના એક બ્રાહ્મણને પસંદ કરવામાં ભારે ખુબી કરી હતી. આ પ્રાણજીવન દેખાવમાં તથા ગુણમાં ઘણી રીતે તેમના સાથે મળતાપણું ધરાવતા હતા.

કરેલ ૯ ગાયત્રી પુરશ્ચરણ.

પોતાની હયાતિ દરમિઆન પાંચ બૃહત્ અને ચાર લઘુ ગાયત્રી પુરશ્ચરણ સાંગોપાંગ કર્યાં હતાં. એટલી બધી તેમની ગાયત્રી ઉપર શ્રદ્ધા હતી. પોતાની આ શ્રદ્ધા તેમણે છેવટ સુધી કાયમ રાખી હતી. તેના પુરાવા તરીકે અન્ય જનો જેમ વ્યવહારિક ધર્મો માગી લે તેમ ન કરતાં બ્રહ્મનું સાક્ષાત્ અંગ જે ગાયત્રી તેના પાંચ લાખ મંત્ર સ્વશ્રમે જપવાનું ફળ તેમના ચિરંજીવ વિશનજીભાઈ પાસેથી માગી લીધું હતું. અન્ય સગાં સંબંધીઓની યોગ્યતાનુસાર તેમની પાસેથી પણ એજ માગ-

ણીની ઈચ્છા દર્શાવી હતી. એવા મહાન તપસ્વી યોગીંદ્રની યોગ શ્રી કેટલી વિપુલ હોવી જોઈએ? સિંહણનું દૂધ રાખવા માટે જેમ સુવર્ણ પાત્ર જોઈએ તેમ આવા તપસ્વી પુત્રને માટે સાધ્વી માલબાઈ જેવી બ્રહ્મતેજ પૂર્ણ માતાની કૂખજ યોગ્યતા ભરેલી ગણાય. દરેક બૃહત્ પુરશ્ચરણમાં ૨૪ લાખ મંત્ર અને લઘુમાં સવા લાખ મંત્ર જપાય છે.

ભયથી ક્યાં લગણ બ્હીવું?

શ્લોક.

तावद्भयस्य भेतव्यं यावद्भयमना गतम् ।
आगतं तु भयं वीक्ष्य नरः कुर्याद्यथोचितम् ॥

જ્યાં સુધી ભય પાસે ન હોય ત્યાં સુધી તેની બ્હીક રાખવી. પરન્તુ તેને નજદીક આવેલો જોઈ માણસે જે ઉચિત હોય તે કરવું જોઈએ.

જયકૃષ્ણનું અવસાન ચમત્કાર.

ઉપરના શ્લોકની મતલબ પ્રમાણે તેમની યૌવનાવસ્થામાં તેમના કનિષ્ટ પુત્ર જયકૃષ્ણનો પંદર વર્ષની કિશોરાવસ્થામાં પરલોક ગમનનો મ્હોટો ભય તેમના પર આવી પડયો. તેનો ધીરજથી પરિહાર કર્યો. આ પુત્ર વસિષ્ઠ-તનુજ શક્તિ સમાન નીવડવાની આગમચેતી કરાવતા હતા. સજર જગત્‌ને ત્યાગી

અજર જગત્માં નિવાસ કરનાર આ ગુણવાન પુત્રનું ગૂમ થવું સાધારણ પુરૂષથી સહન થવું દુર્ઘટ હતું. આ પ્રતાપી પુત્રના અવસાન સંબંધની એક વાત નોંધી લેવા જેવી છે. જે શ્રાવણ માસમાં તેનું પરલોકગમન થયું તેમાં બ્રહ્મર્ષિવર રાઘવજી શર્મા દર વરસના નિયમાનુસાર શ્રાવણ માસના શિવપૂજનમાં કચ્છ ચપરેલી ખાતે રોકાવાના હતા. ભુજથી સદરહુ ગામે પ્રયાણ કર્યા આગમચ તન્દુરસ્ત છતાં જયકૃષ્ણે કહેલું કે આ સાલની પૂજા હું મારે હાથે કરીશ. કારણ આપણે તો હવે ચપરેલીમાંજ રહીશું. આ બોલનો મર્મ તે વખત કોઇના ધ્યાનમાં ન રહ્યો. માસ આખરે પૂજાની પૂર્ણાહુતિને રોજ આ મુનિકુમારના જીવન નાટકની પૂર્ણાહુતિ शिवोहं शिवोहं વદતાં થઇ ગઇ. પોતાની પાછળ શોક કરવાની સર્વને મનાઇ કરી. પાછળથી ઋષિવરના એક કુટુમ્બીને ક્ષેત્રપાળનો વાસો આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું કે જયકૃષ્ણની સદ્ગતિ થઇ છે. માટે તેની પાછળ શ્રાદ્ધ, સંવત્સરી (છમછર) ઇત્યાદિ કરવાની જરૂર નથી. પણ કુટુંબીઓ કર્યા વગર રહે ?

संयोगो हि वियोगस्य संसूचयति संभवम् ।
अनतिक्रमणी यस्य जन्ममृत्यो रिवा गमम् ॥

જેમ જન્મ બેશક થનાર મૃત્યુના આગમનની સૂચના કરે છે, તેવીજ રીતે સંયોગ ભવિષ્યમાં થનાર વિયોગની પક્કી ખાત્રી આપે છે.

પડતીમાં શ્રેષ્ઠતા. ધૈર્ય.

એવા સિદ્ધાન્તવાળા ઋષિવર રાઘવજી પર આ આપત્તિનું વાદળ ચઢી આવ્યું. તત્સંબંધમાં સગાં સ્નેહીઓ ખરખરો કરવા આવતાં, તેમને એક બ્રાહ્મણને છાજતી શાન્તિ ધારણ કરી ઉલટો દિલાસો આપતા, અને કહેતા કે નાશવંતનો શોક કરવો વ્યર્થ છે. દુઃખના પ્રસંગે અન્ય સાધારણ જનોની જે દશા થાય છે; તેવા પ્રસંગોમાંથી મહાત્માઓ પોતાને માટે કાયમના સુખ તથા દિલાસાનો માર્ગ શોધી કાઢે છે, અને ઉન્નતિ સધાય એવી રીતે વાપરે છે. વળી પોતાના ભાવિ વર્તનની દિશા ચોક્કસ કરી લેવામાં પોતાની જીવનનૌકાના હોકાયંત્રની જગોએ તેને યોજે છે. **संपदि यस्य न हर्षे विपदि विषादे रणे च धीरत्वं भुवन त्रय तिलकं जनयति जननी सुतं विरलं.** સંપત્તિમાં જેને હર્ષ થતો નથી, વિપત્તિમાં જેને ખેદ થતો નથી અને રણક્ષેત્રમાં જે ધીરજ ધરે છે, એવા ત્રણે ભુવનના શણગાર સમાન વિરલા પુત્રને કોઇક માતા જન્મ આપે છે. સતી માલબાઇના અંકમાં ઉછરેલા ત્રણ ભુવનના તિલક સમાન સુત રાઘવજીને આ તથા તેમની વહાલી પુત્રી કુંવરબાઇના ખેદકારક મૃત્યુના આઘાત સહન કરવા પડયા. કેટલોક સમય વ્યતીત થયા બાદ તેમના જયેષ્ટ પુત્ર વિશનજીની રોહા-સ્કુલ માસ્તરની જગો પરથી લીંબડી સંસ્થાનમાં સારા પગારથી મોટા ઓદ્ધાપર નિમણુંક થઇ કે જેવણ હાલે કચ્છ સ્ટેટના ઘોડાર સુપ્રિન્ટેન્ડેન્ટની જગોએ ભુજ-

માં નિમાએલા છે. એ જગોએ તેમને નીમાએ દશથી ઉપરાંત વર્ષ થયાં. તે દરમિઆન તેમની કામગીરી તથા પ્રમાણીકપણું રાજા પ્રજા ઉભયને અચ્છી રીતે જ્ઞાત છે. તેમની સાથે ઋષિવર રાઘવજીને તે કાળે લીંબડી જવાનું બન્યું. જ્યાં શ્રી કીર્ત્તિ વગેરેની અચ્છી રીતે પ્રાપ્તિ થઇ. અને થોડાં વર્ષ દરમિઆન આગળની સ્થિતિને મુકાબલે ઘણો તફાવત પડી ગયો. તોપણ પરમાત્મા રામચન્દ્રજીના નામ અને સમતાની સાથે મળતાપણું ધરાવનારા રાઘવજીને-રામચંદ્રજીને રાજ્યાભિષેકનો હુકમ સાંભળતાં હર્ષ ન થયો, અને રાજ્યાભિષેકને બદલે વનવાસનું સાંભળતાં ખેદ ન થયો.-હર્ષનો અતિરેક ન થયો. આ સ્થળે જોશી પદકને જેબ આપનારા, વિદ્યાધર નામને સાર્થક કરનારા ભવિષ્યવેત્તા પિતાના જોશી તરીકેની આબરૂની અવધી થઈ. હાલ જે કામ લાખો રૂપીઆનું ખરચ ખાઈ વાયુચક્રશાસ્ત્રખાતાવાળાઓ બજાવે છે, તેજ કાર્ય પૂર્વ કાળમાં વર્ષાદનો વર્તારો કાઢનારા આર્ય જોશીઓ કરતા. તેમાં જેનો વર્તારો જુઠો પડે તે જીવતાં લગણુ મૌન ધારણુ કરે એવો તે સમયમાં રિવાજ હતો. વર્તારો ભાગ્યેજ અસત્ય ઠરતો. હાલમાં વાયુભારમાપકયંત્ર, દેશની ગરમી તથા અરબી સમુદ્ર અને હિંદી મહાસાગર પરથી આવતા પવનના પ્રવાહ વગેરે પરથી વર્તારો કાઢવામાં આવે છે. જે કેટલો સત્ય નીવડે છે તે આપણે પ્રત્યક્ષ નીહાળીએ છીએ.

ઋષિવર રાઘવજી બાબત કચ્છપતિ તથા લીંબડીપતિનો અભિપ્રાય.

કચ્છની પ્રજા પોતાના દેશપતિને બાવા એટલે પિતાના નામથી સંબોધે છે, અને ઇતિહાસ જોતાં કચ્છના મહારાવો પોતાની રૈયતને પુત્રવત્ પ્રેમથી પાળતા આવ્યા છે. "દિલભર દિલ" અથવા 'Love wins love' એ કહેવત પ્રમાણે હાલના ભૂષભૂષણ મહારાવ શ્રી ૭ સર ખેંગારજી સવાઈ બહાદુર, જેમને ભારત માર્તંડ ગટ્ટુલાલજીએ ક્ષમાગાર કહી વર્ણવ્યા છે. જે નામદાર ઉમદા વિદ્વાન તથા ઉંચા મનુષ્ય પરીક્ષક છે. તેવણ નામદાર પોતાની પ્રજાનું કેવી પ્રીતિથી પાલન કરે છે? અને પ્રજા પણ તેવણને કેવા હેતથી ચાહે છે? એ સર્વ કોઇને જ્ઞાત છે. એટલે વિશેષ વર્ણનની જરૂર નથી. એવા એક ગુણવાન મહારાજાએ પ્રથમ દર્શને "અહો, આ તો ઋષિ," એમ કહી બ્રહ્મર્ષિ રાઘવજીને સંબોધ્યા હતા, અને એજ શબ્દાવળીની પુનરુક્તિ ઘણા મનુષ્યો સમક્ષ પુનઃ પુનઃ કરી હતી. આ વાત પ્રસંગોપાત વિશનજીભાઇને મોઢેથી જ સાંભળી હતી.

પ્રિય વાંચનાર! લીંબડીના વિદ્વાન મહારાજા યશવંતસિંહજી જેવા આખા કાઠિઆવાડમાં ધર્મવીર ઠાકોર સાહેબ તરફથી તેમને મળેલા માન બાબતમાં આગળ ઉપર ઉલ્લેખ થઈ ગએલ છે. સદ્‌ગત ઠાકોર સાહેબનો ઘણો કાળ સ્વામિ વિવેકાનંદજી જેવા અનેક અભ્યાગતોના સમાગમમાં વ્યતીત થયો હતો.

જેનું વિશેષ બોધદાયક તથા જ્ઞાનયુક્ત વર્ણન 'યશવંત જીવન-ચરિત્ર' નામે પુસ્તકમાં છે. આવી રીતે આ બન્ને વિદ્વાન મહારાજાઓની તેમના પ્રત્યેની લાગણીથી વાચકોને તેમના ઋષિત્વ સંબંધે સમ્પૂર્ણ ખાત્રી થએલી હોવી જોઇએ.

બ્રાહ્મણ તરીકે રાઘવજીની શ્રેષ્ઠતા.

સદ્દગૂ બ્રહ્મર્ષિએ કરેલાં બૃહત્ તથા લઘુ પુરશ્ચરણની સંખ્યા જેટલાં પુરશ્ચરણ કરેલ, વળી તે સ્વમુખે જપી યજ્ઞ, બ્રહ્મભોજન, તર્પણ વગેરેથી વિધિબદ્ધ કરેલ એવા બ્રાહ્મણ કચ્છમાંથી કેટલા નીકળે ? આ સવાલનો જવાબ કદાચ એકમની ન્હાનામાં ન્હાની સંખ્યા જેટલો પણ આવે. અર્થાત્ ઉપરની ધાર્મિક ક્રિયાઓથી તેમને સુપાત્ર કહેવા સઘળા સંમત થાય, અને એવા સુપાત્રને દીધેલું દાન સફળ છે. હિતોપદેશમાં એક ઠેકાણે કહ્યું છે કેઃ—

यद्ददासि विशिष्टेभ्यो यच्चाश्नासि दिने दिने ।
तत्ते वित्तमहं मन्ये शेषं कस्यापि रक्षसि ॥

પૈસાનો ઉપયોગ.

જે ધન સુપાત્રોને અપાય છે અને નિત્ય ખવાય છે; તેનેજ માત્ર હું તમારૂં ગણું છું. બાકીનું તો બીજાનું છે, તમે કેવળ રક્ષણ કરનાર છો. જે દાન સુપાત્રને અપાય છે, તેનું કરોડગણું ફળ મળે છે, એમ આ શ્લોકથી સમજાય છે. ભુજમાં

મરહુમ ઋષિવર જેવા સુપાત્ર કેટલા નીકળે ? જેઓ બ્રાહ્મણોની નિંદા કરે છે, તેઓએ ઋષિવર રાઘવજીના દૃષ્ટાન્તથી ધડો લેવો જોઇએ, કે કળિકાળમાં પણ બ્રહ્મને જાણનારા બ્રાહ્મણોની નાસ્તિ નથી. આવા સુપાત્રોને શોધી તેમને દાન આપવું, એ યજમાનના હક્કમાં કલ્યાણકારી છે. હજાર શણગારેલી ગાયો સુવર્ણથી મંડીત શીંગડાં સહીત દાનમાં આપવાને તૈયાર કરી મિથિલાપતિ જનક વિદેહીએ બૂમ પાડી કે "આ દાન લેવાને કોઈ યોગ્ય બ્રાહ્મણ છે કે ? જો હોય તો તે લેઈ જાય." પરન્તુ તે હાંકી જવા ભૃગુઋષિ સિવાય બીજા કોઇ ઋષિની હિમ્મત ચાલી નહિ. કળિયુગને વિષે કોઈ જનક જેવો ધર્મિષ્ઠ દાનવીર નીકળી આવે, અને તે દાન દેવા ધારે તો તે લેવાની હિમ્મત કરવાને બ્રહ્મર્ષિ રાઘવજીની પાત્રતા દરોબસ્ત ગણી શકાય. એમ અત્યાર લગણના તેમના ચરિત્રથી મુનાસિબ કહી શકાય.

રાઘવજીની સુપાત્રતા.

અધ્યાત્મ ગગનમાં ઉંચે ઉંચે ઉડનારા આપણા સારસ્વત ઋષિ મુનિઓ પ્લક્ષ પ્રસ્રવણમાંથી નીકળેલી સરસ્વતીને તીરે સિદ્ધાસન વાળી વાય્વાહાર કરતા થકા વિષયાનંદથી વિરક્ત રહી બ્રહ્માનંદમાં લીન થઈ સમાધિસ્ત સ્થિતિનો અલભ્ય લાભ લેતા લેતા સૃષ્ટિને સંકલ્પ માત્રથી વધારવાના તથા તેનું શુભ કરવાના ઉદ્દેશથી આન્દોલનોનો વિસ્તાર કરતા હતા. જેમની અનુક્રમે પરમર્ષિ, મહર્ષિ, ઋષિ, ઋષિક અને ઋષિપુત્ર એવી

સંજ્ઞા થઈ. જેઓ હરવખત સત્ય ભાષણથી વચનસિદ્ધ હતા. મને, વાચાએ તથા કર્મે કરીને અહિંસા ધર્મ પાળતા, અને તેથી જેમના આશ્રમની આજુબાજુ કેટલાક કોસ (ગાઉ) સુધી હિંસારી મનુષ્યો તથા વનચરો પણ પોતાની હિંસક પ્રકૃતિનો ત્યાગ કરતા. પ્રાણનું નિયમન કરવાથી જેઓ ગગન-ગમન કરી શકતા. સંયમ સિદ્ધિથી જેઓ પૃથ્વી પર તો ઠીક પણ સૂર્ય-ચંદ્ર-લોકમાંના પદાર્થોની અસ્તિ તથા ત્યાં બનતા વ્યતિકરોનું અવલોકન પોતાના આસનથી એક તસુ પણ ખસ્યા વગર હસ્તામલકવત્ કરી શકતા.-આપણે સ્વપ્નાવસ્થામાં માત્ર આપણી ઇંદ્રિયોના અમર્યાદ બળનો સ્વલ્પાંશે અનુભવ કરી શકીએ છીએ, જાગૃત થયા અને ૯૫ ટકાવાળા મનની સત્તા ગૂમ થઈ એટલે સઘળું ઉડન છૂ થઈ જાય છે. કારણ તેમના પ્રમાણમાં આપણી એકાગ્રતા નિર્જીવ છે. અરે ! કેટલાક સંયોગોમાં ઉંદર પકડવાને ધ્યાન ધરી ઘંટી નીચે બેઠેલી બિલાડીબાઈ કરતાં પણ ન્યૂન છે.-જેઓ બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકવાના કારણ-સરજ ઋષિ કહેવાતા. કારણ ઋષિ શબ્દમાં ઋષ્ ધાતુ છે, તેનો અર્થ ગતિ કરવી એવો થાય છે. ગતિ કોના તરફ કરવી ? બ્રહ્મ તરફ. હાલના તમામ બ્રાહ્મણો અવ્વલના દશ પ્રજાપતિ ઋષિઓના અનુજ છે. એમ હાલના બ્રાહ્મણોના ગોત્ર પરથી સમજાય છે. આમ્રવૃક્ષમાં આમ્ર ફળજ થાય. એટલે આ લખાણના પહેલા પૃષ્ટની પ્રથમની પંક્તિમાં દર્શાવ્યા પ્રમાણે ઉચ્ચ

ઉત્તમના મૂળ પુરૂષોના વંશજ તરીકે ચરિત્રના નાયક સમાન મહાન પુરૂષોનો ઉદ્ભવ થાય, એ સ્વાભાવિક છે. હિતોપદેશમાં કહ્યું છે કેઃ—

બ્રાહ્મણો, તેમનું સામર્થ્ય, ઋષિનો મૂળાર્થ.

न धर्मशास्त्रं पठतीति कारणं
न चापि वेदाध्ययनं दुरात्मनः।
स्वभाव एवात्र तथाति रिच्यते
यथा प्रकृत्या मधुरं गवां पयः ॥

જે દુષ્ટ છે તે ધર્મશાસ્ત્ર તથા વેદ શીખે તો પણ શું થયું? કારણ સ્વભાવજ સૌથી બલવાન બાબત છે. જેમકે ગાયનું દૂધ સ્વભાવથીજ મધુર હોય છે.

વાદવિજેતા ખરો પંડિત નથી.

કેટલાક ઘણાં શાસ્ત્ર શીખી વિદ્યાવાદમાં વિદ્વાનો ઉપર વિજય મેળવે છે, અને પોતાની કીર્ત્તિને દિગન્તમાં પ્રસરાવે છે. તેઓ સાભિમાન વાદ કરી સામાનો ખોફ ખેંચી લે છે, અને વખતે કાષ્ટઘંટા સ્વામિને હસ્તે થએલા બનાવ જેવા બનાવોને જન્મ આપે છે. અર્થાત્ સામા મનુષ્યનું મન હારતાં છતાં ન દુખાય તેવી રીતે વાદ ચાલવો જોઇએ. શ્રી કૃષ્ણે ગીતાજીમાં અર્જુનને ઉદ્દેશીને કહ્યું છે કે 'ईश्वरः सर्व भूतानां हृद्देशे अर्जुनस्तिष्ठति.' હે અર્જુન! ઇશ્વર સઘળાં પ્રાણીઓના

હૃદય પ્રદેશને વિષે સ્થિત છે. મનુષ્યને કચવાવવો એ ઇશ્વરને ગુસ્સે કરવા બરાબર છે. અલબત સત્યનું ખંડન ન થાય તેની સંભાળ રાખવી. ફક્ત ભણવાથી અથવા વાદમાં વિજયી થવાથી મનુષ્યની પંડિતમાં ગણના થતી નથી. વિદ્વાનમાં જે વિદ્ ધાતુ છે તેનો બહોળો અર્થ થાય છે. પંડિતની વ્યાખ્યા વિષ્ણુશર્માએ નીચે મુજબ કરી છેઃ—

પંડિતની વ્યાખ્યા.

आत्मवत्सर्वभूतेषु, मातृवत्परदारेषु ।
परद्रव्येषु लोष्ठवत्, यः पश्यति सः पंडितः ॥

પોતાની માફક સર્વ પ્રાણીઓને, માતાની માફક પારકી સ્ત્રીને, માટી મિસાલે પારકા દ્રવ્યને જે નિહાળે છે, તેજ પંડિત છે. અર્થાત્ વાગ્યુદ્ધના વિજયી વિદ્વાનો કરતાં શાન્તિનો વિજય મેળવનારા બ્રહ્મર્ષિ રાઘવજી જેવા મહાત્માઓની કીર્ત્તિ કાંઈ ઓછી નથી. ફક્ત વાતો કરવા કરતાં તે પ્રમાણે આચરવું એ શ્રેયસ્કર છે. અંગ્રેજીમાં કહેવત છે કે "Example is better than precept" કહેવા કરતાં કરી બતાવવું વધારે સારૂં છે. કહેવું થોડું અને કરવું ઘણું એવી મનુષ્યની સરજતના સમ્બન્ધમાં ઇશ્વરેચ્છા પણ સાનુકૂળ જણાઈ આવે છે. કારણ હાથ, પગ વગેરે અવયવો બબ્બે આપેલા છે, પરન્તુ જીભ એકજ આપેલી છે.

નિષ્કામ કર્મની મહત્તા.

સકામ કરતાં નિષ્કામ કર્મોની મહત્તા શાસ્ત્રકારોએ વિશેષ વર્ણવી છે. તેનો સબબ એજ કે ફળરૂપી કરોળીઆના જાળામાં ફસાએલો જીવ મોક્ષના આનંદથી વંચિત રહે છે. તેથીજ ગીતાજીમાં કહ્યું છે કે **कर्मण्येवाऽधिकारस्ते मा फलेषु कदाचन** અથવા ઇંગ્રેજ કવિ કાર્લાઇલના શબ્દોમાં Work is worship સાધારણ પુરૂષ અને મહાત્મામાં એટલું અન્તર છે. પહેલો ફળની ઇચ્છાથી કાર્ય કરે છે. જેને પરિણામે સુખ યા દુઃખ પ્રાપ્ત થાય છે. બીજો ફળની ઇચ્છા વગર કાર્ય કરે છે. પરિણામે તેને સુખ વા દુઃખ પ્રાપ્ત થતું નથી. તે તો સદા આત્માનંદમાં ઓતપ્રોત રહે છે. એટલે તેના અન્તરાત્મામાં **बद्धःको? यो विषयानुरागी, मुक्तः को? भो विषये विरक्तः** વિષયમાં જેને પ્રીતિ છે તે બન્ધનયુક્ત અને વિષયને વિષે જેને વિરાગ છે તેજ મુક્ત. પહેલાને મહા-તમા અને બીજાને મહાત્માથી સંબોધવો સજાવાર છે.

રાઘવજીની એકાગ્રતા.

મરહુમ બ્રહ્મર્ષિ નિરન્તર ગાયત્રી જપમાં મશગુલ રહેતા. તે એટલે દરજ્જે કે કેટલીક વખત ખાનપાનાદિનો લાભ આપવા ખાતર ઉત્થાન કરાવવાનું કામ કુટુમ્બીઓને માટે વિકટ થઈ પડતું. અભ્યાસનું પ્રબળ કેટલું છે! ગમે તેવી વિદ્યા અભ્યાસને અશક્ય નથી. અભ્યાસથી મૂર્ખ, પંડિત બને છે, નિર્બળ

બળવાન બને છે, કાયર શૂરો બને છે. અભ્યાસ એ કુદરતથી બીજે નંબર છે. અલબત અભ્યાસ વધારવાને જરૂરના ગુણો, ધૈર્ય, ખંત વગેરે મરહુમમાં દૈવદત્ત હતાં.

સાધારણ માણસ તથા મહાત્માના અવસાન વચ્ચે અંતર તથા વિચારો.

મહાત્માઓના અવસાનની બાબત ઉપરથી પણ એક કીમતી ધડો મળે છે. સાધારણ માણસો, મરજી ઉપરાન્ત, અનેક આશાના ભર્યા કર્તવ્ય પ્રાપ્તવ્યની સમાપ્તિ પહેલાં મરણ શરણ થાય છે. મહાત્માઓની ગતિ તેથી વિરુદ્ધગામી હોય છે. તેઓ પોતાના કર્તવ્ય પ્રાપ્તવ્યની બાબતમાં 'અચ્યુતં કેશવં' ના પાઠ જેવું કરી, સંતોષ પૂર્વક, સ્વસ્વરૂપમાં અથવા સચ્ચિદાનંદ સ્વરૂપમાં વિલીન થઈ જાય છે. કારણ પછીથી તેમને જીવનનું કશું પ્રયોજન રહેતું નથી. અર્થાત્ અમલદાર પાછળ ચાલનારા સિપાઈના જેવો મોત તેમનો અનુચર બને છે, અને સાધારણ મનુષ્યની બાબતમાં ગુન્હેગાર પાછળ ચાલનારા સિપાઈના જેવી મૃત્યુની સ્થિતિ હોય છે. એકંદરે આ શરીર મૃત્યુનું રમકડું છે. તોપણ મહાત્માઓ મૃત્યુ ઉપર કબજો ધરાવે છે. બીજા શબ્દોમાં યમ પણ તેમનાથી બીહે છે. મહાભારતમાં ભીષ્મપિતામહ તથા માર્કંડેય પુરાણમાં ઋષિવર માર્કંડેયના દાખલા હાલના બુદ્ધિવાદ (Rationalism) ના ઉપાસકોને હસવા જેવા લાગે છે. તેઓ માણસના સામર્થ્યની અથવા અન્ય

રીતે પોતાના સામર્થ્યની કીમતરૂપી થર્મામીટરમાંના પારાને છેક ઠારબિન્દુની નજદીક લાવી ખડો કરે છે. કારણ પરાધીનતાને અંગે અસામર્થ્યની વૃદ્ધિ નિર્વિવાદ છે. હાલે સંયોગો ફેરવાઇ ગયા છે. બ્રિટિશ સિંહની છત્ર છાયા નીચે આપણને ઘણીક વાતની સ્વતંત્રતા છે. છતાં પણ દુરાત્માનું મહાત્મામાં પરિવર્તન ન થાય એ બાબતનો સઘળો બોજો આપણા સ્ત્રી-સમાજની ઘણે ભાગે મંદદશાને અવલંબે છે. કહેવા દો કે ગર્ભાધાન સંસ્કારના અપરિપાલન તથા ગર્ભધારણ પછી દમ્પતીના અયોગ્ય આહારવિહારનું તે પરિણામ છે. હવે આ સ્થિતિનું રૂપાન્તર કરવું યા ન કરવું તે આપણી મરજી ઉપર છે. કર્ત્તા પુરૂષને કોઈ અટકાવનાર નથી. "માલિક અપને મુલ્કકા મુખત્યાર હય." કર્તા છતાં કર્મનું સ્વરૂપ ધારણ કરી, એમ તે કેમ બને ? એવા ઉદ્ગાર કાઢે તોપણ તેને કોઈ રોકનાર નથી, અને હિમ્મતથી આત્મશ્રદ્ધાના ટેકા ઉપર ટટાર રહે તોપણ કોઈ રોકનાર નથી. એકડીઆ શિખનારને પહેલીનું ભણતર મુશ્કેલ ભાસે છે. પહેલીવાળાને બીજીનું મુશ્કેલ ભાસે છે. પરન્તુ એકડીઆનું સુતર ભાસે છે. અર્થાત્ આત્મશ્રદ્ધાવાળા મનુષ્યને માટે વેદાન્ત શાસ્ત્રકારોએ अहं ब्रह्मास्मिथी વર્ણવેલું મનુષ્યનું સામર્થ્ય અશક્ય નથી. પરન્તુ प्रथम ग्रासे मक्षिकाની માફક બ્રહ્મચર્ય અકાલે તૂટતાં ભીમમાં દશ હજાર હાથીનું બળ હતું. તેણે એક હાથમાં તેર અને બીજા હાથમાં નવ હાથી સાહી નવતેરીની રમત કીધી હતી. વગેરે બાબતો યથાવત્ બ્રહ્મચર્ય

ન પાળનારા તથા ગર્ભાધાન વગેરે સંસ્કારોનું અપાલન કરનારા માબાપોને પેટે અવતાર ધારણ કરનારા અને શરીરબળ માનસબળ તથા હૃદયબળની બાબતમાં અધોગતિ ધરાવનારા આપણને અશકય ભાસે છે. વસિષ્ઠ, ભૃગુ, અગસ્ત્ય, દધ્યઙ્ અથર્વણ, દધિચી, વગેરે અતુલ સામર્થ્ય ધરાવનારા મહર્ષિઓના વંશજ, તેમજ રામ, કૃષ્ણ, હરિશ્ચંદ્ર વગેરે તેજસ્વી નરમણિ ક્ષત્રિયોના વંશજ, પોતાના પૂર્વજોના કેટકેટલા ગુણોથી વિભૂષિત છે? જવાબ આપવા મગજને ઘણું ખેંચવું પડશે. છતાં પણ જવાબ નકાર તરફ વધારે ઢળશે. અર્થાત્ આપણા ત્રણે બળની ન્યૂનતાને પરિણામે પૂર્વના પરાક્રમી પુરૂષોનાં અદ્ભુત કાર્યો પુરાણનાં ગપોડા જેવા ભાસે છે. હું જ્યારે લખપતમાં મહેતાજી હતો, ત્યારે ત્યાંના જૂના જમાનાના એક મનુષ્ય પાસે મેં આગગાડી તથા તારની અજાયબ કાર્યસાધકતાની વાત કરી. તેની સાથે તે એક ઊંચી અને મજબુત ભીંત સામે જોવા લાગ્યો. મારા તરફથી કારણ પૂછવામાં આવતાં તેણે કહ્યું "ભત છણી ન પેત ઠીક." અર્થાત્ આ બાબતો તેને અસંભવિત લાગી. કારણ તેણે જોએલું, સાંભળેલું કે જ્ઞાન મેળવેલું નહિ. એટલે એમાં એનો વાંક નહોતો. એક હિન્દી કવિએ કહ્યું છે કેઃ—

जीतनी जहांकी बुद्धि हे, इतनो कहे बनाय;
वांको बुरो न मानीए, ओर कहांसे लाय.

"મરણ કાળે મતિ તેવી ગતિ" એ લોકોક્તિના રહસ્ય

બાબે વિસ્તાર કરતાં સદરહુ બ્રહ્મર્ષિ સ્પષ્ટિકરણ કરતા કે ઘણા માણસો એમ સમજે છે કે ન્હાનપણમાં વિદ્યાભ્યાસ કરવો, યુવાનીમાં પૈસા કમાવવા અને ઘડપણમાં ઇશ્વરભક્તિ કરવી. તેમનાં ચરિત્ર તપાસતાં ન્હાનપણથી વિષયાનંદમાં ટેવાચલી તેમની વૃત્તિઓ ઘડપણમાં ઇશ્વિરારાધનને બદલે કોઈ વ્યાવહારિક પ્રવૃત્તિ શોધે છે અને તેમાંજ મોજ માને છે.

ટેવ એ મહાભારત બાબત છે.

ટેવ એવી ચીજ છે કે તે પડે તેજ વખત સંભાળ રાખવાની છે. ટેવથી ભવિષ્યમાં મહાપુરૂષની આગમચેતી કરાવનારા મનુષ્યો નેષ્ટમાં ફેરવાઇ જાય છે. કેટલાક કેફી થઈ જાય છે, કેટલાક આળસુ થઇ જાય છે. કવિ દલપતરામે "પડી ટેવ તે તો ટળે કેમ ટાળી" વિષે એક કવિતા જોડી છે. તેમજ હિતોપદેશમાં એક વિદ્વાને કહ્યું છે કેઃ—

શ્લોક.

यन्नवे भाजने लग्न संस्कारो नान्यथा भवेत्
एवं कथाच्छलेन बालानां नीतिस्तदिह कथ्यते.

તોપણ દૃઢ પ્રયત્ન આગળ ટેવનું કશું ચાલતું નથી. છતાં ખરાબ ટેવ પાડી પછી તેને સુધારવા મથવું, એ તર્કશાસ્ત્રના નિયમથી પ્રતિકૂળ છે. એક નદીને મુખ કરતાં મૂળ આગળ અટકાવવું સુતર પડે છે. સિન્ધુની શાખા કોરીને અટકાવવાનો

ગુલામશાહનો પ્રયત્ન એજ મુદ્દાનું અવલંબન કરી રહેલો હતો. અંગ્રેજીમાં એક કહેવત છે કે 'Prevention is better than cure' રોગ થયા પછી તેને દવાથી અટકાવવા કરતાં આહારવિહારમાં નિયમિત રહી તેને આવતો અટકાવવો એજ આબાદ રસ્તો છે. અર્થાત્ છોકરાંને ન્હાનપણથીજ ભક્તિ કરવાની તથા બીજી સારી ટેવો પાડવી. વધારે સ્પષ્ટિકરણ કરીએ તો ગર્ભાધાન કરતાં પહેલાં ઓછામાં ઓછા બાર મહિના આગમચ માબાપોએ તેવી તેવી ટેવોથી યુક્ત હોવું જોઇએ. પાછળથી તેઓને ઉછેરતાં પણ માબાપોનું વર્તન ઉત્તમ અને નમુનેદાર હોવું જોઇએ. પછી રામાયણમાં મહામુનિ વાલ્મીકિએ વર્ણવેલાં વાંદરાં કે રીંછ જેવાં બચ્ચાં ઉત્પન્ન કરી જગતનું કલ્યાણ કરવાની વૃત્તિવાળાં માબાપો ગમે તેમ વર્તે તોપણ કાયદાની રૂએ સરકાર દરબાર તેને શિક્ષા કરનાર નથી. તેની શિક્ષા તો ઘણે ભાગે પ્રત્યક્ષ રીતે છોકરાંજ ભોગવવાનાં. નઠારી રીતે ઉછેરવાથી એક છોકરે પરિણામે ખૂન કીધું તેની સજા તેને એવી કેળવણી આપનારને થતી નથી. એ મ્હોટો અન્યાય શામાટે ન કહેવાય ? બસ પુત્ર પ્રસવ્યો એટલે માબાપ પોતાને કૃતાર્થ થયાં સમજે છે. એ કૃતાર્થ થવું કેટલું ગેરવાજબી છે તે રામચંદ્રજી પાસે આવતાં પહેલાં વિભીષણે ખાધેલા શપથ ઉપરથી જણાય છે. છોકરાં સારાં યા નઠારાં બનાવવાનો આધાર માબાપ ઉપર છે.

હરેક કામ ક્રમશઃ કરવાથી ઉદ્યોગ વડે પાર પડે છે. નિયમ તરીકે સ્વર વ્યંજન શિખ્યા વગર કોઈ ગ્રેજ્યુએટ થઈ શકે નહિ. અપવાદની વાત જુદી છે. સાધારણતઃ મોત કોઇને ચેતવી આવતું નથી. તો પછી સારાં કામ કીધાં ભલાં. માટે ધર્મ જેવી બાબત કે જે વડે મનુષ્ય અન્ય જાનવરોની અપેક્ષા શ્રેષ્ઠ મનાય છે, તે સેવવામાં પ્રમાદ કરે તો પશુ અને તેમાં તફાવત શું ? કહ્યું છે કે,

મનુષ્યત્વ ધર્મથીજ છે.

શ્લોક.

आहार निद्रा भय मैथुनं च सामान्य मेतत् पशुभिर्नराणाम् ।
धर्मोहि तेषामधिको विशेषो, धर्मेण हीनाः पशुभिस्समानाः ॥

આહાર, ઉંઘ, ભય તથા રતિવિલાસ, એ પશુ તથા મનુષ્યને સમાન છે. મનુષ્યમાં ધર્મની વિશેષતા છે, માટે ધર્મ વગરના મનુષ્ય પશુ સમાન છે. મૃત્યુના કાળનિર્ણયની બાબતમાં જગતના જીવો અચોક્કસ છે. તો પછી ધર્મ આચરતાં મનુષ્યનું લક્ષ્યબિન્દુ એક વિદ્વાને કહ્યું છે તદનુસાર હોવું સલામતીભરેલું છે.

ધર્મ આચરતાં કેવો વિચાર કરવો ?

अजरामरवत् प्राज्ञो विद्यामर्थंच चिन्तयेत् ।
ग्रहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥

વિદ્યા તથા ધન મેળવતાં મનુષ્યે પોતાને ઘડપણ નહિ આવે, તેમ મોત પણ નહિ આવે, એમ માનવું. પરન્તુ ધર્મ આચરતાં હરદમ એજ ખ્યાલ રાખવો કે મોતે મારા માથાના બાલ પકડ્યા છે.

ધર્માચરણ સંબંધે ઋષિવરનું વર્તન.

બ્રહ્મર્ષિ રાઘવજી ધર્માચરણની બાબતમાં નીચેના શ્લોકના રહસ્યના અનુયાયી હતા.

एक एव सुहृद्धर्मो निधनेऽप्यनुयातियः ।
शरीरेण समं नाशं सर्व मन्यत्त गच्छति ॥

એક ધર્મજ મિત્ર છે. જે મરતાં પણ સાથે આવે છે. અન્ય ચીજો શરીર સાથેજ નાશ પામે છે.

વિષયધ્યાન તથા બ્રહ્મધ્યાન.

ખરા મહાત્માઓ આ જગત્માં બ્રહ્માનંદ સિવાય બીજું કશું જોવા લાયક સમજતા નથી. વળી તે સ્વાધીન આનંદ છે. વિષયાનંદ પરાધીન છે. તેની ઘટના પારાના જેવી ચંચળ છે. તેમાં ત્રણે કાળે દુઃખ, દુઃખ ને દુઃખજ છે. અગ્નિસ્વરુપ સંસારમાં જલસ્વરૂપ સ્થિતિ ભોગવવાનું સ્વતઃ સાધન બ્રહ્માનંદ છે. ત્વરિત ગતિવાળો ધર્મ મનુષ્યની બ્રહ્મ તરફ ત્વરિત ગતિ કરાવે છે. ભૂતકાળમાં કર્મકોશમાં સંચય થએલાં કર્મોને તે

ઘટાડે છે અને ભવિષ્યમાં થનારાં નવીન કર્મોની વૃદ્ધિ ઉપર તે પ્રતિબંધ નાંખે છે. "જે જેનું ચિંતન કરે, તે તેમય થઈ જાય; પ્રભુ ચિન્તી પ્રભુમય થવું, કીટ ભ્રમરને ન્યાય." મહાત્માઓ सर्वं खल्विदं ब्रह्म એ સિદ્ધાન્તનું શ્રવણ મનન તથા નિદિધ્યાસન કરનારા હોય છે. દુનીઆના વ્યવહારકુશળ ગણાતા મનુષ્યોને મતે એવા માણસોની બાહોશ તરીકે ગણના થતી નથી. પરન્તુ વાસ્તવિક રીતે સંસારને નાશવંત જાણી બ્રહ્મધ્યાનમાં મગ્ન રહેનારા મહાત્માઓજ ખરા વ્યવહારકુશળ છે. તેઓજ માત્ર નાશવંત તથા અનાશવંતનો વિવેક કરી શકે છે, અને આખર અવસ્થાએ પશ્ચાત્તાપ ન કરવો પડે તેવાં કાર્ય બજાવે છે. કહેવા દો કે તેઓ ઐહિક સુખની દરકાર કર્યા વગર પારલૌકિક યા મોક્ષ સુખ ઉપર નિર્ભર રહે છે. વ્યવહારમાં રચીપચી રહેલા સ્થૂળ મતિના મનુષ્યો આ સુખની મજા સમજી શકતા નથી. જગત્‌માં વિષય અનંત છે, અને પરમાત્મા એકજ છે. આખું જગત્ પરમાત્મામાંથી ઉત્પન્ન થએલ છે. એટલે એક પરમાત્માને ભજતાં આખા જગત્‌ની કુંચી હાથ આવે છે. हरिरेव जगत् जगदेव हरिः પરન્તુ આ સમજતાં છતાં તેને આચારમાં મૂકવા જેટલી દૃઢતા ઘણા થોડા મનુષ્યોમાં જોવામાં આવે છે. ગીતાજીમાં પણ કહ્યું છે કે, 'सर्वं धर्मान् परित्यज मामेकं शरणं व्रज' બધા ધર્મોનો ત્યાગ કરી એક મારૂં શરણું ગ્રહણ કર. માણસના મનનું

એટલું તો પ્રબળ છે કે મનની યોગ્ય સ્થિતિએ કશું પણ અસાધ્ય નથી. મનુષ્યમાં મન્ ધાતુ છે તેનો અર્થ વિચારવું થાય છે. વિચાર શબ્દની વ્યુત્પત્તિ કરીએ તો વિ=વિશેષ+ચર=ચાલનાર. વધારેમાં વધારે ચાલનાર. વિજળી, પ્રકાશ વગેરે કરતાં પણ વિચારની ગતિ વિશેષ છે.

મનની એકાગ્રતાનું અગાધ સામર્થ્ય.

શાસ્ત્રકારોએ લખ્યું છે કે **मनः एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः** ' મનજ મનુષ્યના બંધન મોક્ષનું કારણ છે. નિંદ્રામાં પથારીપર ઉંઘ લેતાં એક ઈન્ચ પણ ખસાતું નથી, છતાં સ્વપ્નાવસ્થામાં મન થોડીક ક્ષણમાં સૂરજ ચંદ્ર લોક તથા તેથી પણ દૂરના પ્રદેશોમાં ફરી આવે છે. અલબત સ્વપ્નાવસ્થામાં મગજને આશાએશ મળતી નથી, અને એવી સ્થિતિની એકાગ્રતામાં આપણી ઇંદ્રિયોનું પરિબળ કેટલું બધું છે તે જણાઈ આવે છે. અને મનના સઘળા સાંચાઓને એકત્ર કરવામાં આવે તો મનુષ્યનું સામર્થ્ય અગાધ છે. પરન્તુ મનનો અર્થાત્ આંતર મનનો ઉપયોગ કેવી રીતે કરવો એજ માત્ર જાણવાનું છે. એક ઘડીઆળમાં કમાન ચક્કર વગેરે અનેક યંત્રો છે, તેને વ્યવસ્થાપૂર્વક ગોઠવવામાં આવે તો જ તે વખત જાણવાને ઉપયોગી થશે. પૂર્વ કાળના વસિષ્ઠ, ભૃગુ, અગસ્ત્ય, વિશ્વામિત્ર વગેરે ઋષિઓ, રામ, કૃષ્ણ વગેરે લીલાવતારી પુરૂષો, અને અર્વાચીન કાળમાં થએલા નેપોલીઅન, ડ્યુક ઑવ વેલિંગ્ટન,

એડિસન, ગ્લાડસ્ટન વગેરેનાં અદ્ભુત કાર્યોનું એજ કારણ છે. નેપોલીઅને સેંટ હેલીનામાં પોતાના બંદીવાસ દરમિઆન એક ડૅાકટર સાથેના સંભાષણમાં કહ્યું હતું કે મેં સોર્ટિંગ કેસની માફક મારા મગજમાં જુદાં જુદાં ખાનાં નિર્માણ કરેલાં છે. જે બાબત વિષે વિચાર કરવો હોય, યા વાતચિત કરવી હોય તેજ ખાનું ખુલ્લું રહે, બાકીનાં બંધ. અર્થાત્ મારી ઇચ્છાનુસાર અમુક બાબત ઉપર મન એકાગ્ર કરી શકું છું. ડૅાકટરે પરીક્ષાની ખાતર કહ્યું ત્યારે હમણાં ઉંઘી જાઓ જોઇએ. તેજ વખત સૂતાં એક સેકન્ડમાં બરાબર જેવી ઉંઘ આવી ગઈ. એમ નાડી વગેરેની તપાસપરથી ડાક્તરની ખાત્રી થઈ. મી. ગ્લાડસ્ટન કોઈ કોઈ વખત ભાષણ કરવામાં લાગલાગટ ૧॥ દિવસ ઉપરાંત પાર્લમેન્ટના સભાસદો સમક્ષ રોકાતા. તે દરમિઆન શ્રોતાઓ પાણી પિસાબ કરવા જાય તેટલા ક વખતમાં ઉંઘ લઈ પૂરતો આરામ લઈ લેતા. કેટલાક માણસોને એટલા વખતમાં નિંદ્રાદેવીનું આગમન અનુભવવાનું પણ ભાગ્યેજ પ્રાપ્ત થાય. કારણ મન ઉપર કાબુ ઓછો. પાછાં ઉઠવાની બાબતમાં પણ સ્વતંત્ર. એડિસનની એકાગ્રતા પણ અથાગ છે. એમ કહેવાય છે કે તેનું ફોનોગ્રાફનું વાદ્યંત્ર, કે જેથી દુનીઆ આશ્ચર્યમાં ગિરફતાર થઈ છે. તે તૈયાર થતાં પહેલાં પોતાની લેબોરેટરી બંધ કરી, ખાધા પીધા વગર તેને ૬૦ કલાક સુધી સંયમ કરવો પડયો હતો. જેને પરિણામે

આત્માના સ્ફુરણની સલાહ પ્રમાણે વર્તતાં આ હેરતભરેલું, નવીન વાદ્યંત્ર વાગતું થયું હતું. નવી શોધના કરનારા હંમેશાં આત્મામાં લીન થાય છે ત્યારેજ મહાભારત શોધો કરવાને શક્તિમાન બને છે. જો કે અમેરિકા તથા યૂરપમાં એવી શોધના કરનારાને તથા બીજાં મહાભારત પરાક્રમો કરનારાઓને રાજ્ય તરફથી ઇલકાબ, આબરૂ તથા પૈસાની પૂરતી સહાયતા મળે છે. મધ્યકાળની જુલમી તથા એકતરફી રાજનીતિને પરિણામે આર્યાવર્તવાસી ભાઇઓ નાની અને નજીવી બાબતો પણ પોતાના મનને ન પૂછતાં જોશી મહારાજને યા બીજા કોઇને પૂછી તેની સલાહ પ્રમાણે વર્તે છે. તેથી તેમનાં મન પણ જડ થઈ ગએલાં છે, અને નામદાર અંગ્રેજ સરકારના આગમનના પ્રતાપે સારી કેળવણી લઈ વિવેક બુદ્ધિની વૃદ્ધિને પરિણામે આધુનિક અવસ્થાને પ્રાપ્ત ન થયા હોત તો તેમની કેવી વલે થતે તેના વિચાર માત્રથી નાખુશ થવાય છે. હર-કોઈ શક્તિ અભ્યાસથી મેળવી શકાય છે. તો પહેલો અભ્યાસ ધોરણસર વિચાર કરવાનો હોવો જોઇએ. વિચાર કરવાની ટેવથી વિચારશક્તિ કેળવાય છે, અને મગજની સહનશીળતા વૃદ્ધિ પામે છે. વિચાર શેખસલ્લીની પેઠે ઢંગધડા વગરના ન કરવા. જરા અક્કલને આગળ ધરી કરવા. શાસ્ત્રોના અવલોકન-ને અંતે ભૃગુ, વસિષ્ઠ, વિશ્વામિત્ર વગેરે ઋષિમુનિઓની એકાગ્રતા અલૌકિક અને આ લોકોથી ઘણી ચઢતી હતી. એ

બાબત યૂરપ, અમેરિકાના વિદ્વાનો પણ માન્ય કરે છે, અને અમેરિકાના કાલિફોર્નિઆની લો વેધશાળાના વિદ્વાન અધ્યક્ષ લાર્કિને દર્શાવેલા વિચારો મેં ભુજમાં સંધ્યાશાળાની સ્થાપનામાં જે સભા ભરાઈ હતી તેમાં રજુ કર્યા હતા, અને પાછળથી સારસ્વત સર્વસ્વ નામના પુસ્તકની મારી તૈયાર કરેલી પ્રસ્તાવનામાં મેં અંગ્રેજીમાં તથા ગુજરાતી તરજુમામાં શબ્દશઃ ઉતારી લીધા છે. તે પરથી જણાય છે કે આર્ય ઋષિ મુનિઓ આત્માનુસંધાન કરવામાં એક્કા હતા. પરંતુ તેમનું ધ્યાન આધ્યાત્મિક બાબતો ઉપર વિશેષ રૂપે હતું, સાંસારિક બાબતો ઉપર ઓછું. હાલમાં સ્પિરિચ્યુએલિઝમ, હિપ્નોટીઝમ, મેસ્મેરીઝમ વગેરે પ્રાણવિનિમયની વિદ્યાથી યૂરોપ અમેરિકાના એ બાબતના જ્ઞાતા વિદ્વાનો અદ્દભુત ચમત્કાર કરી બતાવે છે. અર્થાત્ પ્રાણ ઉપર સ્વામિત્વ ધરાવવાથી અતુલ્ય બળ પ્રાપ્ત થાય છે. આપણા ઋષિ મુનિઓની અગાધ સત્તાના મૂળમાં પ્રાણ ઉપર તેમનું અલૌકિક સ્વામિત્વ હતું. મધ્યકાળમાં મુસલમાન બાદશાહીના વખતમાં યોગવિદ્યાની સત્તા સર્વથા નાશ પામી નહોતી. છેટેના દાખલા રહેવા દઈએ અને નજીકનો લઈએ તો ગુજરાતના અમદાવાદમાં માણેકનાથ બાવાએ અહમદશાહનો ગઢ પાડી નાંખવામાં એક રીતે પ્રાણ ઉપરના સ્વામિત્વનો નમુનો પુરો પાડયો હતો. મુનીશ્વર વિશ્વામિત્રના કોપથી એક વખત બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ એમ દેવોની ત્રિપુટીને ભયા-

ન્વિત થવું પડયું હતું. સ્વામિ હંસસ્વરૂપ પોતાના ષટ્ચક્ર નિરૂપણ નામના પુસ્તકમાં વિશુદ્ધાખ્ય ચક્રમાંના અમુક સ્થાનમાં મન લગાવી વાયુને ગ્રહણ કરી પુરક કરી યોગમાં પ્રવૃત થનાર યોગીના સંબંધમાં લખે છે કે “ તેવા મહાત્માના ક્રોધથી ત્રિભુવન ચલાયમાન થાય છે, અને તેવા મહાત્મા યોગીના ક્રોધને સહન કરવાને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, સૂર્ય, ગણેશ વગેરે અશક્ત થઈ પડે છે.

મનુષ્ય પોતાની કલ્પનામાં જે સૃષ્ટિની રચના કરે છે, તે શ્રદ્ધા, ઉદ્યોગ તથા આત્મશ્રદ્ધા વડે તે પૂર્ણ કરે છે. મહાકવિ પ્રેમાનંદના રણયજ્ઞ નામે ગુજરાતી પુસ્તકમાં કવિએ કવિતામાં જે ચિત્રો કલ્પ્યાં હતાં, તે આજે કાર્યરૂપે દૃષ્ટિગોચર થાય છે. આગગાડી, તાર, ટેલીફોન, બલુન, એરશિપ, ફોનોગ્રાફ, ગ્રામો-ફોન, સીનેમેટોગ્રાફ અને બાર કલાકમાં ત્રણ મજલાનું ઘર બાંધવાની તથા એડીસનની ભવિષ્યની યોજનાઓ અને અમે-રિકન વિદ્વાનોની શોધો મનુષ્યને મરતો અટકાવશે એવા પડઘા પડવા લાગ્યા છે તે ખોટા છે એમ આપણાથી હાલે કહી શકાય નહિ. ઓસ્ટવાલ્ડ જેવા બાહોસ તથા પ્રતિષ્ઠિત વિદ્વાન તરફથી પણ આ બાબતને ટેકો મળ્યો છે. અલબત વિદ્યા-વિહીન, નિર્બુદ્ધ તથા સ્વકર્તવ્યહીન મનુષ્યને માટેજ અશક્ય શબ્દ છે. શક્ય તથા અશક્ય શબ્દો સામર્થ્યની ન્યૂનાધિકતા સિવાય અન્ય બાબતોની સાહેદતજ આપતા નથી.

પુણ્ય પાપના ફળની બાબતમાં મનુષ્યોનું વિરુદ્ધાચરણ.

મનુષ્યનું હરેક કાર્ય પ્રથમદર્શને વિચારમાં મૂર્તિમાન હોય છે. પછીથી પુરૂષાર્થ પ્રમાણે કાર્યરૂપે પ્રકટ થાય છે. વિચાર સાથે બુદ્ધિ, ઉદ્યોગ તથા આત્મશ્રદ્ધાનો સંયોગ થવાથી મનુષ્ય કેવાં કેવાં કામ કરી શકે છે, તે મહાન પુરૂષોના ચરિત્રથી અચ્છી રીતે આસકારા થાય છે. તેનો વિચાર કરીએ છીએ તો મનુષ્ય જેને કહી શકાય એવી વ્યક્તિઓની કલ્પનાઓ પણ પાછળથી સત્ય નીવડે છે, અને તે મનુષ્યના નિઃસીમ સામર્થ્યનું દિગ્દર્શન કરાવે છે. એક ન્હાનું બાળક કેટલું બધું આત્મ શ્રદ્ધાવાળું હોય છે, કે અજ્ઞાનમાં ઘણી વખત ટીકા કરે છે કે નાનો સરખો મંકોડો ગોળનું માટલું ખેંચી જવા ચહાય છે. એમ કહી તેના પ્રયત્નને આઘાત કરે છે. અલબત બાળકને કેટલે દરજ્જે મદદ કરવી અને કેટલું કાર્ય તેને સ્વશક્તિથી કરવા દેવું એમાંજ માની અક્કલની કસોટી થાય છે. કલ્પનાની સૃષ્ટિમાં મનુષ્યનું સામર્થ્ય કેટલું છે તે બાબે તથા પુણ્ય પાપના ફળ સંબંધે મનુષ્યનું વર્તન કેટલું વિરુદ્ધગામી છે તે સંબંધમાં ચમત્કારિક દૃષ્ટાન્તમાલામાંનો એક દાખલો આપવો અસ્થાને નહિ ગણાય.

એક બખત અમુક બ્રાહ્મણનો એક વીસ વર્ષનો પરણેલો પુત્ર પોતાની બાર વર્ષની સ્ત્રીને વિધવા બનાવી પરલોક તરફ

પ્રયાણ કરી ગયો. યમરાજના આ કૃત્યથી ગુસ્સે થઈ બ્રાહ્મણ તેને બ્રહ્મહત્યા આપવા તત્પર થયો. બ્રહ્મહત્યા સમાન અન્ય પાપનાશક અપકૃત્ય ન હોવાથી પુણ્ય ક્ષય થઈ જવાના ભયથી દોડયા દોડયા જગકર્ત્તા પરમેશ્વર પાસે જઈ પોતાના અધિકારનું રાજીનામું આપ્યું અને બોલ્યા, પ્રભુ ! મ્હારાથી આ કામ કેવી રીતે બજાવાય ? એ જગોએ બીજાની નિમણુક થવી જોઇએ. યમરાજનું કારણ સાંભળી જરા વિચાર કરી એ વાતના બંદોબસ્ત તરફ લક્ષ આપી એવો ઠરાવ કર્યો કે હવેથી બહાનાં વગર મોત નહિ થાય, અને ત્યારથી રોગની સૃષ્ટિ કરી. તેને સંસારમાં મોકલી તે સાથે સર્વને એવું ભાન કરાવી દીધું કે અમુક રોગથી તથા અમુક સબબસર અમુક પ્રાણીનું મોત થયું. યમરાજને રાજીનામું આપતા અટકાવ્યા. બ્રાહ્મણનું ચિત્ત ફેરવી દીધું. જેથી ચાર માણસના કહેવાથી તે પણ શાન્ત થઈ ગયો.

જીવને જીવવાની આશા જબરી તથા સુખની ઇચ્છા બેહદ હોય છે. પરન્તુ વિકારવશ સુખના ઉપાયો તરફ દુર્લક્ષ કરે છે. સુખનું કારણ ધર્મ અને દુઃખનું કારણ પાપ છે એમ સમજે છે છતાં

पुण्यस्य फलमिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवाः ।
पापस्य फलनेच्छन्ति पापं कुर्वन्ति यत्नतः ॥

પુણ્યનું ફળ સુખ, તેની સર્વ કોઈ ઇચ્છા કરે છે પણ પુણ્ય

કરતા નથી કે જેથી સુખ થાય. પાપનું ફળ દુઃખ તેની કોઈ ઇચ્છા કરતા નથી પણ દુઃખને ઉત્પન્ન કરનાર પાપ જાણી જોઇને કરે છે. એ ષડરિને વશ વર્તનાર પ્રાણીની ભારે દુર્દશા થાય છે.

નવ મહિને શરીર નવું. રોગ ક્યાં રહ્યો?

હવે આ દૃષ્ટાન્તના રહસ્યનો વિચાર કરતાં માણસ ઘણે ભાગે કોઈ પણ રોગથી મરણ શરણ થાય છે. શરીર લક્ષાવધિ અણુઓનું બનેલું છે. તેમાંથી પરસેવો, મળમૂત્ર, શ્વાસોચ્છ્વાસ દ્વારા હજારો નિરુપયોગી રજકણો (Cells) દરરોજ બહાર નીકળે છે. તેની જગોએ અન્નપાન, વાયુ, અજવાળું વગેરે દ્વારા હજારો નવાં અણુઓ દાખલ થાય છે. વિદ્વાનોની ગણતરી પ્રમાણે આવી રીતે આશરે નવેક મહિને આખું શરીર નવું એટલે નવાં અણુઓનું રચાઈ જાય છે. તો પછી આગળ ઉપર થએલા રોગને શરીરમાં અવકાશ કેવી રીતે મળે? આનું કારણ મન છે. મનની બે શાખા છે. આંતર અને બાહ્ય. બાહ્ય એટલે જાગૃત સ્થિતિનું અને આંતર એટલે સુષુપ્તિ સ્થિતિનું. યથાયોગ્ય એકાગ્રતાથી જાગૃત સ્થિતિમાં આંતર મનના અગાધ સામર્થ્યનો લાભ લઈ શકાય છે. એ સ્થિતિ યોગના પ્રાબલ્યથી અધિગમ્ય છે. સહર્દૂ આંતર મનને કશુંએ અશકય નથી. બાહ્ય મનને અશકય લાગતા બનાવો તેને શકય ભાસે છે. બાહ્ય મનની આ સ્થૂળ પર જ્યારે પાંચ ટકા સત્તા છે ત્યારે બાકીના ૯૫

ટકાની સત્તા આંતર મનને આધીન છે. તેથીજ જપ, મંત્ર વગેરે વૈખરી કરતાં મધ્યમાથી અને મધ્યમા કરતાં પશ્યન્તિથી અને પશ્યન્તિ કરતાં પરાવાણીથી જપવાનું કર્તવ્ય સહસ્ર સહસ્રગણું ચઢીઆતું ગણાય છે. સૂતેલી એટલે ઉંઘવાળી સ્થિતિમાં આંતર મનનું સામ્રાજ્ય વ્યાપે છે. એ વખત ઉંઘતા માણસની પથારી પાસે બેસી વિધિપુરઃસર એકાગ્ર થઇ તન્દુરસ્તીનાં આંદોલનો પ્રેરવાથી મંદવાડ મટે છે. કેફ તથા નઠારો સ્વભાવ છોડવવાને તેથી વિરુદ્ધ પ્રકારનાં આંદોલનો પ્રેરવાથી વ્યસન તથા નઠારો સ્વભાવ ટળી જાય છે. એ પ્રયોગમાં ઈંગ્લાંડ, જર્મની, અમેરિકા વગેરેના લોકો ફતેહમન્દ નીવડયા છે. ગુજરાતમાં પ્રાણુવિનિમયના કર્ત્તા મણિલાલ નભુભાઈ અને યુરપના મેસ્મર જેના ઉપરથી મેસ્મેરિઝમ નામ પાડયું છે. તેઓના ચમત્કારોની ઈમારત એ પાયાપર છે. સદહું પ્રયોગો કરવાની વિધિ દર્શાવનારાં પુષ્કળ પુસ્તકો અસ્તિમાન છે. આશરે પાંચેક વર્ષ ઉપર મુંબઈમાં ફ્રામજી કાવસજી ઇન્સ્ટિટયુટના હૉલમાં એક પારસી ગૃહસ્થે પ્રત્યક્ષ અખતરા કરી બતાવ્યા હતા, અને એ સંબંધે સંખ્યાબંધ શ્રોતા તથા દૃષ્ટાઓ સમક્ષ એ બાબતની તુલોતવીલતા તેમણે પ્રત્યક્ષ પુરવાર કરી બતાવી હતી. આ ભાષણનું એક પુસ્તક તેમના તરફથી પ્રકટ થએલું મારા જોવામાં આવ્યું હતું. આંતર મન ઉપર સંસ્કાર પાડવાથી તદ્દન તન્દુરસ્ત માણસ થોડીક મિનિટમાં મરણ શરણ થાય છે. વિલાયતમાં ડૉક્ટરોએ થોડાંક વરસ ઉપર ઈંગ્લાંડના

સત્તાવાળાઓની સમ્મતિથી એક જન્મકેદીને તેની ઇચ્છાથી પોતાની પ્રયોગશાળા* (લેબોરેટરી)માં તેડાવી તેની આંખે પાટા બાંધી તેને તેની ધોરી નસ કાપવાનું તથા તેથી તેનું મૃત્યુ થશે એવી પ્રથમ ચેતવણી આપી. બાહ્ય યુક્તિ પુરઃસર તેના આખા શરીર ઉપર કાચની નળીઓ બાંધી. તે નળીઓમાંથી લોહીની ગરમી જેવું ઉષ્ણુ જળ વહેવડાવી તેની ધોરી નસ ઉપર શસ્ત્રનો એવી રીતે આઘાત કીધો કે તેને પોતાની ધોરી નસ કપાવા સંબંધમાં વિશ્વાસ બેસે. પરન્તુ ખરેખર તે કપાઈ નહોતી. અર્થાત્ લોહીનું એક ટીપું વહેવડાવ્યા વગર એક તન્દુરસ્ત માણુસને ફક્ત મનની અસરથી મરણાધીન કરવામાં આવ્યો હતો. તવારીખનાં પૃષ્ટો ઉપર દૃષ્ટિપાત કરવાથી માલમ પડે છે કે પતિ-મરણુના સમાચાર સાંભળતાં વેંતજ સતી સ્ત્રીઓના પ્રાણુ તથા શરીરનો વિયોગ થઈ જતો. અમેરિકાના અસલ વતનીઓની એક જાત છે. તે લોકોની મરવાની ઈચ્છા થાય છે તો લાંબા થઈ ભોંય પર સૂઈ જાય છે, અને બે ચાર મિનિટમાં મરણુ શરણુ થાય છે. જમતાં જમતાં માખી ગળી જવાની શંકા થતાં ઉલટી થઈ પડે છે, વગેરે અનેક દાખલા આપી શકાય. આંતર મનની સત્તા દ્વારા અભ્યાસથી મનુષ્ય મૃત્યુ ઉપર કાબુ મેળવી શકે. એમ શ્વાસોચ્છ્વાસની ક્રિયાને કરકસર વડે નીભાવવાથી બની શકે તેમ છે. મૃત્યુંજય મંત્રની અસ્તિ એજ ભાવાર્થ પ્રકટ કરે છે. જો કે જપ કરનારની

અશક્તિને લીધે વા ગમે તે કારણથી હાલે તે ઓછાં ફળદાયક છે. એમ તો ક્રિયાવાન પુરૂષ ગાયત્રીના જપથી વરુણનું આવાહન કરી કૂવામાંના જળને ઉપર ખેંચી શકે છે એવા દાખલા પ્રતિષ્ઠિત પુરૂષોથી સાંભળ્યા છે. પરન્તુ સેંકડે ૯૯ ટકાના માણસો તેમ કરી શકતા નથી. તેથી ગાયત્રીનું માહાત્મ્ય કમી છે એમ કોઇએ અનુમાન કરવું નહિ. વસિષ્ઠ જેવા સમર્થ ગુરુ છતાં દશરથની રાજસભાના કેટલા પુરૂષો નિર્વાણ પામ્યા ? ખરેખર **कार्यसिद्धिः सत्वे भवति महताम् नोपकरणे** કાર્યસિદ્ધિ પોતાનાજ બળને વા પ્રયત્નને અવલંબે છે. કોઈના સહાય સાધનનું અવલંબન કરતી નથી.

આંતર મનનું માહાત્મ્ય તથા શ્વાસોચ્છ્વાસ સાથે જીવનનો સંબંધ.

શ્વાસોચ્છ્વાસની ક્રિયા ઉપર કાબુ ધરાવનાર અથવા પ્રાણાયામમાં નિપુણ મહાત્માઓનો એવો અભિપ્રાય છે કે દરેક પ્રાણીને પોતાના પાપ યા પુણ્યને અનુસાર એક જન્મમાં જે સુખ દુઃખ ભોગવવાં હોય તેનો જેટલો સમય થાય તેટલાજ શ્વાસોચ્છ્વાસ લેવાની શક્તિ તે તે પ્રાણીને પ્રાપ્ત થાય છે, તેજ આયુષ્ય કહેવાય છે. સાધારણ રીતે દરેક મનુષ્ય રાત દિવસની સાઠ ઘડી મળીને દરરોજ ૨૧૬૦૦ શ્વાસોચ્છ્વાસ લઈ શકે છે. આ પ્રમાણે કોઇને ૨૦ કરોડ તો કોઇને માત્ર ૧૦૦ જ શ્વાસોચ્છ્વાસ લેવાની શક્તિ પ્રાપ્ત થાય છે, ત્યારબાદ તે મરી

જાય છે. ધારો કે એક મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વરસનું છે તો તેના ૩૬૫ × ૧૦૦ × ૨૧૬૦૦ પ્રમાણે ૭૮૮૪૦૦૦૦૦ શ્વાસોચ્છ્વાસ કરી શકવાનું આયુષ્ય તેને પ્રાપ્ત થયું છે. પરન્તુ તે તેનો નિરર્થક વ્યય કરે અને જેથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા વધે એવી રીતે વર્તે તો બેશક જમે પાર કરતાં ઉધાર પાર વધીજ જાય અને વહેલોજ મરી જાય. એથી ઉલટું વ્યાજબી ઉપયોગ કરે તો આવરદા વધેજ. કાચબા, દેડકાં, સર્પ વગેરેના દાખલા આપણી પાસે મોજુદ છે. અર્થાત્ મરણની બાબતમાં માણસ પોતાને ધારે છે તેટલો તે પરાધીન નથી. તે હાથે કરી પોતાના પગ ઉપર કુહાડો મારે તે જુદી વાર્ત છે. પંડિત ઑસ્ટવૉલ્ડના સિદ્ધાંત પ્રમાણે મરણ તથા મંદવાર માત્ર ગફલતનું પરિણામ છે, એ સયુક્તિક લાગે છે. મનુષ્યના સ્વાભાવિક પ્રશ્વાસના વાયુની ગતિનું સ્વાભાવિક પ્રમાણ ૧૨ આંગળનું ગણાય છે. જમતી વખત ૧૮ આંગળ, ચાલતાં ૨૪ આંગળ, દોડતાં ૪૨ આંગળ, મૈથુનમાં ૬૫ આંગળ, અને નિદ્રામાં ૧૦૦ આંગળનું પ્રમાણ હોય છે. હવે પ્રશ્વાસની ગતિનું પ્રમાણ વધે એવી રીતે કોઈ માણસ શ્વાસોચ્છ્વાસ લે તો બેશક તેના જમા પારનો ઉધાર પાર વડે જલદીથી અન્ત આવી જવો જોઇએ. ધારો કે કોઈ માણસને માત્ર એકજ દિવસનું આયુષ્ય ભોગવવાનું બાકી રહ્યું છે. બીજા શબ્દોમાં તેને ૨૧૬૦૦ પ્રશ્વાસ લેવાના છે. તેમાંથી પ્રથમ દિવસે માત્ર એકજ શ્વાસ લઈ તેનો પ્રાણાયામ

કરી ૬૦ ઘડી એટલે એક દિવસ કુંભક કરે. બીજે દિવસે પ્રથમ દિવસે લીધેલો શ્વાસ કુંભક કરેલો હોય તેને પ્રશ્વાસ રૂપે અથવા રેચક રૂપે છોડી મૂકે. વળતી બીજો શ્વાસ લેઈ કુંભક કરી તે ત્રીજે દિવસે પ્રશ્વાસ દ્વારા રેચક કરે તો તેને ૨૧૬૦૦ દિવસ એટલે આશરે ૫૯ વરસનું આયુષ્ય પ્રાપ્ત થવુંજ જોઈએ. આવું એક યોગાભ્યાસીને માટે શક્ય છે. નહિ કે સાધારણને માટે.

જેમ શ્વાસોચ્છ્વાસને માટે છે, તેમજ અણુઓને માટે છે. કોઈ માણસ એવી રીતે વર્તન કરે કે ઉધારપાર કરતાં જમાપારમાં અણુઓનો જથ્થો વધારે તો તેનું શરીર પુષ્ટ થવું જોઈએ. સેન્ડો નામના પહેલવાનને માટે એવું કહેવાય છે કે તેનું શરીર ન્હાનપણથી નબળું હતું. પરન્તુ યોગ્ય કસરત કરવાથી તથા શરીરના ભિન્ન ભિન્ન અવયવોમાં ચિત્તવૃત્તિ સ્થાપી કસરત કરવાથી તે અદ્‌ભુત રીતે પુષ્ટ તથા બળવાન થયો છે. ફક્ત શારીરિક કસરત કરે છે તેમનું શરીર જાડું અને માથું પ્રમાણમાં ન્હાનું હોય છે. અને જે લોકો મગજનું અથવા મનનું કામ કરે છે અને શારીરિક કસરત પ્રમાણ પુરઃસર નથી કરતા તેમનું માથું મોટું અને શરીર કૃશ હોય છે. જૂનાં અણુઓ શરીરમાંથી નીકળી જાય છે, તેની જગોએ નવાં આવે છે તેને ગોઠવવાની કળા ધ્યાનમાં હોય તો શરીરના ગમે તે અવયવને ઈચ્છાનુસાર આકાર આપી શકાય.

માનસબળ તથા શારીરબળ સાથે કેમ નથી હોતા?

સાધારણતઃ એવો નિયમ જોવામાં આવે છે કે જેમાં માનસિક બળ વિશેષ તેમાં શારીરિક બળ કમ હોય છે, અને જેમાં શારીરિક બળ વિશેષ તેમાં માનસિક બળ કમ હોય છે. કારણ બેઉ બળ એકજ તત્ત્વનાં પરિણામ છે. વીર્યના તત્ત્વનો માંસાદિક પદાર્થોમાં સંચાર થાય છે, તો શારીરિક બળ વધે છે, અને તેને અન્તઃકરણમાં ચઢાવવામાં આવે તો માનસિક બળ વધે છે. સબળ બળનું કારણ વીર્યત્ત્વ છે. અલબત આ બન્ને બળમાં માનસિક બળની મહત્તા ઘણી છે. માટે તેને મેળવવા સુજ્ઞ મનુષ્યે પ્રયત્ન કરવો એ તેનું પ્રથમ કર્તવ્ય છે. સબળ માનસબળથી જગત્‌માં મહાન કાર્યો બની શકે છે. હાથી જેવું ચોપગાંમાં સર્વથી મ્હોટું પ્રાણી એક માવતના કબજામાં રહી શકે છે. કુંભારનો એક ન્હાનો સરખો છોકરો ઇચ્છાનુસાર પચીસ ત્રીસ વા તેથી વધારે ગધેડાને દોરે છે. જો કે એક ગધેડો એવા પાંચ સાત છોકરાને જમીનદોસ્ત કરી શકે અને હાથી એવા સેંકડો માવતોને ધૂળ ચાટતા કરી શકે એટલું તેનામાં શારીરિક બળ છે. પરન્તુ ઉપર લખેલાં બન્ને ચોપગાંમાં તેમના દોરનાર કરતાં માનસિક બળ ન્યૂન છે. બહાદુર શીખ તથા ગુરખા રીજમીટો (Regiments)માં એકાદ બે અંગ્રેજ જનરલોની હજારો લડવૈયા આમન્યા પાળે છે. લાખો પ્રજાજનોને વશ વર્તાવવા

એકજ નૃપતિ બસ ગણાય છે. આપણા શરીરમાં પણ મનનું પ્રાધાન્ય વિશેષ છે. જેવું મન વા લિંગ શરીર હોય તેવુંજ શરીર રચાય છે. એટલુંજ નહિ પણ જૂનાં નવાં અણુઓ જતાં આવતાં આંતર મનના સંસ્કાર પ્રમાણે આખા શરીરને આકાર આપી શકાય છે. ક્રુસ સાથનું ક્રાઈસ્ટના સ્થૂલનું ચિન્તન કરવાથી શ્રદ્ધાળુ ખ્રિસ્તિઓનાં શરીર ઉપર ક્રુસનો સ્પષ્ટ આકાર પડી રહે છે. ગર્ભકાળમાં માતાના ચિન્તન પ્રમાણે બાળકના શરીરના અવયવોનો ઘાટ બંધાય છે. મરહુમ બ્રહ્મર્ષિમાં અચ્છું શારીરિક બળ, પ્રશંસ્ય માનસબળ તથા તેની સાથે હૃદયબળ હતું. ચહેરો આંખ તથા ઓષ્ઠની રચના, કાર્યને અંગે પડતી અડચણોને ખસેડી દૃઢતા દર્શક માનસબળ તથા હૃદયબળને પ્રદર્શિત કરતી. કદાવર શરીર, વિશાળ બાહુ અને પહોળી છાતી શારીરિક બળનો પુરાવો આપતાં હતાં.

વિકાર જીત્યા વગર મોક્ષના અધિકારી ન થવાય.

ભર્તૃહરી તથા ગોપીચંદનું દ્રષ્ટાન્ત.

ઇશ્વર ભક્તિમાં અનન્ય રાગ રાખી શાસ્ત્રોક્ત આજ્ઞાઓનું યથાવત્ પાલન કર્યા વગર અધિકારી થવાતું નથી, તો પછી મોક્ષના અધિકારી તે કેમ થવાય? સદરહુ માહાત્માએ આગળના વર્ણન પ્રમાણે ગાયત્રી પુરશ્ચરણ કર્યા તેમાં તેમને કેટલી એકાગ્રતા ધારણ કરવી પડી હશે? સદ્ગુરુ, સચ્છાસ્ત્ર (સત્શાસ્ત્ર) અને પોતાની શુદ્ધબુદ્ધિમાંથી ઉત્પન્ન થએલ અનુભવવાળી

વૃત્તિ એ ત્રિપુટીનું ખરા અંતઃકરણપૂર્વક અવલમ્બન થાય અને તેને પરિણામે આચાર, ઉચ્ચાર તથા વિચારની પૂર્ણ શુદ્ધિ થાય, ત્યારે અધિકારી થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. અન્તઃકરણના ષડરિપુ જે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ તથા મત્સરની વિરોધી સામગ્રી મેળવી નાશ કરવામાં આવે નહિ ત્યાં લગણ આત્મવસ્તુને લૂટનારા લુટારૂઓ કોઈ વાતે નિર્ભય થવા દેનાર નથી, અને નિર્ભય ન થવાય ત્યાં સુધી આનંદી વૃત્તિની એકતાનતાનો એક સરખો પ્રવાહ ચાલનાર નથી અને તેવા પ્રવાહની ગેરહાજરીમાં નિજ સ્વરૂપનું ભાન થનાર નથી. નદીના ગતિમાન જળ પ્રવાહમાં સૂર્ય યા ચંદ્ર બિમ્બ યથાવત્ જોઈ શકાય નહિ. તેને માટે તો સ્થિર પાણીની જરૂર છે. તેમ ષડરિરૂપ વિષમ પવનથી ચાંચલ્ય ભાવને પામેલું મન વા અંતઃકરણ સ્વ સ્વરૂપનું જ્ઞાન મેળવવાને કદી પણ શક્તિમાન થશે નહિ. ગાયત્રી જપમાંની અતિશય લીનતાનો મરહુમ બ્રહ્મર્ષિનો દૃષ્ટાન્ત સાધકોએ તથા મુમુક્ષોએ ગ્રહણ કરવા યોગ્ય છે.

अहह महतां निसीमांश्चरित्र विभूतयः भवोहि लोकाभ्युदयाय तादृशाम्

મહાન પુરૂષોનો ચરિત્ર વૈભવ અગાધ હોય છે. એવા પુરૂષો જનસમુદાયની ઉન્નતિને માટે જ જન્મે છે. અર્થાત્ તેવાઓનું અવતરણ જગતને પોતાના દૃષ્ટાન્તથી બોધ આપવાને માટેજ હોય છે. છતાં તેમની હીલચાલો ઘણી ઉંડી હોય છે, અને તેમની ચેષ્ટાઓ સામાન્ય જનમંડળને અવળી કૃતિની

ભાસે છે. માત્ર જ્ઞાનીજનોજ મહાત્માઓના હૃદયને સમજી શકે છે. એ બાબતમાં દૃષ્ટાન્ત છે કે રાજર્ષિ ભર્તૃહરિ તથા ગોપીચન્દ રાજપાટના વૈભવથી કંટાળી જીવન્મુકિતનાં અનુપમ સુખોનો અનુભવ લેતા ત્યાગાશ્રમી સાધુના પોશાકમાં ભેગા થઈ ગયા. કેટલોક કાળ સહપર્યટનનો લાભ મેળવતાં એક ગામમાં આવી પહોંચ્યા, અને પાદરમાં એક તળાવ કિનારે ઝોળી ઝંડા સહીત આશ્રમ જમાવ્યો. ગામ બહાર વ્યાયામ ખાતર આવેલા કોઈ મનુષ્યે પૂર્વાશ્રમના નૃપતિ તરીકે જોએલા એટલે ઓળખી કાઢયા. તેથી તેમના સ્વરૂપનો ભાસ થતાં ગામના લોકોને જાહેર કીધું કે યોગીના વેશમાં ગોપીચન્દ તથા ભર્તૃહરિ બન્ને ગામ બહાર તળાવને કિનારે ઉતર્યા છે. માટે તેમના દર્શનની ઈચ્છાપૂર્ણ થવાનો યોગ છે. આથી ગામના ઘણા લોકો બહાર નીકળી પડયા. માણસોનું ટોળું પોતા તરફ ધસી આવતું જોઈ બન્ને જણે સંકેત કર્યો કે ગામના લોકોને આપણા વિષે સન્દેહ ઉત્પન્ન થયો છે. માટે આપણે આપણા વર્તનને એવો આકાર આપવો કે તે લોકોને ઉપજેલો મોહ તિરસ્કારમાં પરિવર્તન પામે. સંકેતની સિદ્ધતાને ખાતર ઝોળી ઝંડા ઉતારી રોટલાના ટુકડાને સારૂ તકરાર કરી પરસ્પર મારામારી અને લાતાલાતી ઉપર આવી ગયા. લોકોને લાગ્યું કે પૂર્વાશ્રમના રાજર્ષિ યોગી આવા તે હોય ? તેમને ભીખારી સમજી પાછા ઘર તરફ વળ્યા. આશાતૃષ્ણાનાસર્યાં સંસારીજનો યોગીજનોને પોતાની ભિન્ન ભિન્ન ઈચ્છાઓ પૂર્ણ કરવા વિવિધ રીતે કનડે

છે. આથી મહાત્માઓનો સંસારીજનો સાથે પરિચય ન થાય તેટલા સારૂ ૨૪ કલાકથી વધારે એક ગામમાં ખાસ કારણ વગર ન રહેવું એવો સંન્યાસાશ્રમનો એક નિયમ છે. આ નિયમનું અપરિપાલન કરનારા કેટલાક સાધક દશામાંજ યોગભ્રષ્ટ થાય છે. કોમળ તળાઈઓ ઉપર શયન, કામોદ્દીપક ખાનપાન, સ્ત્રીઓનો સહવાસ ઇત્યાદિ બાબતો ધોરણસર સંન્યસ્ત ગ્રહણ ન કરનારને ઉભયભ્રષ્ટ કરવાને પુરતાં છે. અલબત શરીરનું રક્ષણ થાય એટલું તો હોવુંજ જોઈએ. દુનિઆમાં સાધારણ રીતે બધાથી વખાણાય વા વખોડાય એવો મનુષ્ય જવલ્લે મળી શકે. રામકૃષ્ણાદિ લીલાવતારી પુરૂષો પણ અમુક અમુક વ્યક્તિઓથી નિન્દાવહ બનેલ છે. તોપણ તેમને પ્રશંસનારો ભાગ અધિક છે. સાધારણ મનુષ્ય બહોળા સહવાસથી વિરક્ત હોય એ પણ તેની અનિંદાનું કારણ હોઈ શકે. જૂ, માકડ, મચ્છર, સિંહ, સાપ વગેરેની સૃષ્ટિને માટે નાસ્તિક લોકો પરમેશ્વરને પણ બનાવી કાઢે છે. તો પછી એવા લોકો મહાત્માઓની બદગોઈ કરે એમાં શું આશ્ચર્ય ? ભક્ત જગતનું વેર પ્રસિદ્ધ છે.

સત્સંગનો મહિમા. દૃષ્ટાન્ત.

બુદ્ધિ કર્માનુસારિણી કર્માનુસાર બુદ્ધિ હોય છે. એ કથન પ્રમાણે પૂર્વ જન્મના આ સત્સંગી મહાત્માને બાલ્યકાલથીજ સાધુસમાગમનો શોખ લાગ્યો હતો. જેની તૃપ્તિ કચ્છમાં નહિ થાય, એવા

આશયવાળા આ મહાત્મા, મુસાફરીના સાધનોની અપૂર્ણતા, પૈસાની તંગી, કુટુંબ વાત્સલ્ય વગેરે બાબતોને જીવન સાર્થકતા આગળ તુચ્છ ગણી યાત્રાએ પધાર્યા. લગભગ બે વર્ષે શહેરમાંથી ગએલા સામૈયા સહીત ફરીથી જન્મભૂમિમાં પગ મૂક્યો. મેળાપ કરતાં યજમાનો, સત્સંગીઓ, સગાં, કુટુંબીઓ, હેતુ સંતોષીઓ અને પુષ્કળ પરિચિત જનોનો હર્ષ ઉભરાઈ જતો હતો. હમણાના જેમ આગબોટો, આગગાડીઓ, તાર વગેરેની ગોઠવણુ તે કાળે નહોતી. ખરેખર કાર્ય વિકટ તેમ તેમાં ફતેહ મેળવનારને યશ વધારે. હાલે યાત્રાની નવાઈ મટી ગઈ છે. બે વરસ લગણુ સંકટ સહન કરી મુસાફરીની જેહેમત ઉઠાવી કુટુંબીઓનો વિયોગ સહન કરી અસાધારણુ ધૈર્ય દર્શાવી જન્મ સાર્થક કરનાર, યાત્રાનું ફળ મેળવવા પ્રયાસ ઉઠાવનાર તથા અવલોકન સાથે પ્રવાસ કરનાર ઋષિવર રાઘવજીશર્માને માટે લોકલાગણી આનંદ રૂપે દર્શાવાય એ સ્વાભાવિક હતું. પ્રવાસ દરમિઆન અનેક વિડંબનાઓ વેઠયા છતાં શરીર પ્રકૃતિમાં કંઇ પણુ ન્યૂનતા જોવામાં આવતી નહોતી, અને શાન્તિયુક્ત મુખમુદ્રા જેવી ને તેવી જોવામાં આવતી હતી, તેથી તેમના તરફની લોકોની પૂજ્યબુદ્ધિમાં ઓર વધારો થએલો દૃષ્ટિગોચર થતો હતો. ખરેખર સત્સંગનો મહિમા અલૌકિક છે. એ બાબત વસિષ્ઠજી તથા વિશ્વામિત્રજીના સંવાદનો ઇન્સાફ કરતાં શેષજીએ તપસ્વી શ્રેષ્ઠ વિશ્વામિત્રજીના હજાર વર્ષના તપ કરતાં મહાન સત્સંગી પરમર્ષિ વસિષ્ઠજીના અર્ધી ઘડીના સત્સંગની મહત્તાનો ખ્યાલ પોતાના શિર ઉપરથી પૃથ્વીનો

ભાર ઉંચકાઈ જતાં પ્રત્યક્ષ પ્રદર્શિત કીધો હતો. આ પરથી રાઘવજીનાં ઉંચા સિદ્ધાન્તોનો સહજ ખ્યાલ આવે છે. આ ઉપરથી દાખલો મળે છે કે કોઈ મનુષ્ય ગમે તેવો સાધન રહિત હોય પરન્તુ તેના આશય તથા વર્તન ઉંચાં હોય તો તે સાધન-સમ્પન્ન અને મહાન થાય છે. તેમણે પોતાની જુવાનીમાં જેટલું કષ્ટ ભોગવ્યું તેથી અનેકગણું સુખ પાછલી અવસ્થામાં અને ઘણાં વર્ષ લગણ ભોગવ્યું. જો કે વાસ્તવિક રીતે સુખ દુઃખનો આધાર મનની સ્થિતિ ઉપર છે. દ્વંદ્વભાવનો નાશ થતાં સુખે નથી ને દુઃખે નથી. આત્મા આનંદ સ્વરૂપ છે. આવેલા આપત્તિકાળને જ્ઞાની આનંદથી ભોગવી છૂટે છે, અને અજ્ઞાની દુઃખથી ભોગવતો થકો સંચયમાં વૃદ્ધિ કરે છે. કવિ દલપતરામે કહ્યું છે કે "ન ચાલે સદા કાળ સારો નઠારો, ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો." એવું વર્તન મરહુમ બ્રહ્મર્ષિનું હોય એમ તેમના ચરિત્ર ઉપરથી સ્પષ્ટ સમજાય છે. પૂર્વ કાળથી એક એવી આખ્યાયિકા ચાલતી આવે છે કે એક સમયે વીણાપાણિ મહામુનિ નારદજી જેઓ પરમાત્માનું મન કહેવાય છે, તેમણે આનંદ કંદ નંદ નંદન શ્રી કૃષ્ણચંદ્ર પરમાત્માને સત્સંગના મહિમા બાબે પ્રશ્ન પૂછયો હતો. ઉત્તરમાં ભગવાને નરકમાં થોડે છેટે પડેલા એક કીડાને પૂછવા ફરમાવ્યું. નારદજીનાં નેત્ર સાથે કીડાની દૃષ્ટિનું સંમેલન થતાં તે મરણુ શરણુ થયો. મહા મુનિને ખેદ થતાં તેવો ભાવ પ્રકટ કરી કહ્યું "પ્રભુ, આવું હાસ્ય કરાય ?" પરમાત્માએ ગંભીર મુખમુદ્રા સહિત કહ્યું. "નારદજી પેલા માળામાંના બાળશુકને પૂછો, તે

ખુલાસો કરશે." ખુલાસો માગતાં નવ જાત શુકબાળ કીડાની ગતિને પ્રાપ્ત થયું-મરી ગયું. નારદજીએ સક્ષોભ મુદ્રાથી ભગવાનને પૂછયું, "પ્રભુ, સત્સંગનું ફળ મૃત્યુજ છે કે?" આ તો ઉલટી હત્યા લાગે છે. "ગભરાઓ નહિ! પેલા તરતના જન્મેલા ગોવત્સને સવાલ કરો." ભગવાને કહ્યું. દૃષ્ટિ સંમેલનથી તેના પણ શરીર તથા પ્રાણનો વિયોગ થયો. છેલ્લે નિવાસસ્થાનની નગરીના નરમણિ-નૃપતિના તાત્કાળિક અવતરણ થએલા કુંવરને પૂછતાં તેણે નારદજીને સંબોધીને કહ્યું, "પ્રભુ, આપના દર્શનમાત્રથી કીડાની યોનીમાંથી ચોથે અવતારે હું રાજાને ત્યાં જન્મ લેવા પામ્યો, અને પુનઃ પુનઃ દર્શનનો લાભ આપવા કૃપા કરતા રહેશો તો આપના સત્સંગના પ્રભાવથી ચક્રવર્તી રાજા અને છેલ્લે મોક્ષનો અધિકાર પણ મારે માટે સુસાધ્ય છે. 'મહારાજ दर्शनादेव साधवः સાધુ પુરૂષો દર્શનમાત્રથીજ પવિત્ર કરે છે, તો પછી જે મહાન પુરૂષ અહર્નિશ સાધુસમાગમના તૃષાતુર હતા, અને પોતાની તૃષાનું સાંત્વન કરવા તે વખતની મહા પરિશ્રમવાળી તથા ખર્ચાળુ યાત્રાનું તથા કુટુંબ વિયોગનું દુઃખ વગેરે સહન કર્યાં, તથા આખી જીંદગી સાધુસમાગમમાં પૂર્ણ કરી તેમને મોક્ષ મળવા સમ્બન્ધમાં શું વિવાદાસ્પદ હોઈ શકે? આવા માહાત્મા જે ભૂમિ વા શહેરમાં સ્થિતિ કરતા હોય, જે મનુષ્ય તેમના સહવાસમાં આવતા હોય તે સઘળાને ધન્ય છે. સાધુસમાગમ તકદીર સિવાય પ્રાપ્ત થતો નથી. પહેલાં તો વેષધારી-

માંથી ખરા સાધુને જુદા પાડવાનું તથા ઓળખવાનું કાર્ય બિકટ છે. ઉપલક દેખાવ માત્રથી આગળ વર્ણવેલી ગોપીચન્દ તથા ભર્તૃહરીની ઉપર ઉપરની ચેષ્ટા માત્રથી જેમ માણુસ ભૂલાવો ખાઈ જાય છે, તેમ ઉપરથી સારા દેખાતા અને અં-દરથી જુદાજ સ્વભાવના ઠગ સાધુ પણ ઘણા હોય છે. એવા બગો પોતે પણ ડૂબે છે અને પોતાના સેવકોને પણ ડૂબાવે છે. જાણુતાં છતાં અવળે રસ્તે ચાલનારા એવા ઠગોને બ્રહ્મા પણ વાળવા સમર્થ નથી તો મનુષ્યની શું મગદૂર ? તોપણ ભોળા સેવકોની રાહબરી ખાતર ગુરૂમાં કેવાં લક્ષણ જોઇએ તે બાબત થોડુંક વર્ણન કરવું સજાવાર છે.

સદ્‌ગુરુનાં લક્ષણ.

મન તથા ઇંદ્રિય જેણે જીત્યાં છે; દુરાચાર રહિત; કનક, કાન્તા તથા લોકકીર્તિની ઇચ્છાથી રહિત; દેહ, લોક અને અનુચિત અથવા અસત્ શાસ્ત્રની વાસનાથી રહિત; નિસ્પૃહી; સંશય રહિત; સ્થિત પ્રજ્ઞ, પ્રકૃતિ, જીવ, બ્રહ્મ અર્થાત્ ઈશ્વર તથા જગત્‌ના સ્વરૂપને જાણુનાર; બ્રહ્મનિષ્ઠ; શાન્ત; સત્યવક્તા; સત્યશાસ્ત્ર જાણુનાર; દયાળુ, જીજ્ઞાસુ (જાણુવા ઈચ્છનાર) ની ભ્રાન્તિનો નાશ કરનાર તથા તેના મનના દોષ મટાડી શાન્તિ ઉપજાવવા સમર્થ હોય તે સદ્‌ગુરુ અર્થાત્ સૂક્ષ્મદૃષ્ટિથી ઉપર લખ્યાં લક્ષણોની કસોટીથી તથા જ્ઞાન, શીલ, ગુણ, કર્મ વગેરેની બારીક તપાસથી જો સાધુ પુરૂષ સિદ્ધ થાય તો તેને

સદ્ગુરુ સ્થાને સ્થાપી સંશયરહિતપણાથી તેમને શરણે જવું. એવા સન્તોનાં કાર્યો ઉપદેશરૂપજ હોય છે. કહ્યું છે કે:—

સંતો સંબંધે શ્લોક.

सदा सन्तोऽभि गन्तव्या यद्यदाचरणं सताम्
कथावापि भवेत्तेषा मुपदेशा भवन्ति नः

મહાત્માઓની કૃતિઓના અવલોકનમાં દીર્ઘ વિચારની જરૂર.

સૂક્ષ્મ તથા દિવ્ય પદાર્થોનું અવલોકન કરવાની શક્તિ આપણી ચર્મચક્ષુઓ ધરાવતી નથી, માટે મહાત્માઓની કૃતિનું અવલોકન કરતાં લાંબો વિચાર કરવો. ગીતાજીમાં શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે:—

दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम्

જ્યાં લગણુ દિવ્ય ચક્ષુ પ્રાપ્ત ન થાય ત્યાં લગણુ કોઈ પણ વિષયમાં, ખાસ કરી સન્ત પુરૂષોના સંબંધમાં અભિપ્રાય ઉચ્ચારવો એ મહા સાહસ છે.

ધર્મની અગત્ય તથા વ્યાખ્યા.

દુનીઆમાં ધર્મ સિવાય સઘળું વ્યર્થ છે. જીવન કરતાં પણ મનુષ્યને ધર્મની અગત્ય વિશેષ સમજાય છે. ધર્મની વ્યાખ્યા સાધારણ રીતે પ્રાણીમાત્રની જેથી આબાદી થાય, **ઉન્નતી થાય અને ઉત્તમ સુખ જેથી મળે તેનું નામ ધર્મ.**

ધર્મવડેજ મનુષ્ય અન્ય પ્રાણીથી જુદો પડે છે. પોતે કોણ છે? જગતમાં શા માટે અવતર્યો છે? પોતાનો બનાવનાર કોણ છે? તેના પ્રતિ પોતાની શી શી ફરજો છે? સર્વ કોઇને જેની પ્રાપ્તિની ઇચ્છા છે, તેની પ્રાપ્તિનાં સાધનને ધર્મ કહે છે. મનુષ્ય માત્ર જેનો સ્વીકાર કરે, તેવાં કર્તવ્ય તે ધર્મ. ધર્મમાં ધૃ ધાતુ છે તેનો અર્થ 'ધારણ કરવું થાય છે. એટલે ધારણ કરવા લાયક એ તેનો મૂળાર્થ છે. સાધારણ અને વિ-શેષ એવા ધર્મના બે પ્રકાર છે. મનુસ્મૃતિના છઠ્ઠા અધ્યાયના ૧૨ મા શ્લોકમાં ધર્મની નીચે મુજબ વ્યાખ્યા (Definition) કરેલી છે તે શારીરિક, માનસિક, આત્મિક અને સામાજિક એ ચારે અંગના ધર્મને લાગુ પડે છે.

धृतिः क्षमा, दमोऽस्तेयं शौचमिन्द्रिय निग्रहः ।
धीर्विद्या सत्यम क्रोधो दशकं धर्म लक्षणम् ॥

ધીરજ, દુઃખ, આપત્તિકાળ અને જ્ઞાન મેળવવા સારૂ તથા પારકા ઉપર ઉપકાર કરતાં વ્યાકુળતા, આળસ વા અનાચારમાં મન ન જોડાય તેવું ધૈર્ય ધરવું. ક્ષમા–અજાણતાં હાનિ, અપમાન યા નિંદા થયાં હોય તેને માફી આપવી. દમ–ઇદ્રિયોને નિયમમાં રાખવી, પારકી વસ્તુ અધિકાર વિના અથવા ધણીની રજા વગર ન આપવી વા અપાવવી. શૌચ–જળ વગેરેથી શરીર, વસ્ત્ર, ઘર સ્વચ્છ ને શુદ્ધ રાખવાં, એ શરીર શુદ્ધિ. દુષ્ટ તથા કટુ ભાષણથી વા અનુચિત વાક્યથી દૂર રહેવું, તથા સત્ય ને પ્રિય

બોલવું એ વાણી શુદ્ધિ. ૩જી મનશુદ્ધિ એટલે મનને છળ કપટથી દૂર રાખવું. ઇન્દ્રિયનિગ્રહ એટલે દમ. ધી-જેથી વીર્ય બુદ્ધિની વૃદ્ધિ થાય, નિયમાનુસાર બ્રહ્મચર્ય પાળવું, સદ્‌ગ્રંથ ભણુવા ભણાવવા, સત્પુરૂષોનો સમાગમ-વિદ્યા-સત્પુરૂષ તથા પંડિતનો સમાગમ કરવો, સત્યગ્રંથોનું પઠન પાઠન, જેથી માણસનું કર્તવ્ય, જ્ઞાતવ્ય તથા પ્રાપ્તવ્યનું ફળ મળે તથા એવી વિદ્યાઓ કે જે વડે પોતા ઉપર તથા પારકા ઉપર ઉપ-કાર થાય, તેમજ દરેક પદાર્થ તથા કર્મનું યથાયોગ્ય જ્ઞાન થાય, એવી વિદ્યામાં મંડયા રહેવું. સત્ય-જેવું જોયું, વાંચ્યું સાંભળ્યું હોય અને પોતાના અન્તઃકરણ વિષે જાણ્યું હોય, તેવુંજ કહેવું, વર્તવું, જાણવું, કરવું અને કરાવવું. આવા સ-ત્યથી વચનસિદ્ધ થવાય છે. અક્રોધ-ક્રોધથી માણસનાં લોહી, વીર્ય, બુદ્ધિ તથા વિવેકનો નાશ થાય છે. ક્રોધી છતી આંખે અંધ છે. ક્રોધ વડે મહામુનિ પણ તપોભ્રષ્ટ થયા છે. જુદા જુદા વાડામાં પુરાઈ પોતાના વાડાની પ્રશંસા અને અન્યની નિંદા કરવી એ ધર્મ નથી, એમ મનુ મહારાજના શ્લોકથી જણાઈ આવે છે. દરેક વ્યક્તિ પ્રત્યે તે વ્યક્તિના ગુણ, કર્મ તથા સ્વભાવ પ્રમાણે કુદરતી લાયકાતને અનુસરી જે વિશેષ કર્તવ્ય તે વિશેષ ધર્મ કહેવાય. આ વિશેષ ધર્મ એટલે ચારે વર્ણ તથા ચારે આશ્રમના ઉપર કહેલ સામાન્ય ધર્મને અનુ-કૂળ હોય તો ધર્મ, પણ પ્રતિકૂળ હોય તો ધર્મ નહિ. અ-ર્થાત્ પ્રતિકૂળ કર્તવ્ય ધર્મ નથી.

વિષય ત્રણે કાળે દુઃખદાયી છે.

કુટુંબ પરિવાર ધન વગેરે કશું સાથે ચાલતું નથી, ફક્ત ધર્મજ ચાલે છે. મહા પુરૂષો એમજ સમજે છે તેથી તેઓ નિરન્તર પ્રભુભજનમાં મશગુલ રહે છે. બ્રહ્મર્ષિ રાઘવજીની કૃતિ એજ પ્રકારની હતી. ભક્તોનાં ચરિત્ર સંસારીઓને અદ્દભુત ભાસે છે. નરસિંહ મહેતાએ પરમેશ્વર પાસેથી નિશ્ચિન્તે ભક્તિ કરવા ખાતર પોતાના એક પુરા પુત્ર શામળીઆનું મોત માગ્યું હતું. સ્ત્રી મરતાં ગાયું છે કે " ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ. વગેરે, વગેરે. ધન વગેરે વૈષયિક પદાર્થો મેળવતાં તથા સાચવતાં કેટલો શ્રમ ઉઠાવવો પડે છે, છતાં પણ તે નાશવન્ત છે, અને નાશ પામે છે ત્યારે પારાવારનું દુઃખ થાય છે. એક વિદ્વાને કહ્યું છે કેઃ—

जनयन्त्यर्जने दुःखं तापयन्ति विपत्तिषु
मोहयन्ति च सम्पत्तौ कथमर्थाः सुखावहाः

કમાવવામાં દુઃખ, આપત્તિમાં સંતાપ, અને અધિકતાથી મહાંધતા કરાવે છે. એવું ધન સુખદાયક કેમ કહેવાય? મતલબ ધન ત્રણે કાળે દુઃખદાયક છે. તેવીજ રીતે અન્ય સાંસારિક સુખોનું સમજી લેવું.

ચરિત્રનિરૂપક નાનજી તથા વિશનજીભાઇને ઋષિવરનો પ્રબોધ.

હું તથા વિશનજીભાઈ ભુજમાં ટ્રેનિંગ કલાસમાં સાથે

અભ્યાસ કરતા હતા. મ્હારી ન્હાની ઉંમર હોવાથી મારા પૂજ્ય પિતાશ્રી તથા પિતામહશ્રીનો વિચાર, વિશનજીભાઈની લાયકાત તથા લાયક ઉમ્મર અને ઠરેલ સ્વભાવના કારણસર તેમની સાથે રાજકોટ ટ્રેનિંગ કૉલેજમાં મોકલવાનો હતો. પરન્તુ ભાવિ પ્રબળ હોવાથી મે૦ રા૦ રા૦ ખખ્ખર સાહેબની મરજીને અનુસરી મારે અમદાવાદ ટ્રેનિંગ કૉલેજની પ્રવેશક પરીક્ષા આપવી પડી, અને તેમાં પાસ થતાં મારે અમદાવાદ ટ્રેનિંગ કૉલેજમાં જવાનું બન્યું. એવી રીતે ભણતરને અંગે વિશનજીભાઈના સહાધ્યાયીપણાથી મારે વિમુખ થવું પડયું તેને માટે મને તથા મારા પિતા વગેરેને ઓછું આવ્યું, પણ સત્તા આગળ શાણપત શું કરે ? અત્રેથી અમે બધા સાથે નીકળ્યા, પણ રસ્તામાં જુદા પડતાં મને જે ખેદ થયો તે અત્યારે પણ યાદ આવી જાય છે. દુઃખનું ઔષધ દહાડા એ લોકોક્તિ પ્રમાણે મનના સ્થિતિસ્થાપક ધર્મને લીધે રફતે રફતે જુદાઈનું દુઃખ કમી થવા લાગ્યું. ભુજથી નિકળતાં બ્રહ્મર્ષિ રાઘવજીએ પિતૃધર્મને અનુસરી વિશનજીભાઇને કેટલોક અમુલ્ય બોધ આપ્યો, અને ગુરુ તરીકે મને પણ શિખામણના બે બોલ કહ્યા. સદરહુ બોલો જીંદગીભર ભૂલાય તેમ નથી. પૂર્વકાળના વિદ્યાર્થીઓ જનોઈ ધારણ કરી, સૂર્યનો મંત્ર લઇ ગુરુને ઘેર ભણવા જતા. ત્યાં એકનિષ્ઠાથી ગુરુની સેવા કરતા. હાલ જનોઈ ધારણ કરતાં બટુક ભિક્ષા માગે છે, અને કાશીએ જવાની માગણી કરે છે. તેનો અર્થ ભિક્ષા માગી પોતાનું તથા ગુરુનું પોષણ કરવું.

ગુરુના બેઠા વગર બેસવું નહિ, તેમના દેખતાં સૂવું નહિ, વગેરે વગેરે અનેક બોધદાયક બાબતોનું વર્ણન કરી કહ્યું તમે પણ ત્યાં એવીજ રીતે નિયમમાં રહી ભણજો, ગુરુના કહ્યામાં રહેજો, ગુરુની યા બીજાની નિંદા મા કરજો. તમને ભિક્ષા માગવી નહિ પડે. એટલો વખત તમને વિદ્યાભ્યાસને માટે વધારે મળશે. તો પછી પૂર્વ કાળના ગુરુકુળના વિદ્યાર્થીઓ કરતાં તમારૂં શિક્ષણ જોકે ઓર તરેહનું છે, તમે યથાકાળ બ્રહ્મચર્ય પાળવાની સ્થિતિથી દૂર છો તોપણ તે ચઢીઆતું તો હોવું જોઈએ. બ્રહ્મચર્ય પાળવું એ વિદ્યાર્થીનો ખાસ ધર્મ છે. બ્રહ્મચર્યથીજ પૂર્વકાળના બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ અદ્ભુત શરીરબળ, માનસબળ તથા હૃદયબળ ધરાવતા એ વાત તમારી દૃષ્ટિ સમીપ તરતી ને તરતીજ રાખજો. તમે તેજ બ્રહ્મર્ષિ તથા રાજર્ષિના અનુજ છો એ વાત ખ્યાલથી ખસેડશો નહિ. વગેરે શિખામણથી અમારા બન્નેના મન પર ઘણી અસર થઈ, અને તેનું પરિણામ એ આવ્યું કે હું પાસ થતાંની સાથે સંસ્કૃતમાં આખી અમદાવાદ ટ્રેનિંગ કૉલેજમાં, ફર્સ્ટઈઅર, સેકન્ડીઅર તથા સીનીઅર સઘળા વર્ગોમાં પહેલે નંબર આવ્યો, અને વિશનજીભાઈ આખી રાજકોટ ટ્રેનિંગ કૉલેજમાં ઠરેલ સ્વભાવ તથા સારી ચાલને માટે સર્ટિફિકેટ મેળવનાર એકલા એજ હતા. ગુરુપદવીને જેબ આપનાર બ્રહ્મર્ષિના સામર્થ્યનો વિચાર કરતા હિન્દી કવિનો એક દુહો મારા સ્મરણસ્થાનમાં આવિર્ભાવ પામ્યો. કહ્યું છે કેઃ—

ગુરુની મહત્તા.

गुरु गोविन्द दोनो खडो, कीसको लागुं पाय;
बलिहारी गुरुदेवकी, जीने गोविंद दीओ बताय.

ગુરુ શબ્દનો વ્યુત્પન્ન અથવા મૂળાર્થ ગુ=અન્ધારૂં+રુ=ટાળનાર એટલે જ્ઞાનદીપકથી પ્રકાશ પાડનાર અને અન્તઃકરણની અવિદ્યાને વિદ્યામાં રૂપાન્તર કરનાર તેજ ગુરુ. સ્કૂલમાં જે કેળવણી અપાય છે, તે તો સંસારશ્રેણીના પ્રથમ પગથીઆ તરીકે ગણી શકાય. એ બાબત વારંવાર તેવણ બહુરસથી ચર્ચા કરતા. હાલે ધર્મ સમ્બન્ધી કેળવણીનો અભાવ છે. પૂર્વ કાળે બ્રહ્મચર્યાશ્રમમાં ધર્મની કેળવણી ખાસ અપાતી. તેથી વિદ્યાર્થીવર્ગ પોતાના ધર્મનાં મૂળતત્ત્વો સારી પેઠે સમજતો અને શ્રદ્ધાવાન થતો, અને અન્ય ધર્મમાં હાલની માફક વટલી જવાનો વિચાર સુદ્ધાં કરતો નહિ. સ્વધર્મના સમ્પૂર્ણ જ્ઞાનના અભાવે વિદ્યાર્થીઓ અંગ્રેજી ભણી બાઈબલના સિદ્ધાન્તો તથા ખ્રિસ્તિ ધર્મના સિદ્ધાંતો શ્રવણ કરી તેને ઉત્તમ સમજી ક્રિશ્ચિઅન બની જાય છે. જોકે નિશાળમાં શિખતી ભિન્ન ભિન્ન કોમની પંચરંગી વિદ્યાર્થીઓની મંડળીને સાથે લાગું ધર્મનું શિક્ષણ આપવું નામદાર સરકાર માટે અગવડ ભરેલું પણ લાગે છે. એ લોકોએ કોમના સદ્ગૃહસ્થો તરફથી એવું જ્ઞાન મેળવવાની વકી રાખવી એ ગેરવાજબી તો નથી. દુકાળના વખતમાં તો ઠીક પણ સાધારણ વખતમાં પણ ભૂખમરાને લીધે

લાખો હિન્દુઓ ઉત્તમ યા અંત્યજ વર્ણના વટળતા જાય છે, અને હિન્દુઓની સંખ્યા ઓછી કરતા જાય છે.

હિંદુઓની સંખ્યામાં ન્યુનતા અને કારણ.

મુસલમાનોના વખતમાં જેમ ગુરુ નાનકે હિન્દુ મુસલમાનોને એકત્ર કરી શીખ પંથ સ્થાપ્યો હતો, તેમ હમણાં આર્યસમાજવાળાઓ તરફથી વિધર્મીઓને સ્વપંથમાં દાખલ કરવાનું કાર્ય બજાવાય છે. તે હિન્દુઓની સંખ્યા વધારવાનો એક ઈલાજ ગણી શકાય. પૂર્વ કાળમાં શૂદ્રનું પાલણપોષણ કરવાની ફરજ દ્વિજ વર્ણની ગણાતી તેની ગેરહાજરીમાં દેશ-કાળને અનુસરતી કોઈ બીજી વ્યવસ્થા દાખલ કરી હોય તો વટળનારાઓ અટકી જાય. નહિતો ભય રહે છે કે હાલની સ્થિતિ પ્રમાણે હિન્દુઓની સંખ્યા ઘટી તો જશેજ.

ગામઠીશાળા બાબત ઋષિવરના વિચાર.

મરહુમ બ્રહ્મર્ષિના કાળમાં હાલના જેવી નિશાળો નહોતી. એટલે તેમનું શિક્ષણ જૂના વખતની ગામઠી નિશાળમાં ચાલેલું હોવું જોઇએ. તોપણ વિદ્યાર્થીના ધર્મ વિષે તથા દેશી પંડ્યાના શિક્ષણ વિષે તેઓ બહુ રસથી વાર્તા કરતા. વિદ્યાર્થીનાં લક્ષણ બાબત નીચેનો શ્લોક તેમને બહુ પ્રિય હતો.

काक चेष्टा बक ध्यानं स्वल्प निद्रा तथैव च
अल्पाहार स्त्रियस्त्यागो विद्यार्थी पंचलक्षणं.

કાગડા જેવી ચાલાકી, બગલા મિસાલ ધ્યાન, સ્વલ્પ ઉંઘ,

અલ્પ આહાર અને સ્ત્રીનો તદ્દન ત્યાગ. વિદ્યાર્થીઓએ ગોખવું, પૂછવું, અને મનન કરવું એ તેમને લાભકારી છે.

પ્રાચીન સમયમાં ઘરનો વડીલ શિક્ષણ આપવાનું કામ કરે એવો રવૈયો હતો. ઘરના વડીલને જાતિ કર્તવ્યમાં રોકાવાનું બન્યું ત્યારે શાળાની સંસ્થા ઉભી થએલી સંભવે છે. એ કાળે વિદ્યાર્થી બ્રહ્મચર્ય દીક્ષા લઈ ગુરુને ઘેર ભણવા જતા. આર્યાવર્તની આબાદીમાં કાશીપુરી વિશ્વવિદ્યાલયનું મુખ્ય સ્થાન ગણાયું, જે આજ સુધી કાયમ છે. આ વખતમાં સ્ત્રીઓને શિક્ષણ આપવાની કંઈ વ્યવસ્થા હોય એમ જણાતું નથી. **पतिरेव गुरु स्त्रीणाम** શબ્દાવળીથી સ્ત્રીને શિક્ષણ આપવાનું કામ પતિનું હતું. વળી સસરા જેઠ વગેરેની લાજ કાઢવાનો રિવાજ પણ પતિ પ્રેમમાં ન્યૂનતા ન આવવા ખાતર હોવો જોઇએ. ઉચ્ચ જાતિની બ્રાહ્મણ કન્યાઓ ઘરે ભણતી, અને રાજદરબારમાં ખાસ સ્ત્રીશિક્ષકો રોકવામાં આવતી. છાપખાનાના અભાવે પુસ્તકો હાથે લખાતાં અને તે શિખવાતાં. આસોની નવરાત્રિમાં સરસ્વતીનો ઓચ્છવ થતો. દીપોત્સવીને દહાડે લાકડાના પાટલામાં ગેરુનો સાથીઓ કઢાવી સરસ્વતી માતા ધાઉં ધાઉં ઢુકડો (કચ્છીમાં ઢઉં ઢઉં ઢોકરો) બોલવા વિદ્યાર્થી જાય. પૂર્વ કાળની સંસ્કૃત શિક્ષણશાળાઓ વણિકશાળાઓમાં પરિવર્તન પામવાનો સબબ મધ્યકાળના મુસલમાની હુમલા હોય એમ ધારી શકાય છે. આ વણિકશાળાઓમાં આંક, નામાં, લેખાં વગેરે વ્યાવહારિક શિક્ષણ અપાતું.

મહેતાજી હિસાબ વા આંકનો પ્રશ્ન પૂછે અને સાથે દડો ફેંકે. જવાબ અને દડો મહેતાજીને સાથે મળવા જોઇએ. મહેતાજીનું એ અરસામાં ઘણું માન હતું. એ વિદ્યાર્થીઓના મુખમાંથી ઉચ્ચારાતા 'ઘણુ' જીવો મહેતાજી', 'જીસા' વગેરે શબ્દોથી જણાઈ આવતું. સહાધ્યાયીઓ પણ પરસ્પર પ્રેમભાવે વર્તતા. પરમાત્મા કૃષ્ણ નિજ ગુરુ સાંદીપનિઋષિ વાસ્તે વરસતા વરસાદે સહાધ્યાયી સુદામા સાથે લાકડાં કાપવા ગએલા, અને ઋષિએ તેમને આશીર્વાદ આપેલો કે તમારી વિદ્યા સદાએ તાજી રહેજો. પાછળથી શ્રીકૃષ્ણે સુદામાના દારિદ્રયને ચૂર્ણ કીધું. એવા ગુરુઓ તથા વિદ્યાર્થીઓના ગૂમ થવા સાથે ભારતવર્ષની ઉન્નતિ પણ ગૂમ થઈ ગઈ છે.

પાડા તથા મૂળાક્ષર ગોખવામાં રસ પડે માટે તેની સાથે કેટલોક વધારો જોડાતો. જેમકેઃ—

પંદર એકું પંદર, પાડી કરે હુન્નર;
પાડી પાડે ચીસ, પંદર દુ ત્રીશ.
બાવી એકું બાવીઅ, ઘઉંકી રોટી ખાવીઅ;
ઘઉંકી રોટી સુંવાળી, બાવી દુ ચુમાળી.

શિખવામાં રસ પડે તથા મરોડ યાદ રહે માટે તેની સાથે કેટલુંક અનુસન્ધાન કરવામાં આવતું. જેમકે કક્કો કેવળો; ખખ્ખો ખાજલો, ગગ્ગા ગોરી ગાય વિઆણી, નનું નામણુ ફુમેલો વગેરે વર્ણન બહુ વિનોદજનક લાગે છે. વધારે વિ-

નોદ તો એમના મધુર કંઠ તથા ગાવાની ઢબથી થતો.

એજ કક્કાને ચતુરાઇની રીતમાં ગાવાનું વ્યાખ્યાન બહુ બોધદાયક હતું.

૧. કક્કારે કામ કરતાં વિલંબ ન કીજે એ ચતુરાઈની રીત, ૨. ખખ્ખારે ખૂણે બેસી ખત ન લખીએ, ૩. ગગ્ગારે ગૌ-બ્રાહ્મણની સેવા કરીએ, વગેરે.

દિનચર્યા તથા રાત્રિચર્યાના સંબંધમાં નીચેની બહુ ઉપયોગી, શરીર રક્ષક તથા ઉદ્યોગને ઉત્તેજન આપનારી શિખામણો વિદ્યાર્થીને માટે બોલતા.

૧. મોટે પરોઢીએ ઉઠવુંજી, ૨. દાતણપાણી કરવુંજી, ૩. ઝાડે જંગલ જાવુંજી, ૪. નાવણુ ધોવણુ કરવુંજી, ૫. ઇષ્ટારાધન કરવુંજી, ૬. ખાવું પુરૂં ખાવુંજી, ૭. વળતી નિશાળે જાવુંજી, ૮. ખડીઓ પાટી લાવવાંજી, ૯. નિશાળે ભણવા આવવુંજી, ૧૦. સરસ્વતીને પગે લાગવુંજી, ૧૧. વળતી મહેતાજીને નમવુંજી, ૧૨. રજા લઇ બેસવુંજી, ૧૩. બેસ કહે ત્યાં બેસવુંજી, ૧૪. ઉઠ કહે તો ઉઠવુંજી, ૧૫. બેઠાં બેઠાં લખવુંજી, ૧૬. સાંઝે ઘેર જાવુંજી, ૧૭. માબાપને પગે લાગવુંજી, ૧૮. વાટે જતાં વઢવું નહિ, ૧૯. રાતે પાઠ લેવોજી, ૨૦. વાળુ પાણી કરવુંજી, ૨૧. સૂતા પહેલાં ઇષ્ટસ્મરણ કરવુંજી, ૨૨. નિશ્ચિંત થઈ સૂવુંજી, ૨૩. માબાપની આજ્ઞા માનવીજી, ૨૪. ભાણીઝાણી ડાહપણ શીખવુંજી, વગેરે. વળી,

શ્રી નાથજીની ઘોડી, ત્રણ પગે ખોડી,
એક પગે હાલે ચાલે, પાતાળમાંથી પાણી કાઢે;
એ પાણીનો કાવો કીજે, માત પિતા પગ ધોઈ પીજે. વગેરે.

પરમાત્માની ઘોડી જે વાણી તેના વૈખરી, મધ્યમા, પશ્યન્તિ અને પરા એ ચાર પગ છે. એમાંની વૈખરી વપરાશમાં બહુ છે. બાકીની ત્રણ વાણી વપરાશમાં થોડી છે. પરન્તુ દરેકનું ફળ મંત્ર જપાદિકમાં અનુક્રમે સહસ્રગણું ચઢીઆતું છે. સદહું ત્રણ પગે લંગડી ઘોડી એટલું સામર્થ્ય ધરાવે છે કે માત્ર એકજ પગથી પણ પાતાળમાંથી પાણી કાઢે છે. ખરે નાદ બ્રહ્મનો મહિમા અપાર છે. નાદમાંથીજ જગત્‌ની ઉત્પત્તિ થઈ છે. વિષ્ણુ ભગવાનના એક હસ્તનું આયુધ જે શંખ તે નાદનું ચિહ્ન છે. ૐનો મહિમા કેટલો છે. નાદના મહિમાની પિછાનને જાણીને નામદાર અંગ્રેજ સરકારે પૂલ ઉપરથી પસાર થતાં લગણ બૅન્ડ વગાડવાની મનાઈ કરેલી છે. દીપકથી દીવા પ્રકટે છે, મલ્હારથી વરસાદ વરસે છે, હીંડોલથી વિષ્ણુ ભગવાનના હિંડોળા સહિત દર્શન થાય છે, વગેરે નાદનો મહિમા અપાર છે. રૌદ્ર, કરુણ, હાસ્ય, શૃંગાર વગેરે રસનાં ગાયનોથી શ્રોતાઓના મન ઉપર અદ્‌ભુત અસર થાય છે. ગાયનથી ઘણા ઘણા રોગો નાશ પામે છે. મનુષ્ય તો ઠીક પણ નાગ મોરલીથી અને હરણ વાંસળીથી એટલાં મોહમુગ્ધ થાય છે કે મરણ શરણ થતાં લગણ તેમને ભાન રહેતું નથી. કસ્તૂરી મૃગનો નર જેની નાભિમાં કસ્તૂરી હોય છે તેને પકડવાને શિકારીઓ વાંસળી વગાડે છે. જેના

ઉપર તે આકર્ષાઈ આવે છે, અને શિકારીને હાથે મરણ પામે છે. ટીબેટ તરફ આ મૃગ થાય છે.

જયકૃષ્ણ તથા વિશનજીભાઈનું વર્ણન.

પોતે જૂની ઢબની ગ્રામ્ય શાળામાં શિક્ષણ લીધેલું તો પણ આધુનિક કેળવણીના અમુક અમુક અપવાદો બાદ કરતાં તેવણ એ કેળવણીના હિમાયતી હતા. જયકૃષ્ણને પણ ગુજરાતી શાળામાં શિક્ષણ અપાવેલું, અને તેમના જ્યેષ્ટ પુત્ર વિશનજી-ભાઈ જેઓએ રાજકોટ ટ્રેનિંગ કૉલેજમાં બે વર્ષ અભ્યાસ કર્યો છે. ભુજ આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ઈંગ્રેજી શિક્ષણ લીધેલું છે. તદુ-પરાંત કેટલાંક વિદ્વત્તાવાળાં પુસ્તકો તેમના તરફથી પ્રસિદ્ધ થયાં છે, અને કેટલાંક ભવિષ્યમાં પ્રસિદ્ધ થવાની વકી છે. યશવન્ત જીવન ચરિત્ર, સ્વરોદય, યશવંતવિરહ અને 'સારસ્વત સર્વસ્વ' અથવા 'સર્વ બ્રાહ્મણોનું મૂળ' પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. લીંબડીમાં ખાનગી ખાતાના તથા રિયાસત ખાતાના ઉપરી તરીકે તેમણે મરહુમ સુજ્ઞ અને રાજનીતિજ્ઞ મહારાજા યશ-વન્તસિંહજીનો ઘણો વિશ્વાસ મેળવ્યો હતો. પ્રામાણિકપણું તથા ઠરેલપણું એ તેમના ખાસ ગુણો છે. બ્રહ્મર્ષિ રાઘવજી તથા માતાજી લક્ષ્મીબાઈના સુન્દર ગુણોથી જે વિભૂષિત છે. લીંબડીથી ભુજ આવતાં પ્રથમતઃ સારસ્વત તથા લોહાણાના ચિરંજીવીને ગાયત્રી મંત્રની જરૂર તથા તે જપવાની તેમની ફરજ તરફ દોર્યા હતા. હાલે ગાયત્રી મંત્ર જપનારા સારસ્વતો

તથા લવાણા ભુજમાં થોડાઘણા માલમ પડે છે. તેમના આગમન પહેલાં એ દિશા લગભગ ખાલી હતી. તેમનાં આવાં સુકૃત્યો તેમનાં સુજ્ઞ માતપિતા તરફથી મેળવેલી સારી કેળવણીના પરિણામ તરીકે ગણી શકાય. ગર્ભાધાન સંસ્કાર પહેલાંના તથા ત્યાર પછીના માબાપના શારીરિક તથા માનસિક ગુણો તેમનાં બચ્ચાંમાં સહજ સ્વભાવે ઉતરે છે. તેમાં પણ ખાસ કરીને માતાના, એ વાત મહાન પુરૂષોના ચરિત્રથી સુવિદિત છે. ગરીબ સ્થિતિમાંથી એકદમ પૈસો, અધિકાર, રાજ્યની મહેરબાની વગેરે બાબતો પ્રાપ્ત થતાં છલકાય નહિ એજ ખરા બ્રહ્મત્વનું કારણ છે. વળી યુવાવસ્થા. કહ્યું છે કે "એક જુવાની, દુસરા ધન મીલે; સાહેબ કરે તો સીધા ચલે." પણ સદરહુ બાબતો અવિવેકીને બહેકાવનારી ગણાય. પરન્તુ જેને વિવેકરૂપી દશમો નિધિ પ્રાપ્ત છે તેને નહિ. હિતોપદેશમાં કહ્યું છે કેઃ—

यौवनं धन सम्पत्तिः प्रभुत्वमविवेकिता ।
एकैकमप्यनर्थाय, किमुयत्र चतुष्टयम् ॥

જુવાની, ધન, અધિકાર અને અવિવેક, એમાંનું દરેક અનર્થને માટે છે તો જ્યાં ચારે ભેળાં થાય ત્યાં શું ન થાય? આમાં ખાસ કારણ તેમનો ઠરેલ તથા ગંભીર સ્વભાવ છે કે જેને માટે ગુજરાતના તે વખતના વિદ્વાનોમાં અગ્રેસર ગણાતા રાજકોટ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપલ નવલરામ લક્ષ્મીરામે તેમને માટે તેમના કૉલેજના અભ્યાસ કાળ દરમિઆન સારી ચાલ

પ્રત્યક્ષ જોએલી તેનું સારૂં સર્ટિફિકેટ આપેલ છે.

પ્રજાની ઉન્નતિનાં કારણ.

બચ્ચાંને ઉછેરવામાં માબાપો જાણે અજાણે નિયમ પાળે તો બચ્ચાં શ્રેષ્ઠ થાય એ બિનતકરારી વાત છે. પ્રાચીન સમયમાં આશ્રમોની ઉત્તમ વ્યવસ્થાના કાળમાં બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરેમાં પ્રતાપી પુરૂષોની ઉત્પત્તિ થતી. તેનો હાલે અભાવ છે. પરન્તુ નિયમો જાણી તદનુસાર બચ્ચાં ઉછેરવામાં આવે તો પછી ઘર ઘર રામ, કૃષ્ણ, હરિશ્ચન્દ્ર જેવા રાજર્ષિઓ અને વસિષ્ઠ, ભૃગુ જેવા બ્રહ્મર્ષિઓની ઉત્પત્તિ કાં ન થાય ? આશ્ચર્ય જેવું છે કે વેદધર્મનું ખંડન કરનારા બૌદ્ધધર્મની અસ્તિ પછી અને અધુરામાં પુરૂં મુસલમાન રાજાઓના આક્રમણ પછી તથા તેમનાં રાજ્ય હિન્દમાં સ્થપાયા પછી આર્ય નામનું રૂપાન્તર નામાભિધાન હિન્દુ એટલે કાળા, ગુલામ, નાસ્તિક વગેરે અર્થનાં વિશેષણો તે વખતના વિધર્મી જૂલમી રાજાઓએ લાગુ પાડયા પછી તથા તેવીજ જાતનું વર્તન ચાલુ રાખ્યા પછી પરતંત્રતાની બેડીમાં જકડાએલા આર્યખંડવાસીઓની વિચારશક્તિ સ્વતંત્રતાને અંગે નષ્ટપ્રાયઃ થઈ. પારકાને વિચારે ચાલવાની તેમને આદત પડી. આપણે શરીરનું અમુક અંગ હલાવીએ નહિ, તો તે જડ થઈ જાય છે. બાહુ હલાવ્યા ચલાવ્યા વગર ઉંચી રાખનારા સાધુઓની સ્થિતિ પ્રત્યક્ષ નિહાળીએ છીએ, તો આપણે આપણા મનવડે વિચાર ન કરતાં પારકાને વિચારે

ચાલીએ તો આપણું મન પણ જડ કેમ ન થાય ? પરન્તુ સેંકડે ૯૮ માણસો તેમજ કરે છે. દરેક મનુષ્યની લિંગ શરીરની ઉપાધિ ભિન્ન ભિન્ન હોય છે. એમ હોવાથી એકના વિચાર બીજાને કેમ બંધબેસતા થાય ? તેથી દેશ કાળનો વિચાર કર્યા વગર રૂઢિ પ્રમાણે વર્તવાની ટેવ ચાલુ થવા લાગી. ધાર્મિક, સાંસારિક, રાજદ્વારી વગેરે દરેક બાબતમાં લોકોને એવી સ્થિતિ પ્રાપ્ત થઈ, અને ઘણે ભાગે જાહેર હિમ્મતનો અભાવ થયો. આવા વર્તનથી મહાન્ ઋષિઓ, ધર્મ સંસ્થાપકો, પેગંબરો વગેરેને ઉત્પન્ન કરનારો, કુદરતી પેદાશથી સભર તથા સમગ્ર દુનીઆમાં વસ્તી વગેરે બાબતમાં ઉચ્ચ પદ ધરાવનારો એશિઆખંડ અને તેના હિન્દુસ્તાન, ચીન વગેરે દેશો, પૂર્વ કાળમાં પછાત સ્થિતિવાળા યૂરપખંડના રહેવાસીઓને મુકાબલે ઘણી અવનતિમાં છે. કારણ ત્યાંના ઈંગ્લાંડ, જર્મની, ફ્રાન્સ વગેરે દેશોના લોકો સ્વતંત્ર વિચાર, સાહસ, શૌર્ય, નિયમિતપણું, બુદ્ધિબળ વગેરે જાહેર હિમ્મતથી વાપરી શકે છે. તરતમાં જાપાનના લોકો તેમને પગલે ચાલવાથી રશિઅન મહારાજ્યને પરાસ્ત કરવાને શક્તિમાન થયા. અર્થાત્ નિવૃત્તિને પ્રવૃત્તિની સૂક્ષ્મ કળાને સ્થાને વાપરવાને બદલે તેનું આલસ્યમાં રૂપાન્તર થવાથી ભરતખંડની આ દશા થઈ. આપણા રાજકર્ત્તા અંગ્રેજના સારા ગુણોની નકલ કરવાને બદલે તેમના દુર્ગુણોની નકલ થવા લાગી. હિન્દુ ધર્મ અને જાતિભેદ એ હંબગ છે, એવી માન્યતા થઈ. સઘળાનો શંભુમેળો કરી એકજ જ્ઞાતિ થવાની હિલચાલો આખુ-

નિક સમયના કેળવાએલા લોકો તરફથી થવા લાગી છે. તેનું પરિણામ આપણે પ્રત્યક્ષ રીતે જોઈ વળ્યા છીએ. અલબત ક્ષત્રિયમાંથી બ્રાહ્મણ થવાના વિશ્વામિત્ર જેવા દાખલા આપણાં પ્રાચીન શાસ્ત્રોમાંથી પ્રાપ્ત થાય છે. પરન્તુ નીચે ઉતરવાના દાખલા જાણવામાં નથી. દરેક બાબતને બે બાજુ હોય છે. તેને બરાબર તપાસી ધાર્મિક, સાંસારિક યા રાજદ્વારી બાબતોમાં પુખ્ત વિચાર કરી વર્તવું. નહિતો ખત્તા ખાવાનો ઘણો સંભવ છે. ઘણે ભાગે વિષ્ણુને સ્થાને લક્ષ્મીજી પૂજાય છે, અને લક્ષ્મીવાનો ઠગોનો ખોરાક બને છે. સુધારાની વાતો બીજાને કહેવાને માટે તે પ્રમાણે આચરવાને માટે નહિ. એવું ઘણા દાખલામાં બનતું જોવામાં આવે છે. એક મહાત્માના નીચેના કથનાનુસાર સ્વાર્થી લોકોનાં કાળાં ધોળાંનો ભોગ થવાનો તથા ઠગાવાનો અને સહન કરવાનો સમય પ્રાપ્ત થાય છે.

ટકાનું પ્રાબલ્ય.

टका धर्मष्टका कर्मष्टका हि परमं पदं ।
यस्य गृहे टका नास्ति हाटकाटक टकायते ॥
आना अंशः कलाः प्रोक्ता रूप्योऽसौ भगवान् स्वयं ।
अतस्तं सर्व मिच्छन्ति रूप्यं हि गुणवत्तमम् ॥

ધર્મ, કર્મ અને પરમપદ ટકાજ છે. જેના ઘરમાં ટકા નથી, તે ટક ટક જોયા કરે છે. ભગવાનને સોળ કળા છે, તેમ

રૂપિઆના સોળ આના છે. માટે બધા તેને ઈચ્છે છે. એટલે જીભ, વૈષયિક ઇન્દ્રિયો, અને ટકા માટે બહુ બહુ પાખંડ ચાલી રહે છે. માટે આવી ત્રણ પ્રકારની ઇચ્છાવાળા માણસથી સમય, તન, મન, ધન તથા આબરૂ વગેરેનું નુકસાન ન ભોગવવું પડે તેને માટે ચેતતા રહેવું જોઇએ. કારણ જમાનો બદલાઈ ગયો છે. ઉપર ઉપરના આડંબરથી ભૂલાવો ન ખાવો. ઘણે ભાગે સ્વાર્થ તથા કામનાથી ભરપુર માણસો પેટને ખાતર અજબ નાટય કરે છે. એક વિદ્વાને કહ્યું છે કેઃ—

કામનું અજીતપણું.

કવિત.

નખ બિન કટા દેખે, શીશ ભારી જટા દેખે,
જોગી કનફૂટા દેખે, છાર લાયે તનમેં;
મોની અબોલે દેખે, કે તે સતગુની દેખે,
માયાકે ભરપુર દેખે, ભૂલ રહે ધનમેં;
આદ અન્ત સુખી દેખે, જન્મ હુકે દુઃખી દેખે,
કરત કિલ્લોલ દેખે, વનખંડી વનમેં;
પંડિત ઓર વીર દેખે, સાધુ ઓર મીર દેખે,
ऐसे नहि देखे, जाके कामना नहि मनमें.

વનસ્પતિ તથા જાનવરને સુધારવાનો આધુનિક પ્રયત્ન.

વનસ્પતિની જાતને સુધારનારા યુરોપના તથા અમેરીકાના

લ્યુથર બુર્બોન જેવા વિદ્વાનો બોર જેવડાં ફળને કેરી જેવડાં બનાવવા શક્તિમાન થયા છે. ટામોટા (બજર બટુઆ) ને છ શેર વજનનું મ્હોટું ફળ બનાવી શકે છે. ગુલાબના ફૂલનાં કાંટા નાબુદ કરી શકયા છે. ગુલાબના ફૂલને અસાધારણ કદનું બનાવી શકયા છે. હાથીઆ થોરના કાંટાને નાશ કરવાની ફતેહમંદી ઉપર છે. ઝાડને ઈચ્છાનુસાર સંખ્યાનાં ફળ ઉપજાવવાને શક્તિમાન થયા છે.

તેવીજ રીતે પ્રાણીઓમાં ઘોડા, કૂતરા, ઊંટ, બળદ વગેરે જાનવરોની જાત સુધારવાને આપણે ત્યાં નામદાર સરકાર તરફથી ફતેહમન્દીભરેલા અખતરા થઈ ચૂક્યા છે, અને યૂરોપ અમેરિકાના વિદ્વાનો પણ એવી શોધોમાં બહુ આગળ વધ્યા છે. હાલમાં ગ્રેગર મેન્ડેલ તથા તેની શોધને ચાલુ રાખનારા વિદ્વાનો માણુસ જાતને કેવી રીતે સુધારી શકાય તથા મરજી પ્રમાણે બચ્ચાં કેમ બનાવી શકાય તેના અખતરામાં ઘણા આગળ વધ્યા છે. જો કે તે હજુ સમ્પૂર્ણ નથી, પણ જતે દહાડે તેઓનો આગ્રહ તેમને ફતેહ અપાવશે. આર્યખંડવાસીઓની વૃદ્ધિ કેટલે દરજ્જે થઈ છે, તે જાણુવા બહાર નથી. પૂર્વકાળના આપણા આર્ય ઋષિ મુનિઓએ સોળ સંસ્કાર ઠરાવ્યા છે, તે પ્રમાણે વર્તાય તેમાં ખાસ કરી ગર્ભાધાન સંસ્કારનું મહત્ત્વ સચવાય તો મરજી પ્રમાણે બચ્ચાં બનાવી શકાય.

યોગ્યતાને કશું અસાધ્ય નથી.

હરેક બાબતની પ્રાપ્તિને અંગે માણસે યોગ્યતા મેળવવી જોઈએ. યોગ્યતા હશે તો ધન, કીર્ત્તિ, મોટાઈ વગેરે પોતાની મેળે પ્રાપ્ત થશે. બીજાની મોટાઈ જોઈ યોગ્યતા વગર તેવા થવાની ઈચ્છા રાખનારની મહાત્મા આદિ શંકરાચાર્યના શિષ્યની માફક દેખાદેખી ગુરુની માફક વર્તવાના રોઆબથી હાંસીને પાત્ર થવું પડે છે. તેમની અમુક ક્રિયાની નકલ કરતાં શિષ્યો ફતેહમંદ નીવડયા. પરન્તુ ઉકાળેલું સીસું પીવા સમયે તેમને ખસીઆણા થવું પડયું. મહાત્મા શંકરાચાર્ય ન્હાની ઉમ્મરમાં સંન્યાસી થયા અને ૩૨ વરસની ઉમ્મરે સમાધિસ્થ થયા. એટલી ટૂંકી મુદ્દતમાં બૌદ્ધમતને દેશવટો લેવો પડયો, અને બૌદ્ધ ધર્મના સમયમાં ધર્મગ્રંથોમાં જે ગોટાળા થયા હતા તેનો પુનરુદ્ધાર કર્યો. વધારે જીવ્યા હત તો જે ગોટાળા ચાલે છે, અને સ્વાર્થાન્ધ લોકો તથા સંપ્રદાયવાળા સ્વાર્થ સાધવા ખાતર અગડં બગડં કરે છે તેની યથાસ્થિત વ્યવસ્થા થઈ જાત. દેશને લાભકારી મનુષ્યોની જીંદગી લંબાતી હોય તો તેથી દેશને કેટલા લાભ થાય ? વેદાન્ત મતે બ્રહ્મ સમાન સામર્થ્ય ધરાવનાર મનુષ્યને માટે એ અસ્વાભાવિક તો નથીજ. જીવનની બાબતમાં અનુભવથી જણાય છે કે કોઈ એક દિવસ, કોઈ એક માસ, કોઈ બે વર્ષ, કોઈ દશ વર્ષ, કોઈ પચાસ વર્ષ અને કોઈ ૧૦૦ ઉપરાન્ત વર્ષ જીવે છે. જેની જન્મોતરીમાં

૫૦ વરસનું જીવન હોય છે તે એકાદ બે વરસે મરે છે, અથવા તો ૭૦ વરસે મરે છે. જે કારણથી એક મનુષ્ય ૧૦૦ વરસ જીવે છે, તેજ નિયમ પ્રમાણે ૨૦ વરસની જીંદગી ભોગવનારો વરતે તો તે ૧૦૦ વરસની જીંદગી કા ન ભોગવે ? એક માટીનું વાસણ આપણે કાળજીથી ચલાવીએ તો તે લાંબી મુદ્દત ચાલે છે. ઘણા માણસો એમ બોલે છે કે માટીના વાસણ જેટલું પણ આ શરીર ટકાઉ નથી. તેમના બોલવાનો અર્થ શું ઉઠાવવો ? અસામર્થ્યનું પ્રમાણ કંઈક વધેલું છે. પુરાણોમાં કેટલાક ઋષિ મુનિઓ તથા નૃપવરો હજારો વર્ષ જીવ્યાનું વર્ણન કરેલું છે. આપણા તેલંગ, રાનાડે, મહિપતરામ, નવલરામ વગેરે થોડાંક વધારે વર્ષ જીવ્યા હોત તો દેશને કેટલો લાભ થાત ? મગજને તસ્દી આપનારા લોકો ઘણા ઉપયોગી છે છતાં તેઓ સત્વર મરી જાય છે. આપણા ખોરાકની અંદર કંઈ એવું તત્વ હોય અને આપણા વિહાર આપણી જીંદગીને લંબાવે એવા હોય તો દીર્ઘ જીવન શું અશક્ય છે ? દેડકાં, કાચબા, ગીધ, સર્પ વગેરે પ્રાણીઓ સેંકડો વરસ જીવે છે, અને મનુષ્ય કાં ન જીવે ? મગર, રૂશિઆના રીંછ વગેરે જાનવરો સમાધિસ્થ હાલતમાં મહિનાના મહિના ખાનપાન વગર જીવી શકે છે. આ સઘળાં જાનવરોના અનુભવ ઉપરથી યોગશાસ્ત્રીઓએ હઠયોગ વગેરેના નિયમો કાં ન રચ્યા હોય ? કેટલાક જન્મથી ઘણા નબળા બાંધાના હોય છે તેવા મનુષ્યો આહારવિહારથી આશ્ચર્ય લાગે તેવા બળવાન

થવાના દાખલા બનેલા છે. સેન્ડો મલ્લને વિષે એવું કહેવાય છે કે તે ન્હાનપણુમાં બહુ નબળો હતો. હાલે તે કેટલો બધો બળવાન બનેલો છે. માણુસનું સ્થૂળ શરીર માનસ શરીરની રચના પ્રમાણે બંધાય છે. કૉલેરા, પ્લેગ અથવા અકસ્માતને લીધે હૃષ્ટપુષ્ટ મનુષ્યો થોડાજ કલાકમાં મરી જાય છે, અને કેટલાક નબળા બાંધાના મડદાલ જેવા દેખાતા મનુષ્યો એવાં સેંકડો દરદોના મારા આગળ લોઢાના ગઢની માફક ટકી રહે છે. રાણા પ્રતાપને બંદૂક, તરવાર, ભાલા વગેરેના સાત જખમ થયા હતા, તોપણ મરણ શરણ ના થયો, અને માનો ઝાલો (જેનાં વંશજોને માથે ઉદેપુરનું રાજછત્ર ધરાય છે), ગ્વાલીઅરનો રાજા રામસિંહ તથા નેલ્સન જેવા એકજ ગોળીના પ્રહારથી મૃત્યુવશ થયા. કચ્છના પ્રતાપી રાવ લાખા મૂળરાજ સામે બહાદુરી બતાવતાં માથું કપાયા પછી શૂરા થઇ અનેક માણુસોનો સંહાર કર્યા બાદ કૃત્રિમ ઇલાજોથી દેવલોક પામ્યા. એમ કહેવાય છે કે ગળીના પાણીથી ભીંજાએલું કપડું તેના પર નાંખી અભડાવવાથી શૂરો મરણ પામે છે. તેનો સબબ તેમાં લોહીને ઠારી નાંખવાનો ગુણ છે. માથું કપાયા પછી આપણામાંના કેટલા એવાં પરાક્રમ દેખાડી શકશે ? અને જીવશે ? મતલબ કે યથેચ્છ જીવન ભોગવવાની મનુષ્યની યોગ્યતા તો છે. માત્ર તેના નિયમો પૂરેપૂરા શોધાયા નથી. અથવા મનુષ્યો બેદરકાર રહે છે. પંડિત ઑસ્ટવૉલ્ડના કથનાનુસાર મંદવાડ તથા મૃત્યુ એ માત્ર ભૂલનાંજ પરિણામ છે. તે તો

આગળ વધીને કહે છે કે ગમે તે સજીવ વા નિર્જીવ ચીજમાંથી મનુષ્ય પોતાની ઈચ્છાનુસાર સજીવ પ્રાણી બનાવી શકશે, અને મુવેલા માણસને જીવતા કરી શકાશે, એવો વખત પણ પ્રાપ્ત થશે. આ માણસનું કથન યૂરપ અમેરિકામાં ઘણું પ્રતિષ્ઠિત મનાય છે. તે જર્મનીમાંની લિપઝિક વિશ્વવિદ્યાલયના તત્ત્વજ્ઞાની પ્રોફેસર છે, અને સુધરેલા જગતના પંડિતોમાં સત્તા સરખા મનાય છે. હિન્દુશાસ્ત્રકારોએ ડહાપણથી આહારવિહારની માન્ય બાબતોને ધર્મમાં નાંખી છે, કે જેથી લોકો લલચાઇને પણ તે પ્રમાણે વરતે. શરીરનું રક્ષણ કરવું એ પણ ધર્મ છે એ સૂત્રનું અવલંબન આર્યશાસ્ત્રીઓને પુરાતન કાળથી પ્રમાણભૂત ભાસ્યું છે, અને છે પણ તેમજ. પરમેશ્વરે પણ શરીર રક્ષણની યોજનાઓ જીવોને માટે સરજી છે.

ધર્માન્ધતા ધર્મશૂન્ય કરતાં સારી છે.

સ્વાર્થને લીધે ધર્મને નામે ઘણી ઠગાઈ ચાલે છે, માટે ધર્મશૂન્યતા ધારણ કરવી એ ગેરવાજબી છે. ધર્મશૂન્યતા કરતાં ધર્માંધતા ઘણી સારી છે. ધર્માંધ મનુષ્યો ઠોકર ખાઇ ધર્મવિહીન મનુષ્યો કરતાં શુદ્ધ ધર્મ તરફ વહેલા વળે છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કેઃ—

तान कृत्स्न विदो मंदान ।
कृत्स्न विन्न विचालयेत् ॥

સર્વદેશી રીતે ધર્મતત્ત્વને ન ઓળખનાર ઓછી સમજના

માણસોને તેમની એકદેશી ધર્મશ્રદ્ધાથી પૂર્ણ જ્ઞાનીએ પતિત ન કરવા. બાહોસ રાજતંત્રી એડમંડ બર્ક પણ કહે છે કે Superstition is the religion of the weak વહેમથી ભરપુર ધર્મમન્દ અધિકારીને વાસ્તે આવશ્યક ધર્મ છે. તત્ત્વજ્ઞાનીઓએ તેમાંથી પણ ઉન્નતિ મેળવી છે.

ખોરાક કેટલો, કેવી રીતે ને કયારે ખાવો.

કદ્દાવર તથા પુષ્ટ શરીરના પ્રમાણમાં બ્રહ્મર્ષિ રાઘવજીનો ખોરાક પહેલી નજરે જોનારને થોડો ભાસતો, પરંતુ ખોરાક પચે તેજ પ્રમાણમાં લોહી બને છે એવો સર્વમાન્ય સિદ્ધાન્ત તેવણને માન્ય હતો. કાયદા કરતાં વધારે ખોરાક યથાવત્ ચાવ્યા વગર ખાવાથી જઠરને પચાવતાં બહુ તકલીફ પડે છે, અને મળનો અધિક સંચય થતાં રોગના ભોગી થવાય છે. મળ સઘળા રોગનું કારણ છે એ વાત સર્વમાન્ય આયુર્વેદને અનુમોદનીય છે. ગીતાજીના મહાવાકય પ્રમાણે ખાવાપીવામાં જે મધ્યમસર રહે છે. તેજ પરમાત્મા સાથે મન જોડી શકે છે. ખૂબ ચાવવાથી થૂંકનો પુષ્કળ જથ્થો ખોરાક સાથે મળે છે, અને પુષ્કળ પ્રમાણમાં પ્રાણતત્ત્વનો સંગ્રહ શરીરને પ્રાપ્ત થાય છે. ઘણું ખાનારને થોડાથી સંતોષ મળે છે. કારણ જીભ, તાળવું તથા દાંતને ઉમદા લેહેજત મળે છે અને તેમને કસરત પણ મળે છે. થએલા રોગ નાશ પામે છે. કારણ સારૂં અને સ્વચ્છ લોહી શરીરને સુધારનાર અને પુષ્ટ કરનાર છે. મહાત્મા ગ્લૅડ-

સ્ટને ચાવવાના નિયમનું એક ચોપાનીઉં કાઢેલું છે, તે વાંચવાથી ઘણું જ્ઞાન અને તે પ્રમાણે આચરવાથી તન્દુરસ્તી પ્રાપ્ત થાય છે. ચાવવાથી દાંત સજ્જડ રહે છે. બ્રહ્મર્ષિ રાઘવજીના સઘળા દાંત અવસાન પર્યંત એટલે ૮૬ વરસની ઉમ્મર લગણ સજજડ હતા. શેરડી જેવા કઠણ પદાર્થ તેવણ ખાઈ શકતા. ચર્વણના હિમાયતીઓ દૂધ તથા પાણી જેવી ચીજો પણ મ્હોંમાંના અમી (થુંક) સાથે મેળવ્યા વગર ગળામાં ઉતારવાનું પસંદ કરતા નથી.

પૂર્વજોએ યોજેલાં ખજુર, મસાલા, ત્રાંબાના વાસણ.

બ્રહ્મર્ષિ ખજુરની પુષ્ટિના તત્ત્વ બાબે તથા અગિઆરસમાં ફળાહાર સ્થાને તેને યોજવાની આપણા પૂર્વજોની દૂરંદેશી સંબંધે વારંવાર બહુ અસરકારક ચિત્ર ચિતરતા. મસાલામાં ધાણા, લસણ, હળદર, મીઠું વગેરેના ઉપયોગી ગુણોથી, યોજનાર પૂર્વજોના ડાહપણ બાબતમાં પ્રશંસા કરતા. તાંબાના બાસણમાં પાંચ કલાક જળ રાખવાથી ડિસઈન્ફૅકટ થઈ જાય છે. એમ હાલના વિજ્ઞાનવાદીઓ કહે છે. ત્યારે આપણા પૂર્વજો પુરાતન કાળથી એ વાતની હિમાયત કરતા આવ્યા છે, તેથી તેમનું દાક્ષિણ્ય સિદ્ધ થાય છે. ખોરાક સાદો અને થોડી વાનીવાળો લેવો જેથી સત્ત્વ ચૂસતાં જઠરને શ્રમ ન પડે. વળી તે વખતસર લેવો. કઠોળ ધાન્ય આલબ્યુમન એટલે લોહીના વધારાની પૂરવણી કરનાર તત્ત્વથી સભર છે. માંસાહારી તેની

ગરજ માંસમાંથી પૂરી કરે છે. પરન્તુ જાનવરને હલાલ કરતાં ભયથી તેનાં માંસમાં એક જાતનું વિષ પેદા થાય છે. જાનવરોના રોગ માંસ ખાનારને થાય છે. જેનું માંસ ખવાય છે, તે જાનવરો વનસ્પતિ ખાય છે. અર્થાત્ વનસ્પતિની અપેક્ષા માંસની વિકૃતિ વધારે છે. વળી જે જાનવરનું માંસ ખવાય છે, તે જાનવરની જીંદગી મનુષ્યને ખેતી, પહેરવેશ તથા દૂધ ઘીના પોષણને અંગે અતિ અગત્યની છે. છપ્પનીઆ દુકાળે રકમબંધ પશુઓ મરવાથી ખેડુતોને હાથે હળ પકડવાનો વખત આવી લાગ્યો હતો. તાજી શાકભાજી, દેશી ધાન્ય તથા શરીરના અવયવોને માફકસર શ્રમ અથવા કસરતના તેવણ હીમાયતી હતા. ભુજથી નારાયણ સરોવર ૪૦ ગાઉ દૂર છે. તે તેઓ રમતની માફક ૧ાા-૨ દિવસમાં આસાનીથી કાપી જતા. સાધારણ માણસને એટલું બધું પગે ચાલવું ભારે પડતું લાગે. વિધિ પુરઃસર અપવાસની તેઓ પ્રશંસા કરતા.

જુના માણસોની આવી બાબતો યુરોપ અમેરિકાના વિદ્વાનોના મગજમાંથી ગળાઈ બહાર ન પડે ત્યાં સુધી આજના સુધરેલા કહેવાતા લોકોને અવાસ્તવિક લાગે છે.

ખજૂર, હળદર, લસણ તથા મીઠા વગેરેના ગુણ.

ખજુરમાં સેંકડે ૬૯ ટકા આલબ્યુમન છે. આલબ્યુમન લોહીના ઘસારાનો બદલો વાળે છે. જો કે સારૂં ખજુર યુરપ ચડી જાય છે. હજરત મહંમદ પછી ૧૦૦ વરસમાં યુરપ,

એશિઆ તથા આફ્રિકામાં વિસ્તીર્ણ રાજ્ય સ્થાપનારા આરબ લોકોના અતિશય શરીરસામર્થ્યનું એક કારણ તેમનો ખજૂર તથા ખારેકનો ખોરાક પણ માની શકાય. શેરે ખુદા હજરતઅલી તથા ઉમ્મરના અદ્‌ભુત શરીરબળની વાતો તેમના એ ખોરાકને પણ આભારી છે.

ધાણા મુત્રલ અને વાતહર છે. લસણના ગુણ વિષે જેણે બરોબર માહીતી મેળવવી હોય તેણે હારિત સંહિતા વગેરે સંસ્કૃત વૈદક ગ્રંથોનું અવલોકન કરવું. તે ઘણી ઉંચામાં ઉંચી ચીજ છે. અમુક અપવાદ બાદ કરતાં તેની તાસીર કસ્તુરીના જેવી છે. તેનામાં કંઇપણ અવગુણ નથી છતાં ઉચ્ચ વર્ણના અને કેટલાક સંપ્રદાયવાળાઓએ તેનો નિષેધ શામાટે કરેલો છે ? કદાચ ગંધને લીધે હશે. અલબત ડુંગળી કામોદ્દીપક છે. હળદર લોહીની ઉલટીનું નિવારણ કરે છે તથા આંખને હિતકર છે. તેનો રંગ અક્ષીપ્રિય છે. મરચાં બાદી હરનાર અને પાણી ન લાગવા દેનાર છે. ક્ષારમય મીઠું લોહી સુધારે છે. અનાજ મીઠું અને લહેજતદાર બનાવે છે, માટે તે ખારૂં છતાં મીઠું કહેવાય છે. સડવાની ક્રિયાને તે અટકાવે છે. તાજી શાકભાજી મિનરલ (ક્ષાર) નો જથ્થો પૂરો પાડે છે. તેથી ગડગૂમડ ખાજી (ખસ) વગેરે દરદો નાબુદ થાય છે. લાંબી મુદ્દત શાકભાજી ન વાપરનારને સ્કર્વીનો રક્તવિકાર થાય છે. દેશી ધાન્યના ફાયદા વૈદક મતે માન્ય છે. વ્યાયામ તથા તરવાની અને બીજી સુધરેલી કસરતોના ફાયદા અનુભવીઓને

રોશન છે. હદસર કસરત કરનારને વૃદ્ધાવસ્થા મોડી આવે છે. ત્રાંબાનાં જળપાત્ર વિષે લખાઈ ગયું છે. વિધિપુરઃસર અપવાસથી જળોદર જેવા રોગો નાશ પામવાનાં અનુભવસિદ્ધ દાખલા યુરોપીઅન તથા અમેરિકન વૈદ્યોએ જાહેરમાં આણ્યા છે. આહારની સૂક્ષ્મતાને લીધે બુદ્ધિ સૂક્ષ્મ થાય છે. અપવાસમાં અતિ સૂક્ષ્મ વાય્વાહાર કામે લાગે છે.

દુધ વગેરેમાં તેમનું ડહાપણ.

ચાહે તે રોગપર દરદીને અમુક વિધિથી થોડે થોડે વધારી અરધા મણ સુધી દૂધ પીવડાવી, રોગને નાબૂદ કરી દરદીને પુષ્ટ બનાવવાના પ્રયોગમાં અમેરિકન વૈદ્યો ફતેહમન્દ નીવડવાનું જાહેર થયું છે. તેની ગુજરાતી ભાષામાં વિધિની ચોપડી શ્રેયઃસાધક અધિકારી વર્ગવાળા તરફથી બહાર પડી ગઇ છે. દૂધ તથા પાણીને ન્હાને ઘૂંટડે પીવાથી અને તેની સાથે થૂંક મળે એવી રીતે ચાવવાથી તેમાંનું પ્રાણતત્ત્વ યથાર્થ રીતે પ્રાપ્ત થાય છે. પાણીમાં $\frac{8}{9}$ ભાગ ઓક્સિજન (પ્રાણતત્ત્વ) અને $\frac{1}{9}$ હૈડ્રોજન છે. દૂધમાં ૮૮ ટકા પાણી છે. બાકીના ૧૨ ટકામાં આલબ્યુમન, સ્ટાર્ચ તથા મિનરલ વગેરે એવી રીતે મિશ્રણ પામેલાં છે કે તે પુષ્ટિકારક તથા પથ્ય ચીજોમાં ઉત્તમ છે. ફક્ત કફ તથા સન્નિપાતવાળાને માટે દેશી વૈદક પ્રમાણે તે નુકસાનકારક છે. બચ્ચું ધાવે છે તે મિસાલ ચૂસી ચૂસી દૂધ પીવાથી તે ગુણકારક બને છે. હરકોઈ ખોરાક સારી ભાવના વગર ફાયદો કરતો નથી. રાંધનારના ક્રોધ તથા માનસ વિકા-

રોનું મિશ્રણ અન્ન સાથે થાય છે. એજ મુદ્દા ઉપર વિધવાનું રાંધેલું ખાવાની શાસ્ત્રકારોએ મનાઇ કરેલી હોવી જોઇએ. યથાવત્ રીતે, નાક રસ્તેજ દીર્ઘ શ્વાસની રીતે શ્વાસોચ્છ્વાસની ક્રિયા શરીર તન્દુરસ્તીનું પ્રથમ અને ઉત્તમ પગલું છે. કાચબા, દેડકાં વગેરે પ્રાણીઓ કુદરતી રીતે શ્વાસ લેછે. અન્ય પ્રાણીઓ પણ અમુક અપવાદ સિવાય નાકવડેજ શ્વાસ લેછે. નાક એ વાયુની ગળણી છે. નાકવડે શ્વાસ લેવાથી ચેપી રોગથી બચાવ થાય છે. નાકમાંથી વાળ કઢાવવા હિતકર નથી. સદરહુ વાળ વાતાવરણનાં નુકસાની ભરેલાં રજકણોને પોતાપર જમા કરી દે છે, કે જેથી તેઓ મગજમાં જઇ શકતાં નથી.

ખોરાક બાબે લોકોની બેદરકારી. પ્રયત્ન એજ પરમેશ્વર છે.

નવાઈ જેવું છે કે વ્યવહાર અને થોડેક ભાગે પરમાર્થ કયા ઈલાજોથી ઉત્તમતા ભરેલો થાય તેને માટે અહર્નિશ ચિન્તા કરનારા આપણા લોકો ખોરાક જેવી ચીજ જેના ઉપર જીંદગીનો દારમદાર છે, તેને માટે ઘણો ભાગ બેદરકાર રહે છે, અથવા મન ઉપર સંયમ રાખી શકતા નથી. શરીર રક્ષણ એજ ધર્મ છે, એવા આપણા શાસ્ત્રકારોના સૂત્રનું ખૂન કરે છે. જીંદગીને માટે ખાનપાન છે. તે બદલ ખાનપાનને ખાતર જીંદગી ન હોય એવી માન્યતા તેમના વર્તનથી સમજાય છે. હવા, અજવાળું, સૂરજનો તડકો, ચંદ્રમા વગેરેની આપણા શરીર ઉપર તેમજ આપણી પૃથ્વી ઉપર પણ અસર થાય છે.

તેની અસરનું વાસ્તવિકપણું સમજવાને બદલે અનિશ્ચિત ફળાદેશમાં શ્રદ્ધા ધરે છે. સર ઐસાક ન્યૂટને ફળ ઝાડ ઉપરથી બીજે કયાં ન પડતાં જમીન ઉપર કેમ પડયું ? તે પરથી આકર્ષણનો મહા નિયમ શોધી કાઢયો હતો. તેમ પૃથ્વી જેવા બે અબજ ગોળાને પ્રકાશ, અજવાળું તથા પ્રાણતત્ત્વ આપનાર સૂર્યનારાયણ જે પ્રત્યક્ષ દેવ છે, જે જગજીવન (વરસાદ) નો પિતા છે, જેને સવારના પહોરમાં સંધ્યાવંદન કરતાં અર્ઘ્ય અપાય છે. જેને અકબર પાદશાહે પોતે કાઢેલા ધર્મમાં મહાન દેવ માની સ્તુતિ કરેલ છે. તે સંબંધમાં ભાસ્કરાચાર્ય તથા વરાહમિહિરે ઉત્તમ ઉહાપોહ કરેલ છે, તેથી કેટલું આગળ વધાયું છે. યૂરોપીઅનોએ તથા અમેરિકનોએ પોતાની શોધો એ દિશામાં જારી રાખી છે. ઉત્તમ દૂરબીન તથા બીજાં સાધનો આપણને સાનંદાશ્ચર્ય પમાડે છે. પૃથ્વી ગોળ છે એવી સિદ્ધતા પ્રસરાવતાં ગેલીલીઓને વહેમી ધર્મગુરુઓ તરફથી અસહ્ય યાતના ભોગવવી પડી હતી. પોપ તરફથી હજારો મનુષ્યોનું નિકંદન નીકળી ગયા છતાં વજ્ર છાતીવાળા લ્યૂથરે તેમના મતનું ખંડન કર્યું, અને યૂરોપના લગભગ બધા દેશોને–ચારેક સિવાય–પ્રોટેસ્ટંટ ધર્મમાં પ્રવેશ કરવાનું વાસ્તવિકપણું સમજાવ્યું, અને તેમાં તેઓ દાખલ થયા. સગરના સાઠ હજાર પુત્રોની સદ્ગતિ કરવાને તેના અનુજોએ આગ્રહી પ્રયત્ન ચાલુ રાખ્યો અને તે ભગીરથ સુધી કાયમ રહ્યો તો છેલ્લે ગંગાજીને સ્વર્ગમાંથી ઉતરવું પડયું અને સગર–તનુજોની સદ્ગતિ

થઈ. પ્રયત્નથી ટીટોડીએ સમર્થ સમુદ્ર પાસેથી પોતાનાં બચ્ચાં પાછાં મેળવ્યાં. પ્રયત્નથી યુરપ અમેરિકાના વિદ્વાનોએ તથા શોધકોએ અશક્ય શકય કર્યું છે. પ્રયત્ન એજ પરમેશ્વર છે. મોટામાં મોટું ઐશ્વર્ય પ્રયત્નમાંજ છે. દુનિઆમાં હલકી ચીજ પણ પ્રયત્ન વગર પ્રાપ્ત થતી નથી. તેમજ કિંમતીમાં કિંમતી ચીજ પણ યોગ્ય પ્રયત્નથી પ્રાપ્ત થાય છે. ગઢની દીવાલો પાડવાને સોય નકામી છે. તેને માટે તો સુરંગ, ચાંચવા, પાવડા, ગણુ વગેરેની જરૂર છે.

ચૈતન્ય મનુષ્ય પર જડ દવાની અસરની વિચિત્રતા.

ખાનપાન, બ્રહ્મચર્યનું અપાલન વગેરે બાબતોથી બગડેલા શરીરને સુધારવાને તરેહ તરેહની વિલાયતી તથા દેશી દવાઓ, જેમાંની કેટલીકનાં હેન્ડબિલોમાં યોગીશ્વરોએ સેંકડો વરસ સુધી શોધ કર્યા બાદ ઉત્તમ વનસ્પતિની બનાવવાનાં બણગાં ફૂંકયાં હોય છે. તેની સાથે બે ચાર દરદીઓને આરામ થયાનાં સર્ટિફિકેટો સાથેની પ્રશંસાનાં વાકયો હોય છે. સેંકડોને આરામ ન થયો હોય તેનું કાંઈ નહિ. એવાં અસંખ્ય હેન્ડબિલો મુંબઈની એકાદ મ્હોટી પેઢી ઉપર તમે બેસતા હો તો તમારા હાથમાં આવી પડે છે. આખી સાલનાં એ હેન્ડબિલોને એકઠાં કરી સ્વર્ગલોકમાં મોકલવામાં આવે તો ત્યાંના લોકો નક્કી એમજ સમજે કે મૃત્યુલોકમાં રોગનું તો નામજ નહિ રહ્યું હોય. પરન્તુ સ્થિતિ કેવી છે તે આપણે પ્રત્યક્ષ નિહાળીએ છીએ. ઉલટા શ્રવણ ન કરેલા કેટલાક નવા

રોગો અસ્તિમાં આવ્યા છે. બે બોદુંની વાત સાંભળ્યા વગર કોઈ પણ બાબતનો યથાર્થ નિર્ણય થઇ શકે નહિ. વિલાયતનું રાજ્યતંત્ર પણ લિબરલ તથા કોન્ઝર્વેટિવ એમ બે પક્ષ હોવાથી યથાર્થ ચાલે છે. પ્રજાસત્તાક રાજ્યો રાજાસત્તાક તથા લિમિટેડ મોનર્કીવાળાં રાજ્યો કરતાં વધારે આબાદ તથા લોકોને સુખી કરવાને ફતેહમંદ નીવડયાં છે. તેનું કારણ એક બાજૂનું કહેવું સત્ય ન માનવું એજ છે. જ્યાં પક્ષકાર તથા ન્યાયાધીશ એકજ હોય છે, ત્યાં ન્યાય કરતાં અન્યાય વિશેષ હોય છે. માણસ જાતનું બંધારણ નિયમ તરીકે એવું હોય છે કે તેને ભય તથા પારિતોષિકથીજ બહુધા પ્રામાણિક બનાવી શકાય છે. નામદાર સરકાર પણ એ કારણસરજ ચઢતા ઉતરતા અધિકારીઓની સૃષ્ટિ રચે છે. ન્યાય તથા કારોબારી ખાતાંને જુદાં પાડવાનું કોન્ગ્રેસીઆઓનું મંથન પણ એજ મુદ્દાને અવલંબે છે. દવા જેવી જડ ચીજ, પરમાત્મા જેમાં સોળે કળાથી વિરાજી રહ્યા છે એવા મનુષ્ય-મોક્ષ મેળવવા દેવતા પણ દુર્લભ મનુષ્ય દેહ ઇચ્છે છે-પર કેટલી બધી વિલક્ષણ અસર કરે છે? હિન્દના ઇતિહાસમાં મહમદતઘલખે રાજધાની દિલ્હીમાંથી કાઢી ત્યાંના લોકોને ફરજીઆત દોલતાબાદમાં વસાવી ત્યાં રાજધાની કરી હતી. એ અરસામાં ત્યાં આવેલા એક આફ્રિકન મુસાફરે ટીકા કરી છે કેઃ—"વાહ! દુનીઆમાં ન્હાનામાં ન્હાનું શહેર પણ મ્હોટામાં મ્હોટું ગણાવા પામ્યું છે", "અઘટીત ઘટના પટીયસી" માયાના

અદ્ભુત ચમત્કારોમાંનો આ પણ એક ચમત્કાર ગણી શકાય.

ડૉકટરોની જરૂર તથા ધર્મ.

આ લખાણથી ડાકટરો તથા વૈદ્યોની જરૂર નથી, એમ કહેવાની મતલબ નથી. વાગભટ નામના વૈદક ગ્રંથમાં વૈદનાં લક્ષણ બતાવેલ છે, તથા અન્ય વૈદક *ગ્રંથોમાં વૈદ કેવો હોવો જોઇએ તે બાબે વર્ણન કરેલું છે, તેવા નિર્લોભી, નિઃસ્વાર્થી વૈદની તો ખાસ જરૂર છે. અને વખતપર તેની દવા વાપરવી પડે તો દવા એ દ્રવ્ય છે, અને વિનિમયમાં તેનું મૂલ્ય નીપજે છે, એમ અર્થશાસ્ત્રથી તેની ઉપયોગિતા છે. વળી યૂરોપ તથા અમેરિકાના કેટલાક વિદ્વાન વૈદ્યોએ ઘણા કુદરતી અને ગરીબ માણસ પણ અજમાવી શકે એવા ઈલાજ દર્શાવ્યા છે. તે તેમનાં ઇંગ્રેજી પુસ્તકોથી સમજી શકાશે. તેનું સામાન્ય જ્ઞાન " રોગને ટાળવાના અને નિરોગ રહેવાના ઉપાયો " નામની ન્હાની ચોપડી શ્રેયઃસાધક અધિકારી વર્ગ તરફથી બહાર પડી છે તેથી સમજાય છે. આત્મસ્વરુપ જગ-

---

* गुरोरधिताऽखिल वैद्य विद्या । पीयूष पाणिः कुशलः क्रियासु ॥
गतस्पृहो धैर्यधरः कृपालु । शुद्धोऽधिकारी भिषगीदृशस्स्यात.॥

અર્થઃ—ગુરુ પાસેથી સમગ્ર વૈદ વિદ્યા શિખ્યો છે, હાથમાં યશ રેખા, ઓસડ બનાવવામાં ને રોગની પરીક્ષામાં કુશળ છે, સ્પૃહા રહિત, ધિરજવાન, દયાળુ એવી રીતે ઉપર કહેલા ગુણથી જે અલંકૃત છે, તે વૈદના પદને ધારણ કરવા માટે શુદ્ધ અધિકારી છે.

વૈદ્યજીવન.

ત્‌માં આપણા મનુષ્યભાઈઓની તન્દુરસ્તી નિર્લોભીપણે સુધારી તે દ્વારા વિષ્ણુની કૃપાને પાત્ર થનારા વૈદ્ય (વિદ્‌+ય) અથવા ડૉક્ટર જેનો અર્થ પણ વિદ્વાન થાય છે, તેઓ જો પ્રયત્ન કરશે તો વિષ્ણુની પત્ની લક્ષ્મી અથવા જે જગત્‌ની મા કહેવાય છે, તે પરથી વિષ્ણુ માધવ કહેવાય છે. (મા+ધવ=ધણી) અને કેટલાકને મતે જે વિષ્ણુની છાતી પર બેઠેલ છે, તે સહાય થશેજ. આખા જગત્‌ને જગજીવન અથવા વરસાદની નવાજેશ કરનારા પરોપકારી પિતા દરીઆ દેવની તે પુત્રી છે. પુત્રીમાં પિતાના ગુણ અનુસ્યુત હોયજ. એટલે તેની સહાયતા પરોપકારી સજ્જનને મળેજ. એક સમર્થ વિદ્વાનના શબ્દોમાં અસંખ્ય અને ન વાંચી શકાય એટલાં ધર્મશાસ્ત્રોનો સાર “ પરોપકાર કરવો ” એટલા અરધા શ્લોકમાં સમાઈ જાય છે. તેઓએ વૈદકવિદ્યા તથા તેનાં સાધનો પ્રભુના જગત્‌માંથી પ્રાપ્ત કર્યા છે, અને પરોપકારી સજ્જનોએ તેમને તે આપેલ છે તેવી રીતે તેઓએ પણ પોતાના દરદી તથા અજ્ઞાન ભાઈઓની તન્દુરસ્તી સુધારવા બાબે યથાશક્તિ પ્રયત્ન કરવો એ તેમની ફરજ છે. એ તો ગુણ પાછળ ગુણ કરવા જેવું છે. ધન્ય છે મહાત્માઓને કે જેઓ અવગુણ પાછળ ગુણ કરે છે.

પરિચયમાં આવનારા ઘણા માણસોને તેમનાં સંતાનોની કેળવણી બાબે વખત બે વખત સવાલ પૂછનારા અને તેમાં સંતોષ માનનારા બ્રહ્મર્ષિ રાઘવજીનું જીવનચરિત્ર કેળવણીની કંઈ પણ ઉહાપોહ વગર પસાર કરી દેવું એ તે મહાત્માને

ખુલ્લો ગેરઈન્સાફ આપવા બરાબર છે. વખત તથા જગોની તંગાશ તેને સંક્ષિપ્ત આકારમાં રજુ કરવા ફરજ પાડે છે.

હાલની કેળવણી અધ્યાત્મશાસ્ત્રના નિયમોનું ઉલ્લંઘન કરનારી છે.

કેળવણીનું પ્રથમ સ્થાન ઘર અને ઘરમાં મા અને તેથી ઉતરતે દરજ્જે બાપ અને અન્ય કુટુંબીજનો છે અને પાડોશીઓ વગેરે છે. ઘરમાં હાલે જે કેળવણી અપાય છે, તે અધ્યાત્મશાસ્ત્રના નિયમથી ઉલટી રીતે અપાય છે. તેથી બાળપણમાં બાહોસ લાગતાં બાળકો પાછળથી બેહોંસ બની જાય છે. જર્મની, જાપાન, ઈંગ્લાંડ, યુનૈટેડસ્ટેટ્સ વગેરે દેશો કેળવણીથી ઉન્નત થયા છે, તે પ્રત્યક્ષ ભાળીએ છીએ. કલ્પનામાં હાલની ઘરની કેળવણીની ઉત્તર દિશા કલ્પીએ તો આપણે એટલે હિંદવાસીઓ બહુધા દક્ષિણ તરફ પ્રયાણ કરીએ છીએ. તેથી શિક્ષકની બહુ કારીગરી ચાલતી નથી.

મનની બે શાખાનો કેળવણી સાથે સંબંધ.

મનની બે શાખાઓ તથા તેમના ચરિતાર્થ તથા મહત્ત્વ બાબે આગળ ઉપર થોડુંક લખાયું છે. હવે આ બાબત સંતાનોના સુધારા સાથે કેટલો તાલુકો ધરાવે છે, તે વિષે જરા અવલોકન કરીએ.

ધારો કે એક મા પોતાનાં સન્તાનોને ગાળો ભાંડે, મારે, તેમની હાજરીમાં અસભ્ય રીતે વર્તે, પોતાના પતિ સાથે અસભ્ય રીતે વર્તે, વિકારવશતાથી અયોગ્ય આચરણ

કરે તો છોકરાં વગર વિચારે હરદમ તેની નકલ કરવાનાં. વધારામાં પોતાની કલ્પનાશક્તિના ઘોડા દોડાવી કંઈક વિશેષ દુરાચાર કરવાનાં. દુનીઆં દૃષ્ટાંતિક છે.

ગાંજો, અફીણ, દારૂ, બીડી વગેરે ચીજો વાપરનારના છોકરા ઘણે ભાગે તે તે ચીજો વાપરવાના હવસવાળા થાય છે. જો તેઓ સંયમ વાપરે તો વ્યસન છુટી જાય. નીતિનો નિયમ આડે આવવાથી છોકરાઓને ફરજીઆત એ વ્યસનથી દૂર રહેવું પડે છે. મેં પોતે દશેક વરસ થયાં તમાકુ કોઈ પણ રીતે ન વાપરવાનું દુરસ્ત ધાર્યું છે તો હવે તે બીલ-કુલ ગમતીજ નથી. તે પહેલાં બીડી વગર મને ચાલતુંજ નહિ.

ઉપરથી સુસ્વભાવનાં દેખાતાં માબાપોનાં સંતાન નઠારાં અને નઠારાનાં સારાં માલમ પડે છે. પરન્તુ સાવધ મનુષ્યો પોતાની નઠારી ખસલતાને ઢાંકી દે છે. અલબત ગર્ભાધાન ક્રિયા કાલે જેવા વિચાર હોય તેવા વિચારની સત્તા ભાવિ સંતાન ઉપર પડે છે. જેમ પુસ્તકની અનુક્રમણિકા તેના વિષ-યોની ગવાહી આપે છે, તેવીજ રીતે ચહેરાની હિલચાલ મનના વિચારોની સાક્ષી પૂરે છે. યૂરપ અમેરિકાના વિદ્વાનોએ વિચારો જાણવાને મનને માપવાનું યંત્ર બનાવ્યું છે, પણ તે સંપૂર્ણ નથી. તેમનો પ્રયત્ન એ દિશામાં ચાલુ છે. ઉમેદ રહે છે કે તે સમ્પૂર્ણ થશે. अहंब्रह्मास्मि સિદ્ધાંત આપણો છતાં તેનો અમલ તેઓ કરે છે.

બાળકોના મનમાં માએ, બાપે યા ઉછેરનારાઓએ

પોતાની વાણી, વર્તન અથવા માનસ વિચારોથી આંતરમનમાં જે ઠસાવી દીધેલું હોય છે તેની અસર બચ્ચાં ઉપર એટલી સજ્જડ થાય છે કે તેઓ પોતાને તેવાંજ ધારે છે. જેમ કોઈ માણુસ અમુક ચિહ્નોથી અગર પ્રતિષ્ઠિત વૈદથી સાંભળી પોતાને અમુક રોગનો ભોગ થએલો માને તો બેશક તેના શરીરમાં તે રોગ પ્રત્યક્ષ જણાય છે. પાછું કોઈ ચાલાક વૈદ તેને એવી અસર કરાવે કે તે મટતો જાય છે તો તે મટી પણ જાય છે. તેવીજ રીતે બાળકોના મનમાં માબાપોએ દૃઢાવેલા દોષે પ્રકટ થાય છે. એથી ઉલટું ગુણો દૃઢાવવામાં આવે તો તે પણ પ્રકટ થાય છે. ખરેખર મન એ કલ્પવૃક્ષ છે. માટેજ શાસ્ત્રકારોએ કહ્યું છે કે "मनः एव मनुष्याणां कारण बंध मोक्षयो."

આંતર મન દ્વારા દુર્ગુણ કેમ ટાળવા ?

જે બાળકોને તેઓ દુર્ગુણી છે એમ દૃઢાવવામાં આવ્યું હોય, તેમને પછી સદ્ગુણી કહેતાં તેઓ માનતાં નથી. પાંચ ટકાવાળું બાહ્ય મન વિવિધ તર્કવિતર્કથી જુના વિચારનેજ વળગે છે. આંતર મનને અવિશ્વાસ નથીજ તેમ તેને કશું અસાધ્ય પણ નથી. નિદ્રાવસ્થામાં બાહ્ય મન પોતાની ફરજથી ચ્યુત થાય છે ત્યારે આંતર મનનું સામ્રાજ્ય વ્યાપે છે. એ વખત બાળકના મનમાં જે દૃઢાવવું હોય તે દૃઢાવી શકાય છે. બાળક જાતે ખરાબ નથી. તેના અંતઃકરણના ઉંડાણમાં તે પરમાત્મસ્વરુપ છે. પરિસ્થિતિએ તેને પતિત કરેલો છે.

બાળક ઉંઘમાં હોય તે વખત બાહ્ય મન પોતાનું સામર્થ્ય

ગુમાવે છે, અને આંતર મન પોતાના સમગ્ર બળથી પ્રકાશે છે. એ વખત બાળકની પથારી પાસે બેસી તેનામાં રહેલા પરમાત્માને પોતાનું સ્વરુપ પ્રકટાવવા વિનંતી કરજો. તો તમારી પ્રાર્થના તે નિર્દોષ પરમાત્મસ્વરુપ સ્વીકારશે, અને બાળકના અંતરમાં શુદ્ધ ગુણો પ્રવર્તાવશે. પરંતુ તેના દોષ યા અયોગ્યતાનું એ કાળે બિલકુલ વિસ્મરણ થવું જોઇએ. માત્ર તેના આત્માની નિર્દોષતા જોયા કરવી. પછી એવા આત્મસ્વરુપને સંબોધીને તમારે બાળકને નામથી ઉદ્દેશીને તે જાગી ન ઉઠે એવા ધીમા સ્વરથી, એકાગ્રતા તથા શ્રદ્ધાથી તેને કહેવું કે તું પરમેશ્વરનો અંશ છે. એટલે પરમેશ્વરમાં અને તારામાં ભિન્નતા નથી. તું પરમેશ્વર હોવાથી-આટલું કહી તેનામાં જે સદ્ગુણો સ્થાપવા હોય તેનું તેનામાં માનસિક દર્શન કરવું, અને દિવસમાં તે જાગ્રત દશામાં હોય ત્યારે પણ સ્થાપવા ધારેલા સદ્ગુણો તેનામાં છે. એમ મહિનો બે મહિના અથવા કેટલાક સંયોગોમાં છ કે બાર માસ અથવા તેથી વધારે મુદ્દત આ પ્રયોગ કરવો પડશે. આમ કરવામાં કંટાળો તો લાગશે. પણ દરરોજનો છોકરાં તરફનો કંટાળો તથા તેમના ભાવિ સદ્ગુણોની સ્થાપનાની ખાતર આટલી અવઘડ માબાપોએ વેઠવી જોઇએ. છોકરાંના ભલાને ખાતર ફરજ સમજી માબાપોએ એટલું તો કરવુંજ જોઈએ. એથી તેમના અધ્યાત્મ બળમાં વૃદ્ધિ થાય છે અને આત્મશ્રદ્ધા કેળવાય છે. એ લાભ માબાપોને વધારે છે. છોકરાંનું ભલું કરતાં પોતાનું પણ ભલું થઇ જાય છે.

ધાકથી કે મારફાડથી બચ્ચાં વશ ન થાય.

છોકરાંને મારફાડથી અથવા ધાકથી વશ રાખવાની આશા રાખે છે તેઓ ઘણે ભાગે ઠગાય છે. એ ક્રિયાથી બાળકો થોડા વખતને માટે શાન્ત થએલાં ભાસે છે, પરન્તુ માબાપોને વારંવાર એ પ્રયોગ આદરવો પડે છે. તેથી સિદ્ધ થાય છે કે તે રામબાણ ઇલાજ નથી. માબાપની ગેરહાજરી થઈ કે છોકરાં પુનરપિ બમણું તોફાન કરવા લાગે છે. શરીરશિક્ષા એ આખરનો ઉપાય છે. તો પછી તે અજમાવવો પડે ત્યારે થએલા નુકસાનથી ઉપજેલા ક્રોધનું સાન્ત્વન કરવાની ખાતર નહિ, પણ બચ્ચાંને સુધારવાના આશયથી અજમાવવો. આપણા તેમજ બાળકના વિકારવશ થએલા મનને એકાન્તનો લાભ આપી ચિત્તશાન્તિ મેળવ્યા બાદ પરમેશ્વર પાસે એ કરતાં કોઈ વધારે સારા ઇલાજની પ્રાર્થના કરવી. ઓછામાં ઓછું એક કલાક શાન્ત ચિત્તે પ્રાર્થના કર્યા બાદ આત્માના સ્ફુરણથી જે નિશ્ચય થાય તદનુસાર વર્તવું.

બચ્ચાંને શિક્ષા કરવા બાબે માબાપોએ વિચારવાની બાબત.

મન, વચન તથા કર્મે કરી વિશુદ્ધ માબાપોનાં સન્તાનોને શિક્ષા કરવાનો પ્રસંગ નહિ આવે. માબાપમાં પોતામાં પણ સેંકડો અવગુણ હોય છે. તે સુધારવાનો પ્રયત્ન ન કરતાં પોતાનાજ દોષથી દોષિત થએલાં છોકરાંને માટે ચૌદમા રત્નનો ઉપયોગ કરવો, એ પખાલીને ડામ થતાં પાડાને ડામવા જેવું

છે. ઈન્સાફની કોર્ટમાં પણ પ્રત્યક્ષ ગુન્હેગારને સજા થાય છે. પરન્તુ તેનાં કારણરૂપ કર્ત્તાને કોઈ ઈજા કરતું નથી. દુનીઆને કંટકરૂપ બચ્ચાં ઉત્પન્ન કરવાનો માબાપનો અધિકાર નથી. ઉલટું મ્હોટાં માણસ કરતાં ન્હાનાં બચ્ચાં ન્યાયાન્યાય સારી લાગણીથી તોળી શકે છે. પરન્તુ દુનીઆમાં Might is right એ ન્યાયે વધારે કામ ચાલે છે. વિદ્વાન તથા સદ્ગુણીના શિરોમણિ ગણાતા એવી રીતે વર્તે પછી શું બાકી રહ્યું.

છોકરાંને કેળવવાના ઈલાજ અન્યને પૂછી તદનુસાર અમલ કરીએ તે કરતાં અન્ય કરતાં આપણા લિંગશરીરની ઉપાધિ ભેદવાળી હોવાથી આપણા અન્તર્યામી ઈશ્વરની સલાહથી આપણે વર્તીએ તે કારગત નીવડે. દરેક બાબતમાં માણસ એમ વર્તે તો બેશક તેને અમુલ્ય ફાયદા થાય. પરન્તુ આપણાં મન એવાં પરાધીન થઈ ગયાં છે કે નજીવી બાબતોમાં પણ આપણે બીજાની સલાહ લેવા દોડીએ છીએ. તેથી મન જડ થતું જાય છે. કદાચ કોઈ મહાત્માની સલાહ આબાદ ગણાય, પરન્તુ વ્યવહારમાં એવા પ્રસંગો ઘણા અને અનિયમિત રીતે આવે છે, કે જે વખતે મહાત્માની સલાહ નકામી. માટે બુદ્ધિમાને તો પરતંત્રતા ત્યજવી અને આત્મબળ ઉપર ઝૂઝવું. થોડી બુદ્ધિવાળો પણ એવી રીતે ટેવ પાડશે તો તે જાદે બુદ્ધિમાન થશે.

આત્મા જ્ઞાનનો ભંડાર છે.

આપણો આત્મા સર્વજ્ઞ તથા સર્વશક્તિમાન છે એવી

૯૯ શ્રદ્ધાપૂર્વક અંતરમાં પૂછવાથી આપણુને હરેક બાબતમાં ખરી સલાહ મળશે. કદાચિત સલાહ બધાની લેવી, તોપણ અમલ કરતાં પોતાના મનથી વિચાર કરવો, પછી આચરણ કરવું. જે માણસને આપણે સલાહ પૂછીશું તે પોતાની દૃષ્ટિ-મર્યાદાથી આપશે અને તે આપણુને સર્વથા સર્વદા ઉપયોગી થાય એમ માનવું સજાવાર નથી.

ગુરુએ શિષ્યને સ્વતંત્ર બનાવવો.

અલબત ગુરુ તથા પૂજ્ય વ્યક્તિઓ સલાહ લેવાને પાત્ર છે, પણ તેમની ફરજ છે કે તેમની તરફથી આપણા હૃદયમાં રહેલા ચૈતન્ય સ્વરૂપ જે સદ્‌ગુરુ તેનું આપણુને યથાર્થ ભાન કરાવવું જોઈએ, અને તેમના આવા અમૂલ્ય બોધને શ્રદ્ધાપૂર્વક પાળવો એ ખરા શિષ્યની ફરજ છે.

છોકરાંની જિજ્ઞાસા માબાપે પૂર્ણ કરવી.

બાળકોની જિજ્ઞાસા ઈશ્વર કૃપાથી ઘણી તેજ હોય છે, અને તેઓ સવાલ ઘણા પૂછે છે. पृच्छका नर पंडिताः વેદાન્ત મતે સદ્દહુ જિજ્ઞાસા પરમ પદને પામવાનું સાધન છે. વિદ્વાન મા-બાપો યોગ્ય ઉત્તરથી છોકરાંની શંકાનું સમાધાન કરતાં હોય તો ભવિષ્યમાં છોકરાં રત્નરૂપ નીવડે. વળી એવી તેજ જિજ્ઞાસા સાથે તેઓ નિશાળમાં જાય અને ત્યાં વિદ્વાન્ તથા નીતિમાન શિક્ષકો શાંત ભાવે તેમની શંકાઓનું સમાધાન કરે તો દેશની ભાવિ પ્રજા બેશક ઉત્તમ બને, પરન્તુ યુનૈટેડસ્ટેટ્સ, ઈંગ્લાંડ, જર્મની વગેરે દેશોથી ઉલટી રીતે આપણા દેશમાં ઘણું કરીને

શરૂઆતનું શિક્ષણ આપવાને માસિક બેએક રૂપિઆના પગારથી કામ કરનારા, થોડું ભણેલા, શિક્ષણ પદ્ધતિથી અજ્ઞાન, અને બિન અનુભવી શિક્ષકો યોજાય છે. તેઓ પાયો એવો તો બગાડે છે કે ઉપરના કલાસના સારા શિક્ષકોથી તેનો સમાર થઈ શકતો નથી. છોકરાં બહુ સવાલ પૂછે તો કેટલાંક માબાપ તથા શિક્ષકો તેને ધોલ યા સોટીથી સજા કરે છે. એવી રીતે તેઓની જિજ્ઞાસાનો નાશ કરવામાં આવે છે.

શિક્ષકોએ પરીક્ષક ન થવું.

શિક્ષકો બહુધા છોકરાંને ઘેરથી ગોખી આવવાનું કહે છે, અને તેની પરીક્ષા કરે છે. પરીક્ષકો ધોરણસર પરીક્ષા લે તો શિક્ષકોને તે પ્રમાણે શિખવવાની ફરજ પડે. તેઓ શિખવવાના વિષયો ઘેરથી તૈયાર કરી લાવે, ટાઇમ ટેબલ તથા અભ્યાસ-પત્રક પ્રમાણે વર્તે, છોકરાંનાં દેખતાં અયોગ્ય રીતે ન વર્તે, બીડી વગેરેનો ઉપયોગ ન કરે તો દૃષ્ટાન્ત લઈ છોકરાં સુધરે ખરાં. પરીક્ષાનું કર્તવ્ય ઇન્સ્પેકટર પર છોડી મહેતાજીઓએ શિક્ષણનું કામ બજાવવું જોઈએ. શિક્ષકમાં, ૧ શિખવવાના વિષયનું સંપૂર્ણ જ્ઞાન, ૨ શિખવવાની પદ્ધતિ, ૩ બાળકોને દાખલો મળે એવી ઉત્તમ નીતિ, ૪ કર્તવ્યપરાયણતા ખાસ કરીને હોવાં જોઈએ.

શિક્ષકોના હિતની ૪ બાબત.

પહેલી તથા બીજી બાબત ટ્રેનિંગ કૉલેજમાં પ્રાપ્ત થાય છે. વર્તમાનપત્ર, કેળવણીને લગતાં ચોપાનીઆં વગેરેથી તેણે

પોતાનું જ્ઞાન વધારતા જવું જોઇએ. નહિતો તે પોતાના કામને માટે અયોગ્ય બને છે. તેણે હમેશાં જીજ્ઞાસુ વિદ્યાર્થી જેવી જીંદગી ગાળવી જોઇએ. તેના પર મોટી જુમ્મેદારીઓ મૂકાયલી છે. બુદ્ધિ તથા અવલોકનશક્તિમાં છોકરાં આગળ વધે એમ તેમને કેળવવાં જોઇએ.

નીતિની કેળવણીથી ચઢતી.

નીતિ રહિત કેળવણીનાં પરિણામ એનારકીસ્ટ, નીહીલીસ્ટ, સોશિઆલિસ્ટ વગેરેના વર્તનથી જાણવામાં આવ્યાં છે. બુદ્ધનાં પંચશીળ, અશોકની લાટો, ચીનમાં નીતિમાનને ઈનામ આપવાનો રિવાજ, હર્ષવર્ધન શિલાદિત્યનાં નીતિ સંબંધી લખાણો, છેલ્લે છેલ્લે જાપાનના થોડાક વખતપર પરલોકવાસી થનાર રાજા મીકાડો (પૂજ્ય) મુત્સુહીતોના સંબંધમાં ઈંગ્લંડની (મધર ઑવ) પાર્લમેન્ટમાં હાલના લીબરલ પક્ષના વડા પ્રધાન લોર્ડ એસ્કવીથે, પોતાનીજ કારકીર્દીમાં પોતાના દેશને અતિ ઉન્નતિએ પહોંચાડનાર આવો નૃપતિ ઈતિહાસના પૃષ્ટ ઉપર ભાગ્યેજ દૃષ્ટિગોચર થશે, એમ કહી તેના મરણનો શોક કર્યો હતો. બુદ્ધ ધર્મમાં નીતિની કેળવણીને મૂળથીજ પ્રાધાન્ય અપાએલું છે. પરન્તુ મુત્સુહીતોના જીવનચરિત્રથી દેશના માન્ય પુરૂષોની કર્તવ્યપરાયણતાનો પાઠ આખા દેશને મળે છે. આપણામાં કહેવત છે કે **यथा राजा तथा प्रजा.** પ્રાચીન કાળના રઘુ, દીલીપ, રામચંદ્રજી વગેરે નૃપતિઓનાં ચરિત્ર વર્ણનોમાંના સદ્ગુણો તેમની પ્રજાની

ઉત્તમ નીતિના કારણુ રૂપે છે. અલબત સુત્સુહીતો તથા તઘ-લખવંશના શાન્તિના વિજય મેળવનાર બાદશાહ ફિરોજશાહ-ના રાજ્યની જાહોજલાલી તેમના નિમકહલાલ તથા ડાહ્યા વજીરોને લીધે છે એમ પણ છે ખરૂં. માકિવંસઈટો તથા મકબુલખાનની નિમકહલાલી તથા દક્ષતાને પણ ભૂલવી ન જોઇએ. રાજાની બાહોશીની ઇતિશ્રી વજીરની નિમણુકથી જણાય છે. રાજાને રાજ્ય ચલાવવામાં સગવડ કરી આપનાર દેશનું કેળવણીખાતું છે. તેથી પોલીસ, ન્યાય વગેરે ખાતાંનું કામ ઓછું થાય છે. અર્થાત્ મહેતાજી (મહત્જી) ની બાહોસી રજમાંથી ગજ કરે છે. તેનો દાખલો જાપાન પ્રારબ્ધકર્મના ભોગ ભોગવવામાં મનુષ્ય કેવી સ્થિતિમાં મૂકાયો છે તેનું જરા વર્ણન કરવું અસ્થાને નહિ ગણાય.

સંસ્કારદ્રવ્ય તથા સ્વભાવદ્રવ્યનું વર્ણન.

ઇચ્છા, અનિચ્છા, તથા પારકાની ઇચ્છાથી આ દુનીઆમાં પ્રારબ્ધકર્મના ભોગ ભોગવાય છે. જીવ કર્મ કરવે સ્વતંત્ર, અને કર્મફળ ભોગવવામાં પરાધીન છે. તોપણ ઇચ્છાપૂર્વક ભોગ ભોગવે તે ભોગી, વગર ઇચ્છાએ ભોગવે તે રોગી અને પરેચ્છા પૂર્વક ભોગવે તે યોગી. ભોગનાં સાધનોનો સુકાળ હોવાથી ભોગી મરજી પ્રમાણે ભોગ ભોગવે છે. દ્રવ્યહીન પાસે સાધનની ગેરહાજરીમાં અને તૃષ્ણાની હાજરીમાં ભોગ ભોગ-વવાનો દુકાળ હોય છે. રોગ, કલેશ વગેરે ભોગવવાની કોઇને ઇચ્છા હોતી નથી. છતાં નશીબયોગે દુઃખ આવે ત્યારે વગર

ઇચ્છાએ રોગીને તેવા દુઃખદાઈ ભોગ ભોગવવા પડે છે. તેવીજ રીતે મહાનુભાવ યોગીન્દ્ર વગર આકાંક્ષાએ ભક્તજનોની ઇચ્છા માત્રથી પ્રાપ્ત થએલા ભોગો વગર આસક્તિએ ભોગવે છે. પછી તે સુખદાયી વા દુઃખદાયી હોય તેનો કંઈ પણ વિચાર તેઓ કરતા નથી. વગર આસક્તિએ ભોગવેલા ભોગો પરની ઇચ્છાથીજ ભોગવેલા ગણાય છે, અને આવી રીતે ઉદાસીન-વૃત્તિથી બનેલાં કર્મો બંધનનો હેતુ થતાં નથી. ફળની વાંછાથી અથવા વગર વાંછાએ જે કર્મો કરવામાં આવ્યાં હોય તેવાં અશુભ યા શુભ કર્મોનાં ફળો જીવને ભોગવવાં પડે એ ચોક્કસ છે. જીવ પ્રારબ્ધ ભોગ ભોગવે છે, એટલુંજ નહિ પણ તે નવાં નવાં ક્રિયમાણ પોતાના સ્વભાવ પ્રમાણે બનાવતો રહે છે. દરેક માણસના હૃદયકોષમાં બે તરેહનાં દ્રવ્ય હોય છે. ૧ સંસ્કાર-દ્રવ્ય, ૨ સ્વભાવદ્રવ્ય. જો સ્વભાવદ્રવ્ય વિશેષ બળવાન હોય તો સંસ્કારદ્રવ્યને દબાવી તેને નિર્બળ બનાવી મૂકે છે. તેમજ સંસ્કારદ્રવ્ય બળવાન હોય તો એથી ઉલટું બને છે. સ્વભાવ-દ્રવ્યની વિશેષતાથી મનુષ્ય પુરૂષાર્થ કરે છે, અને સંસ્કારદ્રવ્યને દબાવી નાંખે છે, અને મરજી પ્રમાણે અન્ય કર્મો ઉત્પન્ન કરે છે. સંસ્કારદ્રવ્યના આધિક્યથી મનુષ્ય પુરૂષાર્થમાં નિર્બળ બને છે. માત્ર પ્રારબ્ધ કર્મફળોનોજ ભોગ કરી સામાન્ય ક્રિય-માણો બજાવી જીવનનાટકની સમાપ્તિ કરે છે. મનુષ્ય તરીકે યથાપ્રયત્ને સ્વભાવદ્રવ્યનો વધારો કરવા ચુકવું ન જોઈએ. સ્વભાવદ્રવ્ય વધારવાનાં સાધનોમાં ૧ સત્સંગ, ૨ સુવિચાર,

૩ યોગાભ્યાસ એ સર્વોત્તમ છે. બ્રહ્મર્ષિ આ ત્રણે સાધનોની ન્હાનપણથી સાધના કરતા તેથી તેવણ ઉંચી કોટીના જીવ હતા, એમ સહજ સમજાય છે. સ્વભાવદ્રવ્યની વૃદ્ધિથી પ્રાણતત્ત્વ પુષ્ટ થાય છે, અને તે પુષ્ટ થતાં સંસ્કારદ્રવ્ય તદ્દન મંદ થઈ જાય છે. જેમ સ્વલ્પ અગ્નિ રફ્તે રફ્તે સળગાવવાની કોશીશ કરતાં તે પ્રચંડતાને પામે છે, તેમજ સ્વભાવદ્રવ્ય પણ સત્સંગ, સુવિચાર અને સદાચારની સહાયથી વધી ઉગ્ર ભાવને ધારણ કરે છે. જેમ અગ્નિ પદાર્થમાત્રને ભસ્મીભૂત કરે છે તેમ પ્રચંડ ભાવને પામેલું સ્વભાવદ્રવ્ય સંસ્કારદ્રવ્યને ભસ્મ કરે છે. સંસ્કારદ્રવ્યના લોપથી કર્મોનો પુરાતન સંગ્રહ નાશ પામે છે, અને ગતિના સંયોગમાં આવેલાં પ્રારબ્ધ કર્મો માત્ર ફળનો ભોગવટો કરાવી નિવૃત્તિમય થઈ જાય છે, એટલુંજ નહિ પણ કર્મ અશેષ થવાથી જીવ સંસારબંધનથી મુક્તિ મેળવે છે. કદાચિત એમ પણ બને કે સ્વભાવદ્રવ્યની વૃદ્ધિ કરવાના ઉપાયો મેળવવા અસમર્થ થવાય તો જે કંઈ કર્મો કરાય તે શુભાશુભ સર્વ કર્મો ફળની આકાંક્ષા વગર ઇશ્વરાર્પણ કરી દેવાં. આપણાં અર્પણ કરેલાં કર્મોથી ઇશ્વર કયાં ઐશ્વર્યવાળો બને છે? તે તો પ્રભુતાથી પૂર્ણજ છે. શાસ્ત્રદ્વારા કર્મો ઇશ્વરાર્પણ કરવામાં મતલબ એ છે કે એવી વર્તણુકથી આપણને દ્વિગુણ ફાયદો થાય. માલનો માલ સચવાય, વળી ઈશ્વરપ્રતિ લેવડદેવડનો વ્યાવહારિક સંબંધ થતાં પ્રતિદિન તેના તરફની પ્રીતિમાં વૃદ્ધિ થાય છે. ઇશ્વરની પ્રીતિ તથા

ભક્તિ વધવાથી કામરૂપ કીડાને દુષ્કર્મરૂપી ફળો ખવરાવી દઈ આપણો પુણ્યસંગ્રહ સાચવી રાખશે. યોગ્ય સંચય થતાં પોતાનાં ચરણોમાં બોલાવી શનૈઃ શનૈઃ સાયુજ્ય મુક્તિનો લાભ આપશે. આથી બનતાં સુધી કર્મફળની ઈચ્છાનો ત્યાગ અને ઈશ્વરાર્પણ બુદ્ધિથી સર્વ કર્મો કરતા રહેવું. ઇશ્વરના અનુગ્રહ ખાતર હરવખત મનનું મંથન કરવું. શાસ્ત્ર જે શાસન તથા સૂચના કરે તેનું માનથી અનુકરણ કરવું, એ મોક્ષનો સર્વોત્તમ ઇલાજ છે. તેમ ન કરવાથી જગચ્ચક્રમાં વિશ્રાન્તિના ત્યાગપૂર્વક ભ્રમણજ કરવાનું છે, ને જન્મોજન્મનાં દુઃખો ખમવાનાં છે. **कर्मणो गहनागतिः** કર્મફળની ગતિ અતિ વિચિત્ર છે. ક્યાં ક્યાં જન્મ મળશે ? ક્યા ક્યા કાળમાં કેવાં કેવાં ફળ ભોગવવાં પડશે ? તેનો વિચાર કરી શકાય તેમ નથી. રંક રાજા થાય, રાજા રંક થાય, શૂરો કાયર બને, કાયર શૂરો થાય, દાતા ભિખારી બને, ભિખારી દાતા બને, ઈત્યાદિ કર્મફળ સંયોગના અનેક ચમત્કારો અનુભવમાં આવ્યાજ કરે છે.

ધર્મના પાયા ને ઇશ્વર પ્રતિ ફરજ.

સત્ય, દયા, તપ, ઇંદ્રિય દમન, અને આંતર તથા બાહ્ય શૌચ એ ધર્મના મુખ્ય પાયા છે. આપણી ઇશ્વર પ્રતિ ત્રણ મોટી ફરજ છે. ૧ ઈશ્વર તરફ સદા માનની નજરે નિહાળવું, ૨ તે નારાજ થાય એવાં કૃત્ય ન કરવાં, ૩ તેનું હર વખત સ્મરણ કરવું, કારણ તે સુખનાં સાધન પુરાં પાડે છે. ઉપરની ત્રણે ફરજો યથાવત્ પળાય તો ધર્મ, અર્થ, કામ તથા

મોક્ષ, એ ચારે પુરૂષાર્થની સિદ્ધિ થાય છે. તેમાં મોક્ષ સર્વોત્તમ છે, ને તે ધર્મજ્ઞાનથી પ્રાપ્ત થાય છે. માટે ઉપર કહેલું ધર્મ સંબંધી જ્ઞાન મેળવવાની દરેક મનુષ્યની ફરજ છે. **यतो धर्मस्ततो जयः** જ્યાં ધર્મ છે ત્યાં સદા વિજયજ છે.

ઋષિઓની પ્રાચીન પ્રણાલિકા.

ઋષિમુનિઓની પ્રાચીન પ્રણાલિકા અનુસાર યજ્ઞયાગાદિ પણ ધર્મના હેતુરૂપ છે. ઋષિવર એ મતના સમર્થક હતા. કહ્યું છે કેઃ—

यज्ञात्पर्जन्यो पर्जन्यादन्न संभवः

મનુષ્ય તથા જાનવર વચ્ચે ધર્મનું અંતર.

મનુષ્ય તથા અન્ય પ્રાણીઓ વચ્ચેનો તફાવત ધર્મથીજ છે. હિતોપદેશમાં કહ્યું છે કેઃ—

आहार निद्रा भय मैथुनानि सामान्यमेतत् पशुभिर्नराणाम् ।
धर्मोहि तेषामधिको विशेषो धर्मेण हीनाः पशुभिः समानाः

આહાર, ઉંઘવું, ભય, મૈથુન એ પશુ તથા મનુષ્યોને સામાન્ય છે. ધર્મ એ મનુષ્યમાં વિશેષતા છે, માટે ધર્મ વગરના મનુષ્યો પશુ માફક છે.

ધાર્મિક મહાત્માઓની ધાર્મિક દૃષ્ટિ.

ધર્મિષ્ટ મહાત્માઓની દૃષ્ટિ પણ ધર્મયુક્ત હોય છે. તેઓ કોઇને પણ દોષદૃષ્ટિથી જોતા નથી. દરેક પદાર્થમાં રહેલા ગુણ દોષનું અવલોકન કરવું એજ દોષદૃષ્ટિ છે, અને

કોઇ પણ પદાર્થના ગુણ દોષ ન જોવા એજ ગુણદૃષ્ટિ છે. કહ્યું છે કે:—

गुण दोष दशो दोषः गुणस्तूभय वर्जितः

ગુણ દોષ જોવા એજ દોષ છે, અને બન્નેનો ત્યાગ એજ ગુણ છે. એવી દૃષ્ટિવાળા મહા પુરૂષો ગમે તેવા અપરાધીને પણ ક્ષમા કરે છે. ખરેખર આખી સૃષ્ટિ જોનારને તેની દષ્ટિ જેવી દેખાય છે. સૃષ્ટિનો દોષ નથી, પણ દૃષ્ટિનો દોષ છે.

વિશનજીભાઈની બાલ્યાવસ્થામાં બ્રહ્મર્ષિની પૈસા સંબંધી સ્થિતિ તંગ હતી. હાલની હાલત સાથે મુકાબલો કરતાં જમીન આસમાન જેટલો તફાવત છે. એ સ્થિતિ પરિવર્તનના સંબંધમાં કારણરૂપે બ્રહ્મર્ષિ રાઘવજીનાં ગાયત્રી પુરશ્ચરણનો પ્રતાપ ગણવો જોઇએ. લીંબડીમાં જેટલાં પુરશ્ચરણ કરેલ તે દરેક દીઠ મહારાજા યશવન્તસિંહજી તરફથી રૂ. ૧૦૦૦) મળતા. ભુજમાં કરેલાં તેમાં નામદાર કચ્છાધિપતિ મહારાવ શ્રી ૭ ખેંગારજી બહાદુરે આશ્રય આપેલો એવી રીતે વેદનું અંગ જે ગાયત્રી તે જગતની મા તેની પાછળ લક્ષ્મીમાતા પણ અનુગમન કરવા લાગ્યાં.

ગાયત્રીનો પ્રતાપ, મહિમા.

ગાયત્રી એ બ્રહ્મવિદ્યા છે. તેની મહત્તા બાબે મનુસ્મૃતિમાં કહ્યું છે કે:—

अकार चाप्युकारं च मकारं च प्रजापतिः। वेदत्रयान्नि-

रदुहद्भूर्भुवः स्वरितीति चात्रिभ्य एवतु वेदेभ्यः पादंपादमदुह्र-हत् । तदित्त्य चोस्याः सावित्र्याः परमेष्ठी प्रजापतिः ।

અર્થ—પ્રજાએ અકાર, ઉકાર તથા મકારને અને ભુર્, ભુવર્ અને સ્વર એ ત્રણને ત્રણ વેદમાંથી અનુક્રમે દોહી કાઢયા છે. તેમજ तत्सवितुः એ ગાયત્રીની ઋચાના ત્રણ પાદને પણ એક એક વેદમાંથી દોહી કાઢયાં છે. અર્થાત્ ગાયત્રી અનાદિ સિદ્ધ છે. તેનું પ્રજાપતિએ દોહન કર્યું છે. ગાયત્રી વેદનું દૈવત છે, વેદનું તત્ત્વ છે ને વેદનું રહસ્ય છે.

પૂર્વ જન્મના આ સંસ્કારી મહાત્માને ગાયત્રી પુરશ્ચરણ કરવા તરફ આકર્ષણ કેમ થયું ? એવો સવાલ ઘણાને ઉત્પન્ન થશે. તેઓએ વિચારવું જોઇએ કે યોગનિષ્ઠાવાળાં માબાપોને પેટે અવતાર લઈ પેઢી દર પેઢીના બ્રહ્મત્વના સંસ્કારગ્રહણને અંગે તેમનામાં બ્રહ્મત્વ વિશિષ્ટ રૂપે હોય એ સ્વાભાવિક છે. છતાં તેમણે અભ્યાસથી બહુ વધારો કર્યો હતો. અભ્યાસને બધું સાધ્ય છે. સંયમ કરવાથી અને તેમાં સિદ્ધતા મેળવવાથી જ્યારે ધારણા, ધ્યાન તથા સમાધિ સ્થિર થાય છે, ત્યારે સમાધિથી ઉત્પન્ન જ્ઞાન-પ્રભા શુભ્રતાને અથવા નિર્મળતાને ધારણ કરે છે, અર્થાત્ પછીથી જ્ઞાનમાં ભ્રાન્તિ જેવું કશું રહેતું નથી, અને ધ્યેય પદાર્થનો સાક્ષાત્કાર કરવાનું વિશેષ વિશેષ બળ પ્રાપ્ત થતું જાય છે, અને તેમાં રહેલા ગુણ ધર્મો સંપૂર્ણપણે સાક્ષાત્કાર કરવાનું બળ આવતું જાય છે, પરિણામે

પ્રકૃતિ તથા પુરૂષને ધ્યેયરૂપે લેવામાં આવે છે, અને તેમાં સંયમની પાકે પાયે સ્થિરતા થાય છે, ત્યારે વિવેકખ્યાતિ ઉત્પન્ન થાય છે.

વિવેક ખ્યાતિનું મૂળ.

વિવેક ખ્યાતિની ઉત્પત્તિ માટે ભૂમિકાક્રમની જરૂર છે. નિશાન તાકનાર જેમ પ્રથમ ઝાડ, પહાડ વગેરેને નિશાન મારતાં શિખે છે અને પછી સૂક્ષ્મથી સૂક્ષ્મતરને લેતો ચાલ્યો જાય છે, તેજ પ્રમાણે યોગવિદ્યા સાધનાર પણ પોતાના સામર્થ્ય પ્રમાણે સ્થૂળને દષ્ટિમર્યાદામાં લેઈ તેમાં સંયમસિદ્ધ થયા પછી સૂક્ષ્મ લેછે. એમ કરવાથી તેની યોગશ્રી ઉત્તરોત્તર વૃદ્ધિગત થાય છે, અને યોગીમાં એવું તો અદ્ભુત બળ આવે છે કે સાધારણ મનુષ્યને હેરત પમાડે છે. ભૂમિકા અનેક છે, તેના અધિકારી પણ અનેક છે. તો અમુક ભૂમિકા પ્રથમતક આપણી છે, અને પછી અમુક ભૂમિકા છે એનું જ્ઞાન કેવી રીતે થઈ શકે ? તત્સમ્બન્ધમાં મહામુનિ વેદ વ્યાસજી કહે છે કે:—

યોગવડે યોગ જણાય છે.

योगेन योगो ज्ञातव्यो योगो योगात्प्रवर्तते ।
योऽप्रमत्तस्तु योगेन संयोगे रमते चिरम् ॥

યોગવડે યોગ જાણવાયોગ્ય છે. યોગથીજ યોગ પ્રવર્તે છે. જે પ્રમાદ રહિત થઇ યોગમાં રમણ કરે છે, તે યોગી પૂર્વ પૂર્વ ભૂમિકામાં વિજયી થતો થતો ઉત્તરોત્તર ભૂમિકાની

પ્રાપ્તિવડે ચિરકાલ પર્યન્ત અલૌકિક સુખનો લ્હાવો લેછે. મૂળથીજ યોગશ્રીથી શ્રીમન્ત રાઘવજીને યોગાભ્યાસવડે યોગશ્રી વધારવાના પ્રસંગો આવ્યા. પૂર્વ પૂર્વની યોગશ્રી ઉત્તરોત્તરની યોગશ્રીનું કારણ થતે થતે પંચત્વને પામવા પ્રસંગે સાધારણ મનુષ્યના પ્રાણ શરીરથી જુદા પડતાં જે ઘટના બને છે તેમાં અને એક યોગીની સંબંધની તે ક્રિયામાં કેટલું મહદ્ અંતર છે, એ તે વખતે અચ્છી રીતે જણાઈ આવતું હતું.

જપની ઉપયોગિતા.

બહારના એટલે વૈષયિક પદાર્થોમાં ફેલાએલી ઇંદ્રિયો તથા અંતઃકરણની વૃત્તિઓનું ખેંચાણ કરી તેને અન્તરમાં સમાવવા સારૂ જપ ઉપયોગી છે.

અપવાસ તથા તપશ્ચર્યા કરનારે જપ અવશ્ય કરવો જોઈએ.

દેવાદિના ભેદથી જપની ઘણી તરેહ છે. તેથી શરીર, ઇંદ્રિયો, પ્રાણ અને મન સ્થિર થાય છે, ને શુદ્ધ સત્ત્વગુણનો પ્રકાશ પ્રાદુર્ભૂત થવાથી ચિત્તમાં પ્રસન્નતા પેદા થાય છે. એથી દેવોની પ્રસન્નતા મેળવાય છે. શ્રી યાજ્ઞવલ્ક્ય સંહિતામાં જપનું લક્ષણ નીચે પ્રમાણે દર્શાવ્યું છે.

गुरुणाचोपदिष्टोऽपि वेद ब्राह्मा विवर्जितः ।
विधिनोक्तेन मार्गेण मंत्राभ्यासो जपः स्मृतः ॥
अधीत्यवेदं सूत्रं वा पुराणं वेतिहासकं ।
एतेष्वभ्य स तस्तस्य अभ्यासेन जपः स्मृतः ॥

વેદમાં કહેલા મન્ત્રનો શ્રી ગુરુદ્વારા ઉપદેશ લઇને તે મંત્રનો વિધિપૂર્વક અભ્યાસ કરવો, તે જપ કહેવાય. તેમજ ગુરુદ્વારા વેદ, બ્રહ્મસૂત્ર, પુરાણ ઇતિહાસ વગેરે સચ્છાસ્ત્રોનું અધ્યયન કરીને અભ્યાસ કરવો તે પણ જપ કહેવાય.

જપના પ્રકાર તથા વખત.

જપના બે પ્રકાર છે. વાચિક તથા માનસિક. તે દરેકના વળી બબ્બે ભેદ છે. તેમાં ઉચ્ચૈઃ ને ઉપાંશુ એ બે વાચિકના અને ધ્યાનરહિત તથા ધ્યાનસહિત એ બે ભેદ માનસિક જપના છે. અન્ય માણસના સાંભળવામાં આવે એવી રીતે સ્પષ્ટ ઉચ્ચારથી જપ કરવો તે ઉચ્ચૈઃ વાચિક જપ અને બીજો માણસ ન સાંભળે એવી રીતે ધીમે ધીમે જપ કરવો તે ઉપાંશુ વાચિક જપ. જીભ, હોઠ વગેરે અવયવો ન ચાલે એવી રીતે જપ કરવો, ને તે કેવળ મનમાં કરવો તે ધ્યાનરહિત માનસ જપ, અને મંત્રના અધિદેવમાં અથવા મંત્રના અક્ષરોમાં ચિત્ત એકાગ્ર કરી જપ કરવો તે ધ્યાન સહિત માનસ જપ. એ ચારે જપમાં ધ્યાન સહિત માનસ જપ ઉત્તમ છે. શ્રી યાજ્ઞવલ્કય સંહિતામાં એ બાબતમાં નીચે પ્રમાણે વર્ણન કર્યું છેઃ—

જપ બાબે વિશેષ સ્પષ્ટીકરણ.

उच्चैर्जपादुपांशुस्तु सहस्र गुण उच्यते ।
मानसश्च तथोपांशोः सहस्र गुण उच्यते ॥
मानसाच्च तथा ध्यानं सहस्र गुण मुच्यते ।

ઉચ્ચૈઃ કરતાં ઉપાંશુ જપ સહસ્રગુણુ ફળનો હેતુ થાય છે. ઉપાંશુ જપથી માનસજપ સહસ્રગુણ ફળનો હેતુ થાય છે, ને માનસ કરતાં ધ્યાનયુક્ત જપ સહસ્રગણું ફળ આપે છે. બ્રહ્મર્ષિ છેલ્લી વિધિ પ્રમાણે નિષ્કામપણે ગાયત્રી જપનું આરાધન કરતા. અર્થ જાણ્યા વગર જપેલા મંત્રથી સિદ્ધિ થતી નથી; એ તત્ત્વ તેમને અજ્ઞાત નહોતું. વૃદ્ધહારિત સંહિતામાં કહ્યું છે કે—

इत्थं संचित्य मंत्रार्थं जपेन्मंत्र मतंद्रितः ॥
अविदित्वा हि मंत्रार्थं जपेत् प्रयत मानसः ॥
न स सिद्धिमवाप्नोति स्वरूपं च न विन्दते ।

એમ આલસ્ય દૂર કરી, મંત્રના અર્થનું ચિન્તવન કરી મન્ત્રનો જપ કરે. અર્થ જાણ્યા વગર એકાગ્ર મનથી જપ કરે તો પણ જપનાર મંત્રની સિદ્ધિને તથા ઉપાસ્ય દેવતાના સ્વરૂપને જાણી શકતો નથી, અને પામતો પણ નથી. સઘળા યજ્ઞોમાં હિંસા વગેરે દોષથી રહીત હોવાના સબબસર જપયજ્ઞ સર્વોત્તમ છે. પરમાત્મા આનંદ કંદ નંદ નંદન શ્રી કૃષ્ણ પરમાત્માએ ગીતાજીમાં કહ્યું છે કે **यज्ञानां जपयज्ञोऽस्मि** યજ્ઞોમાં જપયજ્ઞ હુંછું. મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ—

ये पाक यज्ञाश्चत्वारो विधियज्ञ समन्विताः
सर्वेते जपयज्ञस्य कलां नार्हंति षोडशीम् ॥

વૈશ્વદેવ, બલિદાન વગેરે યજ્ઞ છે, તે પાક યજ્ઞ કહેવાય છે. તે સઘળા જપરૂપ યજ્ઞના સોળમા ભાગની તોલે આવી શકે તેમ

નથી. જપથી ચિત્તની એકાગ્રતા થાય છે. ઉપાસ્ય દેવતાદ્વારા કામની સિદ્ધિ થાય છે. નિષ્કામીના ચિત્તની શુદ્ધિ કરાવે છે. અજપા ગાયત્રી જે સોહં જપ તે મૂળાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂરક, અનાહત, વિશુદ્ધ તથા આજ્ઞાચક્રમાં અનુક્રમે ૬૦૦, ૬૦૦૦, ૬૦૦૦, ૧૦૦૦, ૧૦૦૦, ૧૦૦૦ ની સંખ્યાના સોહં અથવા હંસમંત્રને અમુક વિધિથી સંકલ્પ કરવાથી યોગશાસ્ત્ર પ્રમાણે અનુપમ ફળ પ્રાપ્ત થાય છે. ઈત્યાદિ. જપનો વિધિ બ્રહ્મર્ષિ સારી પેઠે સમજતા.

માબાપની ભક્તિનું ફળ.

સદરહું બ્રહ્મર્ષિની વાતચિતથી એમ જણાય છે કે, માબાપની ભક્તિનું હાર્દ તેવણ અચ્છી રીતે સમજતા. જોકે તેમના પિતાશ્રી તેમની બાલ્યાવસ્થામાં તેમને માથે કરજ મૂકી નિરાધાર બનાવી પરલોકવાસી થયા હતા. સદરહુ મુદ્દત દરમિઆન ગજા પ્રમાણે માબાપોની તેમણે સારી સેવા બજાવી હતી. માબાપની આજ્ઞા શિરતાજ કરવા હરવખત તેવણ ઉત્સુક રહેતા. તેનો બદલો તેમના જ્યેષ્ઠ પુત્ર વિશનજીભાઇની તેમની સેવાથી પ્રત્યક્ષ પ્રદર્શિત થતો હતો. રા. રા. વિશનજીની માબાપની ભક્તિ ઉપમારૂપ ગણાય છે. ભુજમાં જાગનાથની જગોમાં ભરાતી સભામાં માબાપની ભક્તિવિષે તેમણે એક ભાષણ આપેલું, તેમાંના ઉદ્‌ગારોથી શ્રોતાઓએ તેમને શ્રવણની ઉપમાં આપી હતી. 'કહેવા કરતાં કરી બતાવવું ઉત્તમ છે' એ કહેવતમાં ઘણું રહસ્ય સમાએલું છે. એ બાબતને જાણે

પરમેશ્વરે પણ ઉત્તેજન આપ્યું હોયની તેની માફક હાથ, પગ, કાન વગેરે અવયવો બબ્બે આપેલા છે, અને જીભ માત્ર એકજ આપી છે તે એટલાજ માટે કે થોડું બોલ અને ઘણું કર. મહાત્મ બુદ્ધે પણ કહ્યું છે કે તારાં માતપિતા એ તારી પૂર્વદિશા અથવા મુખ્ય દિશા સમજ. વેદમાં કહ્યું છે કેઃ— पितृ देवो भव, मातृ देवो भव (પિતાને દેવ સમાન સમજ, માતાને દેવ સમાન માન. માબાપના પ્રસિદ્ધ ભક્ત શ્રવણના આખ્યાન-માં કહ્યું છે કેઃ—

जो जिन्हे पितु मातको, लियो न आशीर्वाद;
व्यर्थ जन्म ताको गयो, नर नहि सोइ निषाद (રાક્ષસ).

વળી કહ્યું છે કેઃ—

उत्तमश्चिंतितं कुर्यात् मोक्तकारी तु मध्यमः।
अधमोऽश्रद्धया कुर्यादकर्त्तोच्चारितं पितुः ॥

માબાપની મરજી જાણી જે આજ્ઞા ઉઠાવે તે ઉત્તમ, તેમના કહેવાથી કરે તે મધ્યમ, માબાપ કહે અને અશ્રદ્ધાથી કરે તે અધમ અને જે તેમની આજ્ઞા ન પાળે તે અધમાધમ.

ભોજન કીધા પછી વામકુક્ષી જેને યોગશાસ્ત્ર પ્રમાણે દૃઢાસન કરે છે, એટલે ડાબુ પડખું દબાવી સૂવાથી પાચન-ક્રિયા બાબે ઘણા ફાયદા થાય છે. એથી ઉલટું ખાઇને તરત પંથ કરવાથી અથવા મગજનું કામ કરવાથી અથવા શરીરના બીજા અવયવો શ્રમિત થાય એવું કામ કરવાથી ગેરફાયદા થાય છે. કારણ એ વખતે જઠરમાં લોહીનો સારો જેવો જથ્થો

હોય તો પાચનક્રિયા સારી ચાલે. જે અવયવને શ્રમ મળે ત્યાં લોહીનો જથ્થો ખેંચાઈ જાય છે. એટલું લોહી જઠરને ઓછું મળે અર્થાત્ પાચનક્રિયાને અંગે સામ્યની જરૂર છે.

સંસારમાં સમાનતા મેળવવા પૂર્વના પુણ્યની અગત્ય.

સંસારમાં સઘળી અથવા ઘણી બાબતનું સામ્ય પૂર્વના પુણ્ય વગર પ્રાપ્ત ન થાય. કાંઇ સારા સંસ્કારવાળાનેજ દીન તથા દુનીઆ દરોબસ્ત હોય છે. વર્ણોના ગુરુ બ્રાહ્મણ તેને ત્યાં અવતાર, વેદનું પઠન, શુદ્ધ આચાર, શુદ્ધ વિચાર, ગાયત્રીનું અનુસરણ, ઇત્યાદિથી બ્રાહ્મણ સંપૂર્ણ થાય છે. એમાં જેટલી ન્યૂનતા તેટલી બ્રહ્મત્વમાં ન્યૂનતા. આર્ય સંસારની ઉન્નતિ પર આર્યખંડની ઉન્નતિ પૂર્વ કાળમાં ઝઝૂમી રહેલી હતી. તેનું કારણ તે કાળમાં શ્રેષ્ઠ બ્રાહ્મણોની અસ્તિ હતી. અસ્તિ નાસ્તિમાં ફેરવાતી ગઈ તેમ તેમ અવનતિનું આધિકય થતું ચાલ્યું. અસ્તોદયના નિયમ પ્રમાણે પુરાણા અને પ્રતાપી ભારતવર્ષને પુનરપિ ઉદયકાળ પ્રાપ્ત થાઓ ! અસ્તુ.

સત્સંગ વિષે ઋષિવરના વિચાર તથા ભજન.

સત્સંગવિષેના ઋષિવરના વિચારો મનનીય હતા. વિશ્વામિત્રની હજાર વર્ષની તપશ્ચર્યાની અપેક્ષા, વસિષ્ઠજીનો એક ઘડીનો સત્સંગ વગેરે પ્રસંગોનું ભાવપૂર્વક વર્ણન; સત્સંગ ઉપરનો તેમનો ઉચ્ચભાવ પ્રકટ કરે છે. એ સંબંધના તેવણના વિચારો તેમનાં ભજનોથી જણાઈ આવતા. સ્થળસંકોચને લીધે તેમાંનું એક અત્રે દાખલ કરવામાં આવે છે.

વારૂ મારા વીરારે, સંગ ના કરીએ નીચનો રે જી
નીચપણું તો નક્કી નરકમાં લઈ જાય, વારૂ મારા વીરારે. ટેક.
આકડીઆનાં દૂધ રે, દીશે અતિ ઊજળાં રે જી,
તેને પીધે તરત દુઃખીઉં થાએ. વારૂ૦
દુધડીઆં મંગાવો, ગવરી તે ગાયનાં રે જી,
સાકર ભેળવે સ્વાદ અતિ ઘણો થાય. વારૂ૦
બાવળીઓ કંટાળો રે, અતિ અતિ અળખામણો રે જી,
તેના સંગે અંગ વસ્ત્ર ઉજરડાય. વારૂ૦
આંબાકેરી છાયારે, દીશે રળિઆમણી રે જી,
તેને સેવે ફળની પ્રાપ્તિ થાય. વારૂ૦
ગુરુને પ્રતાપેરે, જેઠીરામ બોલ્યા રે જી,
રાખો અમને સંત ચરણુની માંય. વારૂ૦

આચારવાન તેજ કુળવાન.

સદાચરણ તથા સત્સંગનો સંબંધ પુત્ર પિતાના જેવો છે. જે સદાચરણ યુક્ત છે તેજ કુળવાન છે. પછી હલકી કોમમાં જન્મ્યો તેથી શું થયું ? બ્રહ્મર્ષિ ઉત્તમ સારસ્વત જાતિના તથા સદાચરણી હતા. એટલે સોના સાથે સુગંધનો મેળાપ થયો હતો. આચારવાનજ કુળવાન છે. કહ્યું છે કેઃ—

नकुलं वृत्तहीनस्य प्रमाणमिति मे मतिः
अंत्यजेष्वपि जातानां वृत्तमेव विशिष्यते

સદાચરણ રહિત છે તે કુળવાન નથી, અને જે હલકી જાતમાં જન્મેલો હોય છતાં સદાચરણી હોય તે કુળવાન છે. નવનિધિની સમ્પૂર્ણતા કરનાર દશમો નિધિ વિવેક છે. જેના

વડે મોક્ષસુધીની સામગ્રી મેળવાય છે. વિવેકની તેમનામાંની અસ્તિ વ્યક્તિ પ્રતિના તેમના વર્તનથી જણાઈ આવતી હતી.

વર્તનથી અહં બ્રહ્માસ્મિ સિદ્ધ કરવું. વાતોથી નહિ.

વેદાન્ત શાસ્ત્ર પ્રમાણે મનુષ્ય-સામર્થ્યની હદ્ અમર્યાદ છે. **अहंब्रह्मास्मि** હું બ્રહ્મસ્વરુપ છું. બ્રહ્મસ્વરુપ થવું સર્વને ગમે છે. એટલે ભારતવર્ષનાં ન્હાનાં મ્હોટાં શહેરો,- નગરો, ગામડાં વગેરેમાં રાયથી તે રંક પર્યન્ત લોકો વેદાન્ત ફિલોસોફીનો સ્વીકાર કરે છે. બ્રહ્મના ગુણો જેનામાં હોય તે બ્રહ્મ કહેવાય, બાકી તો ભ્રમ કહેવાય. બ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરુપ છે. તે સર્વજ્ઞ, સર્વવ્યાપી, સર્વશક્તિમાન, નિર્વિકારી, અનંત, નિરંજન, નિરાકાર વગેરે ગુણોથી યુક્ત છે. ઈશ્વર કૃપાથી બેદાંતીઓ ખરા વેદાન્તી બનો એજ ઈષ્ટ છે. કહેણી અનુસાર રહેણી રાખવા ઈશ્વર તેમને સદ્દમતિ આપે. આર્યાવર્તની ઉન્નતિને વાસ્તે વાચિક જ્ઞાનીની જરૂર નથી પણ મને, વચને તથા વાચાએ કરીને શુદ્ધ તાવેલા સોના જેવા અધિકારીઓની જરૂર છે.

કુંવરબાઈના ઉંચા ગુણ તથા પાતિવ્રત્ય બાબે ગરબો.

બ્રહ્મર્ષિ રાઘવજી શર્માના પૂરાં એકજ અને સદ્દગુણી પુત્રી કુંવરબાઈના સદ્દગુણોનું સ્મરણ કરતાં ભક્તશિરોમણી નરસિંહ મહેતા તથા તેમની પુત્રી કુંવરબાઈની પ્રેમલક્ષણા ભક્તિનું સ્મરણ થાય છે. નરસિંહ મહેતાની કુંવરબાઈને સાસરીઆં તરફથી બહુ ખમવું પડયું હતું. પરન્તુ આ કુંવરબાઇ સાસરીઆંના સ્વભાવ સાથે મળતાં થવાથી, વિવેકપૂર્વક વર્તવાથી, ધૈર્યશીલ વગેરે ગુણોથી ચહેરામાં જયકૃષ્ણને હુબહુ મળતાં આ સદ્દગુણવંતી પુત્રી બહુ માનીતાં બન્યાં હતાં. પતિ સેવા એજ સ્રીનો ખરો ધર્મ અને પરમ કર્તવ્ય છે. એજ મોક્ષનું દ્વાર છે. તત્સંબંધે તેઓ કેટલાંક ગરબા ગાતાં જેમાંનો એક નીચે મુજબઃ-

સખી ! અબળાનું આ જગ માંહ્યરે, દૈવત એક પતિ;
સેવી તેને સ્ત્રી જાતિ સદાયરે, પામે ઉંચી ગતિ.
પતિ સેવા એ જપ તપ મોટું રે, આપણ અબળાનું;
પતિ સેવા વિણ બીજું બધું ખોટું રે, (આ) તત્ત્વ શાસ્ત્ર સઘળાનું.

સ્ત્રીને બ્રહ્મા સ્વામિ નિજ, વિષ્ણુ નિજ ભર્તાર;
મહેશ સ્ત્રીના નિજ પતિ, જીવન જગદાધાર.
ચોસઠ તીર્થો ને વળી, પવિત્ર ચારે ધામ;
નિજ પતિ ચરણે જાણતી, સાધ્વી સહી લલામ.

સ્મરીએ, સ્મરીએ, સ્મરીએ, સ્મરીએ પતિ નામને રે,
ધરીએ, ધરીએ, ધરીએ, ધરીએ પતિ ધ્યાનને રે;
હરીએ, હરીએ, પરહરીએ બીજાં કામને રે;
પ્રેમભક્તિવડે આવો લઈએ લ્હાવો, કરી સ્થિરરે,
પતિપદમાંહી મતિ. સખી૦

હોયે પતિ કુબડો લુલો, બહેરો મૂંગો અંધ;
તોપણ સ્ત્રીએ સેવવો, ઈશ્વર ગણી નિજ કંથ.
પતિસેવા જેવું સ્ત્રીને, સુખસાધન નથી અન્ય;
પોતે તરી કુલ તારતી, પતિવ્રતાને ધન્ય.

તારા, સીતા, સાવિત્રી, સતી મંદોદરી રે,
દમયન્તી, દ્રૌપદી આદિ બીજી બહુ સુન્દરી રે;
પતિને પ્રભુસમ જાણીને આ વિશ્વે તરીરે.
પતિમાં પ્રોઈએ, મન–મળ ધોઈએ, સતીમાં સ્હોઈએ;
આપણ સર્વેરે, જેથી ખુલે ભાગ્યરતી. સખી૦

શિવ રૂઠયે પતિ તારતા, પતિ રૂઠયે શિવના જ,
માટે પતિસમ શ્રેષ્ઠ કો, દેવ ન સ્ત્રીને કાજ.
અષ્ટ સિદ્ધિ ને નવનિધિ, પતિ સેવાથી સ્હેલ;
પતિવ્રતાને વિશ્વમાં, કાંઈ નથી મુશ્કેલ.

નમીએ, નમીએ, નમીએ, નમીએ એવા દેવને રે,
તનથી ધનથી મનથી કરીએ સદા સેવને રે;
સાધન માટે જઈએ શાને, પર્વતે વને રે,
ઘરમાં રહીને, ધર્મે વહીને, સુખ લહીએ,
પામે તપથી રે, જેહ મોટા યોગી યતિ. સખિ૦

જે જેનું ચિંતન કરે તે તેમય થઈ જાય.

મનુષ્યની અપૂર્ણતાને અંગે તેનામાં ગુણાવગુણ બન્ને હોવા જોઈએ. તેમાંથી ગુણ ગ્રહણ કરી તેના નમુના જગત્ આગળ રજુ કરવા એ સુતનું કર્તવ્ય છે. અવગુણ અથવા ચાંદાં જોવાં એ મક્ષિકા તુલ્ય દુર્જનનું કર્તવ્ય છે. અક્ષરના સારા નમુના જોઈ તદનુસાર લખવા પ્રયત્ન કરનારના અક્ષર સારા થાય છે. તેવી રીતે જેઓ બીજાના સદ્ગુણ જુએ છે, ચિન્તવે છે; તેઓ વહેલા મોડા તે તે સદ્ગુણયુક્ત બને છે એ ચિન્તનના નિયમ પ્રમાણે સિદ્ધ છે. ભમરીનું ધ્યાન કરનાર ઈયળ ભમરીમાં પરિવર્તન પામે છે. મહાન્ રોગોની ચિકિત્સા કરનાર ડાકટરોને તે તે રોગ થવાના દાખલા બનેલા છે. નાટકમાં અભિનય (Acting) કરતાં તે તે પાત્રોના ગુણ એકટરોમાં આવે છે. ભુજમાં આવેલી એક વાંકાનેરની નાટક કમ્પનીમાં ભક્ત તુલસીદાસનો પાર્ટ એક પઠાણ ભજવતો. તે સ્નાન સન્ધ્યા વગેરે બાબતોથી એક બ્રાહ્મણના જેવાં આચરણયુક્ત રહેતો. માટે અવગુણ જોવા કરતાં અન્દરખાનેના આત્મસ્વરૂપનું તથા તેની સંપૂર્ણતાનું ચિન્તવન કરવું શ્રેયસ્કર છે, અને એમ કરતાં વહેલા મોડા બ્રહ્મસાક્ષાત્કાર થાય છે.

ભક્તિની શ્રેષ્ટતા બાબે મહાત્મા વલ્લભાચાર્યજીનો અભિપ્રાય તથા ગીતાજીનો સિદ્ધાંત.

આચાર્યશ્રી મહાપ્રભુજી વલ્લભાચાર્યજીનો અભિપ્રાય ભક્તિ માર્ગ તરફ વધારે ઢળતો છે. કારણ દેશ, કાળ, દ્રવ્ય, મંત્ર, કર્ત્તા તથા કર્મ એ છ પદાર્થ શુદ્ધ હોય ત્યારેજ વૈદિક કર્મ-કાન્ડની ક્રિયાઓ શુદ્ધ રીતે થઈ શકે છે, પણ કળિકાળમાં તેમ બનવું મુશ્કેલ છે. માટે ભક્તિમાર્ગજ સાધ્ય છે. એટલા માટે કર્મ કે જ્ઞાન માર્ગનું અભિમાન ત્યજી સર્વ શ્રી હરિની ભક્તિ કરો એમ તેમનો ઉપદેશ છે. શ્રી ભગવાને શ્રીમુખથી કહ્યું છે કેઃ-

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवं विधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥
भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुंद्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥

અર્થઃ—તેં મને જેવો જોયો તેવો જોવાને, વેદથી, તપથી, દાનથી, યજ્ઞ વિગેરે ક્રિયા કરવાથી પણ બની શકતું નથી. હે પરંતપ ! બીજા કશાથી નહિ પણ માત્ર મારી ભક્તિથીજ એવી રીતે મને જાણી શકાય છે, મને જોઇ શકાય છે અને વાસ્તવિક રીતે મારામાં ભળી શકાય છે. ભક્તિથી બ્રહ્માનંદ કરતાં અધિક આનંદ મળે છે. શ્રુતિમાં કહ્યું છે કે **एषह्येव आनंदयाति** તેજ આનંદ આપે છે. એ ફળ જ્ઞાનીને પણ દુર્લભ છે. તો દુરાગ્રહી કર્મ જડને તો કયાંથી મળે ?

સમાપ્ત.

